ISSN-0971-8397

# યોજના

મે ૨૦૧૮ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨

## પોષણ

**POSHAN અભિયાનઃ સમન્વય, ટેકનોલોજીનો ઉપયોગ અને લક્ષિત અભિગમ મારફતે કુપોષણ નિવારવાનો ઉપાય**

રાકેશ શ્રીવાસ્તવ

**ભારતમાં પોષણ સંબંધી પડકારોનો સામનો કરવામાં આરોગ્ય સેવાઓની ભૂમિકા**

પ્રેમા રામચંદ્રન

**ખાસ લેખ**

**ખાદ્યથી પોષણ સુરક્ષા તરફ પ્રગતિ**

એમ.એસ. સ્વામીનાથન

**ફોક્સ લેખ**

**ભારતમાં પોષણની પરિસ્થિતિ**

શમિકા રવિ

### બદલાતું ભારત

**વિકાસને વેગ આપવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન**

હિરણમોય રોય

**ભારતમાં નાણાકીય સમાવેશ : આગળનો માર્ગ**

ચરણ સિંઘ

# ડિફેન્સ એક્સપો ૨૦૧૮માં વડાપ્રધાન




ચેન્નઈમાં ૧૧ -૧૪ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન ૧૦મા ડિફેન્સ એક્સપો ઇન્ડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર બે વર્ષે યોજાતું આ પ્રદર્શન ભૂમિદળ, નૌકાદળ અને આંતરરાષ્ટ્રીય હોમલેન્ડ સિક્યુરિટી સિસ્ટમ પર હતું. તેનું ઉદઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતની ડિફેન્સ (સંરક્ષણ) ક્ષેત્રે ઉત્પાદનની ક્ષમતાઓ ડિફેન્સ એક્સ્પો ૨૦૧૮માં દુનિયાને બતાવવામાં આવી હતી. 'ઇન્ડિયાઃ ધ ઇર્મજિંગ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ હબ' (ભારતઃ ઉભરતું સંરક્ષણ ઉત્પાદન હબ) નામથી શરૂ થયેલા આ પ્રદર્શનમેળામાં ભારતની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાઓ દુનિયા સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ એક્સપોમાં ૬૭૦ સંરક્ષણ કંપનીઓએ ભાગ લીધો હતો જેમાં ૧૫૪ આંતરરાષ્ટ્રીય અને ૫૦૦ સ્થાનિક સંરક્ષણ કંપનીઓનો સમાવેશ થાય છે. આ એક્સપોમાં ભારતના નોંધપાત્ર જાહેર ક્ષેત્રની શક્તિઓને લોકો સમક્ષ આગળ ધરવામાં આવી હતી અને ભારતના વધી રહેલા ખાનગી ઉદ્યોગ તેમજ ભાગો (ઓજારો) અને પેટા-સિસ્ટમ્સ માટે પ્રસરી રહેલા એમએસએમઈ પાયા પરથી પણ પડદો ઉઠાવવામાં આવ્યો હતો.

આ એક્સ્પોમાં ભાગ લેનારી ભારતીય કંપનીઓમાં ટાટા, એલ એન્ડ ટી, કલ્યાણી, ભારત ફોર્જ, મહિન્દ્રા, એમ.કે.યુ., ડી.આર.ડી.ઓ., એચ.એ.એલ, બી.ઈ.એલ., બી.ડી.એલ., બી.ઈ.એમ.એલ., એમ.ડી.એલ., જી.આર.એસ.ઈ., જી.એસ.એલ., એચ.એસ.એલ., મિધાની, ઓર્ડિનન્સ ફેક્ટરીઝ અને અન્ય સંખ્યાબંધ કંપનીઓનો સમાવેશ થાય છે. બીજી તરફ ડિફેન્સ એક્સપો ૨૦૧૮માં ભાગ લેનારી મુખ્ય આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં લોકહેડ માર્ટિન, બોઈંગ (યુએસએ), સાબ (સ્વીડન), એરબસ, રાફેલ (ફ્રાન્સ), રોસોનબોરોન એક્સપોર્ટ્સ, યુનાઈટેડ શિપબિલ્ડિંગ (રશિયા), બીએઈ સિસ્ટમ્સ (યુકે), સિબેટ (ઈઝરાયલ), રેટસિલા (ફિનલેન્ડ) , રોડે એન્ડ સ્વાર્ઝ (જર્મની) સહિત અન્ય ઘણી મોટી કંપનીઓનો સમાવેશ થાય છે.

ઉદઘાટન સમારંભમાં આપેલા વક્તવ્યમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, મેક ઇન ઇન્ડિયા અને મેક ફોર ઇન્ડિયા માટે પોતાની નીતિનો અમલ કરવા માટે ભારત પાસે આટલી મજબૂત પરિસ્થિતિનું નિર્માણ અગાઉ ક્યારેય નહોતું થયું. તેમણે કહ્યું કે, આપણા લોકોના સંરક્ષણ અને આપણી સરહદોના સંરક્ષણ માટે અમારી જેટલી કટીબદ્ધતા છે એટલા જ અમે શાંતિ માટે પણ કટીબદ્ધ છીએ. અને આના માટે, આપણા સશસ્ત્ર દળોને સજ્જ કરવા માટે જે પણ શસ્ત્રોની જરૂર હોય તે ઉપલબ્ધ કરાવવા માટે અમે તૈયાર છીએ જેમાં અમે વ્યૂહાત્મક રીતે સ્વતંત્ર સંરક્ષણ ઔદ્યોગિક કોમ્પ્લેક્સની સ્થાપના સહિતના તમામ પગલાં લેવાં માટે તૈયાર છીએ. વડાપ્રધાને અહી વધુમાં ઉમેર્યું હતું કે, આ સરકાર દ્વારા 'ઇનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ' (સંરક્ષણ શ્રેષ્ઠતા માટે ઈનોવેશન) સ્કીમ લોન્ચ કરવામાં આવી છે. સમગ્ર દેશમાં સંરક્ષણ ઇનોવેશન હબ ઉભા કરવામાં આવશે. આ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારાત્મક પગલાંનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, સંરક્ષણ ઉત્પાદન લાઈસન્સ, સંરક્ષણ ઓફસેટ્સ, સંરક્ષણ નિકાસ માટે ક્લિઅરન્સ, સંરક્ષણ ઉત્પાદનમાં સીધા વિદેશી રોકાણ (ફોરેન ડારેક્ટ ઈન્વેસ્ટમેન્ટ) અને ડિફેન્સ પ્રોક્યુરમેન્ટ (સંરક્ષણ પ્રાપ્તિ)ની પ્રક્રિયાઓ આ ઈન્ડસ્ટ્રીને વધુ અનુકૂળ બનાવાયા છે અને તેમાં વધુ પારદર્શકતા લાવવામાં આવી છે, તેના વિશે વધુ સારી રીતે અનુમાન લગાવી શકાય છે અને પરિણામલક્ષી તૈયાર કરવામાં આવી છે.

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

મે-૨૦૧૮

# યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

**વર્ષ : ૪૬ અંક : ૨ સળંગ અંક : ૮૦૯ કિંમત: ₹ ૨૨**

**મુખ્ય તંત્રી**
દીપિકા કચ્છલ

**વરિષ્ઠ તંત્રી**
નવલસંગ પરમાર

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/ડિમાન્ડ ડ્રાફટથી ઉપરના સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે "yojanagujarati@gmail.com" પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.
સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.

યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.
E-mail : yojanagujarati@gmail.com
કુલ પાના : ૫૨

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

## વિષયસૂચિ

**POSHAN અભિયાનઃ સમન્વય, ટેકનોલોજીનો ઉપયોગ અને લક્ષિત અભિગમ મારફતે કુપોષણ નિવારવાનો ઉપાય**
રાકેશ શ્રીવાસ્તવ......૫

**ભારતમાં પોષણ સંબંધી પડકારોનો સામનો કરવામાં આરોગ્ય સેવાઓની ભૂમિકા**
પ્રેમા રામચંદ્રન......૯

**ખાદ્યથી પોષણ સુરક્ષા તરફ પ્રગતિ**
એમ.એસ. સ્વામીનાથન......૧૭

**ભારતમાં પોષણની પરિસ્થિતિ**
શમિકા રવિ......૨૦

**વિકાસને વેગ આપવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન**
હિરણમોય રોય......૨૫

**ભારતમાં નાણાકીય સમાવેશ : આગળનો માર્ગ**
ચરણ સિંઘ......૩૧

**રાષ્ટ્રીય સલામતી : જાહેર વિતરણ વ્યવસ્થાની ભૂમિકા**
ડૉ. પુલ્લૈયા ડુડેકુલા......૩૬

**સામાજિક સમાવેશિતાનાં પગલાઓ – નબળા વર્ગ તરફ હાથ લંબાવીએ**
વી. શ્રીનિવાસ......૪૧

**ઉત્તર-પૂર્વને મુખ્ય પ્રવાહમાં લાવવાની જહેમત**
એસ.જે. ચીરૂ......૪૫

**શું તમે જાણો છો ?**
માતા, નવજાત અને શિશુ સ્વાસ્થ્ય માટે ભાગીદારી......૪૯


## ટાઇટલ

૧. આવરણ ડિઝાઇન
૨. વિકાસનો રોડમેપ
૩. ઇન્ડિયા ૨૦૧૮ ઇબુક જાહેરાત
૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો

તંત્રીલેખ

# યોજના

## પોષણઃ વિકાસ માટેની ચાવી




વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર આશરે ૧.૨ અબજની વસતિ ધરાવતું ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧.૬ અબજ લોકોની વસતિ સાથે દુનિયાનો સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બનશે. હાલમાં તે વિશ્વની વસતિમાં ૧૭ ટકા હિસ્સો ધરાવે છે. આ રીતે આહાર અને પોષણની સલામતી એ ભારત માટે એક પડકારજનક બાબત છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે તંદુરસ્ત શ્રમદળ એ પૂર્વ શરત છે. આ હકીકત પારખીને વસતિની આરોગ્ય અને પોષણની સ્થિતિમાં સુધારાને હંમેશાં ઉચ્ચ અગ્રતા આપવામાં આવી રહી છે. ભારતના બંધારણની કલમ-૪૭માં દર્શાવાયું છે કે ''પોષણ અને લોકોની જીવનશૈલી ઉંચે લઈ જવામાં રાજ્ય ધ્યાન આપશે અને તેની પ્રાથમિક ફરજોમાં જાહેર આરોગ્યમાં સુધારાનો સમાવેશ કરશે.''

ભારતના નીતિ ઘડનારા સમુદાયે હંમેશાં આરોગ્ય અને આહાર સુરક્ષાને અગ્રતા આપી છે. એક પછી એક પંચવર્ષિય આયોજનોમાં નીતિ ઘડવામાં આવી અને ચોક્કસ સમય ગાળામાં આહાર સુરક્ષા અને પોષણની સ્થિતિ સુધારવા માટે બહુલક્ષી વ્યૂહરચનાઓ ઘડવાનો તથા તે માટે જરૂરી ભંડોળ ફાળવવાની બાબતને નિર્દેશ આપ્યો છે.

સરકાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પાયાની આરોગ્યલક્ષી સેવાઓ કાર્યક્ષમ રીતે સાર્વત્રિક ધોરણે ઉપલબ્ધ થાય તેને વ્યાપક મહત્વ આપી રહી છે. આને પરિણામે દુષ્કાળો અને અનાજની ભારે અસલામતીનું હવે કોઈ જોખમ રહ્યુ નથી. જો કે, દેશના વિવિધ પ્રદેશોમાં મોસમી આહાર અસુરક્ષા ઘણીવાર માથુ ઉંચકે છે. અપૂરતા પોષણ અને માઈક્રો ન્યુટ્રિયન્ટની ઊણપો નિવારવાને કારણે વસતિના લગભગ તમામ વર્ગોની કુપોષણની સ્થિતિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

વર્તમાન સરકાર માટે માતા અને બાળકોને અપૂરતુ પોષણ જાહેર આરોગ્ય માટેની રાષ્ટ્રીય ચિંતા અને નીતિ વિષયક અગ્રતા બની રહી છે. ભારત ૪૦ મિલિયનથી વધુ કુંઠીત અને ૧૭ મિલિયન કુપોષિત (૫ વર્ષથી ઓછી વયના) બાળકોનું ઘર છે.

અપૂરતુ પોષણ એ એક એવી સ્થિતિ છે જે અપૂરતો ખોરાક લેવાથી અથવા તો આવશ્યક પોષક તત્વો અપૂરતા મળવાને કારણે ઉભી થાય છે. તેને કારણે શારીરિક અને માનસિક આરોગ્ય કથળે છે. આહારની ઉપલબ્ધિ અંગે પ્રાદેશિક અસમાનતા, અપૂરતા પોષણની અલગ અલગ સ્થિતિ તરફ દોરી જાય છે. આવી સ્થિતિ શહેરોની તુલનામાં ગામડામાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આવી સ્થિતિ સ્થાનિક સ્તરે માનવ સ્રોતોમાં અને મહત્વના આરોગ્યલક્ષી મૂડી રોકાણ બાબતે ચોક્કસ પ્રદેશ માટે અલગ એક્શન પ્લાન માંગી લે છે.

રાષ્ટ્રિય પોષણ મિશન (NNM) એ આ ક્ષેત્રે થયેલી નોંધપાત્ર ગતિવિધિ છે. એમાં વ્યાપક નાણાકીય સ્રોતો ધરાવતી મધ્યસ્થ નોડલ એજન્સીની રચના કરવામાં આવી છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારોની વિવિધ યોજનાઓ વચ્ચે સંકલન કરીને વધારાના નાણાકીય સ્રોતો દ્વારા તેનો અમલ કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ તબક્કાવાર તમામ રાજ્યો અને જીલ્લાઓને આવરી લેવાશે. ત્રણ વર્ષના ગાળામાં ન્યુટ્રીશન મિશન હેઠળ કુલ રૂ.૯૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ મિશનની મુખ્ય વ્યૂહરચનામાં વિકેન્દ્રિત વહિવટી વ્યવસ્થાની સાથે સાથે રાજ્યોને તથા જીલ્લાઓને સ્થાનિક સ્તરે ફેરફારની સુગમતા કરી આપીને જવાબદેહિતા અને પ્રોત્સાહનોના માળખાની તેમજ મોનિટરીગની મજબૂત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેનાથી સ્થાનિક ઉપાયોને પ્રોત્સાહન મળશે. આ કાર્યક્રમમાં લક્ષ્યાંકો સુનિશ્ચિત કરવામાં આવ્યા છે અને કુંઠીતતા, અપૂરતુ પોષણ, એનિમિયા અને ઓછું વજન ધરાવતા બાળકો જન્મે તેવી સ્થિતિ ઘટાડવાના પ્રયાસો કરાયા છે. આ કાર્યક્રમનો લાભ ૧૦ કરોડથી વધુ લોકોને મળવાની સંભાવના છે.

ખોરાકની તંદુરસ્ત પ્રણાલી એ વર્તણૂંકલક્ષી ફેરફાર સમાન છે. લોકો ખોરાકની યોગ્ય પ્રણાલીને અનુસરે તે માટે સરકારી દરમ્યાનગિરી અને મોટાપાયે સામુદાયિક સામેલગિરી આવશ્યક બને છે. NNM હેઠળ તમામ રાજ્યો અને જીલ્લાઓને તબક્કાવાર આવરી લેવામાં આવશે, એટલે કે વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૧૫ જીલ્લા, વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૩૫ જીલ્લા અને બાકીના જીલ્લાઓને વર્ષ ૨૦૧૯-૨૦માં આવરી લેવામાં આવશે. એકરૂપતા ઉભી કરવા તરફ મુખ્ય ઝોક આપવામાં આવશે, બહેતર મોનિટરિંગ કરાશે તથા રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોને લક્ષિત ધ્યેય હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કરાશે. સંચાલનના આવા સ્પષ્ટ રોડ મેપ દ્વારા NNM એ કદાચ સરકારનો અત્યંત મહત્વાકાંક્ષી કાર્યક્રમ બની રહેશે.

પૂરતી માળખાગત સુવિધાઓ અને સગવડો ઉપલબ્ધ થાય તો જ તંદુરસ્ત લોકો રાષ્ટ્રની વૃધ્ધિમાં પ્રદાન કરી શકે. આથી તંદુરસ્ત ભારતની ખાત્રી માટે કદમ ભરતા પહેલાં, સરકારે પણ નાગરિકોની નાણાકીય અને સામાજીક સુરક્ષા માટે વ્યાપક પગલાં ભરવાના રહે. આ બાબતને સ્વચ્છ ભારત, સ્કીલ ઈન્ડિયા અને ડીજીટલ ઈન્ડિયા કેમ્પેઈન જેવા મિશન સાથે જોડીને મજબૂત માળખુ ઉભુ કરીને ભારતને વિશ્વના નકશામાં મોખરે મૂકી શકાય.

# POSHAN અભિયાનઃ સમન્વય, ટેકનોલોજીનો ઉપયોગ અને લક્ષિત અભિગમ મારફતે કુપોષણ નિવારવાનો ઉપાય

રાકેશ શ્રીવાસ્તવ


POSHAN Abhiyaan
PM's Overarching Scheme for Holistic Nourishment
सही पोषण – देश रोशन

> દરેક રાજ્ય/ જીલ્લાએ કન્વર્ઝન્સ એકશન પ્લાન તૈયાર કરવાની જરૂર છે, જેમાં તેમને નડતા ચોકકસ અવરોધો અને મુશ્કેલીઓને ટૂંકા મધ્યમ કે લાંબા ગાળે નિવારવાની યોજના ઘડી કાઢવી જોઈએ. દેશભરમાં અપૂરતા પોષણનો બોજ બાબતે આપણે ચમત્કારિક તફાવતની અપેક્ષા રાખીએ તે પહેલાં આપણે તમામ જરૂરી પ્રક્રિયાઓ હાથ ધરવી જોઈએ.

એક હકીકત જાણીતી છે કે કુપોષણનીસ્થિતિએમાત્રએક નહી, પણ વિવિધ ચોકકસ પરિબળોનુંપરિણામછે.આપરિબળોઅપૂરતા પોષણનીસ્થિતિનોબોજસતતચાલુરાખવાની ભૂમિકાભજવેછેઅનેઆપણીઈચ્છીતમાનવ સંસાધન ક્ષમતા એકથી બીજી પેઢી સુધી અવરોધતાં રહે છે. આ સાચી ક્ષમતા હાંસલ કરવા માટે અને ગ્લોબલ સુપરપાવરની ભૂમિકા બજાવવા માટે ભારતે કુપોષણની નાબૂદી માટે ધ્યાન કેન્દ્રિત કરવુ પડશે કે જેથી આવનારી પેઢીઓ તંદુરસ્ત હોય, વધુ બૌધ્ધિક ક્ષમતાધરાવતીહોયઅનેકામમાંઉત્પાદકતાનો વધારોકરીશકતીહોય. આપરિબળઆપણને મેક ઈન ઈન્ડિયા, ડીજીટલ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, જેવાં બિંદુઓને જોડીને એક રાષ્ટ્ર તરીકેનીઆપણીઈચ્છીતક્ષમતાહાંસલકરવામાં સહાયભૂતથઈશકે.

તા.૮માર્ચ,૨૦૧૮નારોજ,માનનીય પ્રધાનમંત્રીએ રાજસ્થાનના ઝૂનઝૂનુ ખાતેથી POSHAN અભિયાનઃ (PM's Overarching Scheme for Holistic Nourishment) નો પ્રારંભ કર્યો. આ કાર્યક્રમમાંસમગ્રપણે ટેકનોલોજીના ઉપયોગ વડે એક લક્ષિત અભિગમ અને કુંઠીતતાનું, લોહીની ઉણપ (anaemia)નું, અપૂરતા પોષણનું બાળકને દૂધ (ધાવણ) આપતી માતાઓના આરોગ્યનું સ્તર સુધારીને કુપોષણનીસમસ્યાહલકરવાનુધ્યેયહતું. આ કાર્યક્રમમાં કિશોર વયની બાળાઓ, સગર્ભા અનેબાળકનેધાવણઆપતીમાતાઓનેઆવરી લઈનેકુપોષણનેસમગ્રપણેહલકરવાનોઉદ્દેશ છે.આકાર્યક્રમનોઉદ્દેશટેકનોલોજીનાઉપયોગ, રૂપાંતરણ (Convergence) દ્વારા વર્તણૂંકમાં ફેરફારકરીતેમજદેખરેખનાવિવિધમાપદંડને અનુસરીનેવિવિધલક્ષ્યાંકોનક્કીકરીઆગામી થોડાક વર્ષમાં સર્વિસ ડિલીવરી અને દરમ્યાનગીરીની ખાતરી રાખવાનો હતો. સમગ્રલક્ષી અભિગમની ખાત્રી માટે તમામ ૩૬રાજ્યો/કેન્દ્રશાસિતપ્રદેશોતથાજીલ્લાઓને તબક્કાવારઆવરીલેવાનીયોજનાછે, એટલે કેવર્ષ૨૦૧૭-૧૮માં૩૧૫જીલ્લા, ૨૦૧૮-૧૯માં ૨૩૫ જીલ્લા અને બારીના જીલ્લા વર્ષ ૨૦૧૯-૨૦માં આવરી લેવાની યોજના છે. આ કાર્યક્રમને કારણે ૧૦ કરોડથી વધુ લોકોને લાભ થશે અગાઉ ક્યારેય પોષણની યોજનાને ઉચ્ચ સ્તરે આટલું વિશેષ મહત્વ આપવામાં આવ્યું નથી.

POSHANઅભિયાનનાઘટકો




**આકૃતિ ૧**

રૂપાંતરણ (Convergence) CAP

ICDC-CAS

વર્તણુંકમાંફેરફાર

CBE,IECનોપ્રચાર,જનઆંદોલન

પ્રોત્સાહનો

ઈનોવેશન્સ

તાલિમઅનેક્ષમતાનિર્માણ

(ILA)ફરિયાદનિવારણ(કોલસેન્ટર)

**POSHAN અભિયાન**

કેન્દ્રઅનેરાજ્ય/કેન્દ્રશાસિતપ્રદેશોના વિવિધમંત્રાલયો/વિભાગોકુપોષણનીસ્થિતિ નિવારવા માટે જરૂરી પગલાં અલગ અલગ રીતે લઈ રહી છે. રાજ્ય/ કેન્દ્ર શાસિત પ્રદેશો આ પ્રકારની તમામ યોજનાઓ માટે સર્વોચ્ચ અમલીકરણ એજન્સીઓ છે. આથી આ પ્રકારની દરમ્યાનગિરીઓમાં એકરૂપતાનો અભિગમદાખવીનેઅસરકારકરીતેકુપોષણની સ્થિતિને હલ કરવા માટે રૂપાંતરણ (Convergence)ની જરૂરછે. કેન્દ્રસરકારના સ્તરે રૂપાંતરણ હાંસલ કરવા માટે નેશનલ કાઉન્સિલ ફોર ન્યુટ્રીશન અને POSHAN અભિયાન માટે એકઝિક્યુટિવ સમિતીની રચના કરવામાં આવી છે બંનેમાં અભિયાનના સહયોગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમાન પ્રકારે રાજ્ય સરકાર, જીલ્લા તથા બ્લોકના સ્તરે સ્તરે રૂપાંતરણ એકશન પ્લાન દ્વારાઅમલીકરણઅનેમોનિટરિંગનીવ્યવસ્થા ગોઠવાશે. VHSN ડે ગામના સ્તરે રૂપાંતરણ (Convergence) તમામ અધિકારીઓને ભાગલેવામાટેનુંપ્લેટફોર્મપૂરુંપાડશે.

| | | | |
|---|---|---|---|
| મહિલા અને બાળ વિકાસ મંત્રાલય | ● આંગણવાડી સર્વિસીસ<br>● પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય | ● જનની સુરક્ષા યોજના (JSY)<br>● નેશનલ હેલ્થ મિશન |
| પીવાનુ પાણી અને સ્વચ્છતા મંત્રાલય | ● સ્વચ્છ ભારત મિશન | ગ્રામ વિકાસ મંત્રાલય | ● મહાત્મા ગાંધી નેશનલ રૂરલ રોજગાર ગેરંટી સ્કીમ<br>● આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ |
| ● ગ્રાહક બાબતો આહાર અને જાહેર વિતરણ વિભાગ | ● જાહેર વિતરણ વ્યવસ્થા | પંચાયતી રાજ મંત્રાલય | ● ગ્રામ પંચાયતોને રૂપાંતરણ માટે સક્રિય કરવી |
| માહિતી અને પ્રસારણ મંત્રાલય | આદિવાસી બાબતોનું મંત્રાલય | શાળા શિક્ષણ, સાક્ષરતા અને માનવ સંસાધન વિભાગ | ● શહેરી વિકાસ મંત્રાલય |

**આકૃતિ-૨ રૂપાંતરણનુ માળખુ**

આ અભિયાનથી એટલે કે આંગણવાડી કાર્યકરો અને મહિલા સુપરવાઈઝરોનું તેમને સ્માર્ટફોન પૂરા પાડીને મોખરાના સ્તરે કામ કરતા અધિકારીઓનુ શક્તિકરણ થાય છે. સોફટવેર એપ્લિકેશન, ICDS કોમન એપ્લિકેશન પ્લેટફોર્મ ખાસ આ હેતુ માટે વિકસાવવામાં આવ્યું છે. તેનાથી ડેટા મેળવવાનું , સોંપેલી સર્વિસ પૂરી પાડવામાં મળે તથા જરૂર હોય ત્યાં ઝડપી દરમ્યાનગીરી કરી શકાય છે. આ ડેટા ડેશબોર્ડ મોનિટરિંગ મારફતે નજીકના બ્લોક, જીલ્લા, રાજ્ય કે રાષ્ટ્રિય સ્તરે સુપરવાઈઝરી સ્ટાફને મોન્ટરીંગ માટે રિયલ ટાઈમ ધોરણે ઉપલબ્ધ કરી શકાય છે. મોબાઈલ ઉપકરણો એકત્ર કરવાનું અને વિતરણ કરવાની કામગીરી એ આ પ્રોજેકટનો હિસ્સો છે. આ એપ્લિકેશન

દ્વારા ICDS સર્વિસ ડિલિવરીની સિસ્ટમને વિસ્તૃત કરીને મજબૂત કરાય અને અસરકારક મોનિટરીગ અને સમયસરનની દરમ્યાનગીરી દ્વારા પોષણનાં પરિણામો ઉપર ધ્યાન રાખવાની આ વ્યવસ્થા છે. સોફ્ટવેર વડે ફિલ્ડમાંથી ઈલેક્ટ્રોનિક સાધનો (મોબાઈલ/ સ્માર્ટફોન) દ્વારા ડેટા એકત્ર કરવાનું શક્ય બને છે. તેનાથી ICDS સર્વિસ ડિલિવરીની માહિતી એકત્ર કરી શકાય છે અને નિયમિત ધોરણે લાભાર્થીઓ ઉપર પોષણના પરિણામ તરીકે થતી અસરનું મોનિટરિંગ કરી શકાય છે. આ માહિતી રિયલ ટાઈમ ધોરણે વેબ-આધારિત ડેશબોર્ડ દ્વારા રાજ્ય અને મહિલા તથા બાળ વિકાસ વિભાગને ઉપલબ્ધ કરાય છે. તેના દ્વારા ICDS સર્વિસ ડિલિવરી સુધારવાનો અને મિશનનું અસરકારક રીતે આયોજન કરીને હકિકતને આધારે નિર્ણય લેવાની પધ્ધતિ લાગુ કરવાનો ઉદ્દેશ છે.

| લોકેશન મેપિંગ ૧.૪ આંગણવાડી કેન્દ્રોનુ (જીપીએસ) મેપીગ | આંગણવાડી વર્કરને મોબાઈલ અને સુપરવાઈઝરને ટેબ્લેટ | છ સ્તરની રિયલટાઈમ રિપોટિંગ પધ્ધતિ | સમન્વય અને સહયોગ | નામ અને આધારને આધારે લાભાર્થીઓની દેખરેખ (ટ્રેકીગ) |
|---|---|---|---|---|
| ● કુલ વસતી<br>● લક્ષિત જૂથ નક્કી કરવાં<br>● માળખાગત સુવિધાઓ<br>● ફિલ્ડના અધિકારીઓ<br>● આંગણવાડી કેન્દ્રોના અધિકારીઓ | ● અતિશય મહેનત ઘટાડવી<br>● કાર્યક્ષમતા વધારવી<br>● કાઘલ ઉપરનાં રજીસ્ટર નાબૂદ કરવાં | ઓનલાઈન રિયલ ટાઈમ રિપોટ'ગ સિસ્ટમ દ્વારા સેકટર્સ, બ્લોકસ, જિલ્લા રાજ્યો અને MWCD આંગણવાડી કેન્દ્રો સુધી પહોંચીને ક્ષમતા વધારશે | AWW અને ASHA /ANM વચ્ચે કામગીરીની એકરૂપતા સ્થાપિત કરવી | અત્યંત કુપોષણ ધરાવતાં અને અપૂરતુ પોષણ ધરાવતા લોલોની ઓળખ |

**આકૃતિ- ૩ : ICDS કોમન એપ્લિકેશન સોફ્ટવેર**

કુપોષણની સમસ્યા એકથી બીજી પેઢીમાં ચાલી આવતી હોય છે અને તેનુ કારણ અન્ય પરિબળો ઉપરાંત નવજાત અને નાના બાળકને વધુને વધુ ફીડીંગ (IYCF) કરાવવાની પ્રણાલી, રસીકરણ, સંસ્થાકિય ડિલિવરી વિવિધ પરિબળો હોય છે. બાળપણમાં નાની વયે થયેલો વિકાસ, આહારનું ફોર્ટીફિકેશન, ડીવોમ'ગ, પીવાના સલામત પાણીની ઉપલબ્ધી, યોગ્ય સ્વચ્છતા, (WASH) આહારનું વિવધીકરણ વગેરે અન્ય સંબંધિત બાબતોના પ્રમાણ ઉપર આધાર રાખે છે. આથી ખાસ કરીને બાળકોમાં કુંઠિત સ્થિતિ, ઓછુ વજન, અને કુપોષણના ઉપાય માટે વિવિધલક્ષી અભિગમ તથા પાયાને સાતરે મોટા પાયે એકરૂપતા અને સમન્વય દાખવવાના સાતત્યપૂર્ણ પ્રયાસો આવશ્યક બની રહે છે. આ સમસ્યા માત્ર સામાજીક અને વર્તણુંકલક્ષી પરિવર્તન દ્વારા હાંસલ કરી શકાય છે. POSHAN ના આ પાસામાં વિવિધલક્ષી અભિગમ અપનાવીને જન સમુદાયને પો,ણ બાબત સભાન સમાજની રચના કરવી જરૂરી બને છે. આંગણવાડી કેન્દ્રોમાં સમુદાય આધારિત સમારંભો યોજી લાભાર્થીઓ તથા તેમના પરિવારને સાંકળીને પોષણલક્ષી જાગૃતિ, સતત જાહેર માધ્યમોનો ઉપયો, મલ્ટી મિડીયા, આઉટડોર ઝુંબેશો તથા તમામ મોખરાના અધિકારીઓ, સ્વ-સહાય જૂથો તથા સ્વયંસેવકોને મ એકરૂપતા દ્વારા સજ્જ કરીને તથા કેટલીક પધ્ધતિઓ અપનાવીને પોષણ અંગે જાગૃતિ પેદા કરી શકાય. આ પ્રવૃત્તિનો ઉદ્દેશ પોષણ અંગે જનઆંદોલન ઉભુ કરવાનો છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય એ એકંદર અમલીકરણનુ સંકલન કરતુ મધ્યસ્થ મંત્રાલય છે, ઉપર જણાવ્યું છે તે મુજબ વિઝન એવુ છે કે આ બધાં મંત્રાલયો કુપોષણની પરિસ્થિતિ હલ કરવા માટે સાથે મળીને કામ કરે. અગાઉ ભારતમાં રાષ્ટ્રીય સ્તરે કુપોષણની સમસ્યાને હલ કરવા માટે ક્યારેય આટલા બધા પ્રોગ્રામનો એક સાથે એકઠા કરવામાં આવ્યા નથી. પ્રધાન મંત્રીની કચેરી અમલીકરણ બાબતે દર છ મહિને સમિક્ષા કરશે અને આવી જ સમિક્ષા રાજ્ય સરકારના સ્તરે કરવામાં આવે તેવી અપેક્ષા છે અને આ પ્રક્રિયાને દરેક જીલ્લામાં જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા દર ૩ મહીને ૧૦મી જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓકટોબર માસમાં સમિક્ષા કરીને

મજબૂત બનાવાય તેવી અપેક્ષા છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-4)માં ભારપૂર્વક દર્શાવવામાં આવ્યું છે તે મુજબ રાજ્ય-રાજ્ય વચ્ચે અને જીલ્લા- જીલ્લા વચ્ચે અપૂરતા પોષણમાં તફાવત ઘણો વ્યાપક છે. આથી દરેક રાજ્ય/ જીલ્લાએ કન્વર્ઝન્સ એકશન પ્લાન તૈયાર કરવાની જરૂર છે, જેમાં તેમને નડતા ચોકકસ અવરોધો અને મુશ્કેલીઓને ટૂંકા મધ્યમ કે લાંબા ગાળે નિવારવાની યોજના ઘડી કાઢવી જોઈએ. દેશભરમાં અપૂરતા પોષણનો બોજ બાબતે આપણે ચમત્કારિક તફાવતની અપેક્ષા રાખીએ તે પહેલાં આપણે તમામ જરૂરી પ્રક્રિયાઓ હાથ ધરવી જોઈએ. આ અભિયાનમાં બહેતર સર્વિસ ડિલીવરી હાંસલ કરવા માટે તથા સાથે મળીને લક્ષ હાંસલ કરવા માટે સિધ્ધિ વહેલી હાંસલ કરનાર રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના માટે આંગણવાડી, ASHA અને ANM કાર્યકરો જેવા પ્રથમ હરોળના લોકોને ટીમ આધારિત પ્રોત્સાહન સાથે જોડવા જોઈએ. કામગીરી નહી બજાવી શકનારા રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો/ જીલ્લાઓ/ બ્લોક/ આંગણવાડી કેન્દ્રો માટે ચોકકસ બાબતોમાં ધ્યાન કેન્દ્રિત કરીને સપોર્ટ તથા હાથ પકડીને આગળ લઈ જવાની કામગીરી કરવી જોઈએ, જેથી તે બહેતર કામગીરી બજાવી શકે.

આ રીતે POSHAN અભિયાન એ આપણ સૌને, તમામ સહયોગીઓને સાથે લાવવાનો, જવાબદારી સોંપવનો પ્રયાસ છે, જેથી દેશ તેના ૧૩૦ કરોડ માનવ સ્ત્રોતોના વસતિલક્ષી ડિવિડન્ડ બાબતે ઈચ્છીત પરિણામો લાવવાની કામગીરી પૂરી કરી શકે.

**લેખક ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ છે. તે પોષણ, મહિલા કલ્યાણના ક્ષેત્રે વ્યાપક સ્વરૂપ ધરાવતા સરકારી કાર્યક્રમોના અમલીકરણનો વ્યાપક અનુભવ ધરાવે છે.**

**Email**
**secy.wcd@nic.in**

**"યોજના"**
**ગુજરાતી માસિક**
**છેલ્લા ૪૩ વર્ષથી પ્રકાશિત થાય છે.**

# યોજના

**વિકાસને સમર્પિત માસિક**
**યોજનાનું લવાજમ**
**આજે જ ભરો**

'યોજના' માસિકમાં વિકાસાત્મક લેખો સહિત સામાજિક, આર્થિક અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવે છે. યોજના માસિકમાં જુદા જુદા વિષયોના તજજ્ઞો દ્વારા અભ્યાસપૂર્ણ તેમજ માહિતી સભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે.
યોજના માસિક વિદ્યાર્થીઓ અને જે તે વિષયના તજજ્ઞો માટે બહુ ઉપયોગી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે યોજના સામાયિક વસાવવું જરૂરી છે.

**લવાજમના દર**

| | |
|---|---|
| છુટક નકલ | ₹. ૨૨.૦૦ |
| વિશેષાંક | ₹. ૩૦.૦૦ |
| એક વર્ષનું લવાજમ | ₹. ૨૩૦.૦૦ |
| બે વર્ષનું લવાજમ | ₹. ૪૩૦.૦૦ |
| ત્રણ વર્ષનું લવાજમ | ₹. ૬૧૦.૦૦ |

લવાજમ મનીઓર્ડર, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯. ના સરનામે મોકલવું. મનીઓર્ડર, ચેક, ડિમાન્ડડ્રાફ્ટ દ્વારા લવાજમ મોકલનારે કવરીંગ લેટરમાં પૂરું નામ, સંપૂર્ણ સરનામું, પીનકોડ નંબર, મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ સુવાચ્ય અક્ષરોમાં લખીને ઉપરના સરનામે મોકલવું.
યોજના ગુજરાતીનું ઓનલાઈન લવાજમ ભરવા માટે :
**(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana**
**(2) http://yojana.gov.in/**
**(3)http://publicationsdivision.nic.in/Subscription.aspx** વેબસાઈટ પરથી પણ ભરી શકાશે. યોજના માસિકની વધુ માહિતી મેળવવા માટે **yojanagujarati@gmail.com**_પર ઈમેલ કરવો.

# ભારતમાં પોષણ સંબંધી પડકારોનો સામનો કરવામાં આરોગ્ય સેવાઓની ભૂમિકા

પ્રેમા રામચંદ્રન



સંકલિત બાળ વિકાસ સેવાઓ (આઈએસડીએસ)નો હેતુ જરૂરી પોષક તત્વો અને વાસ્તવિક આહાર ગ્રહણની વચ્ચે રહેલા તફાવતને પૂર્ણ કરવા સમાજના ગરીબ અને સિમાંત વર્ગોના બાળકોને પૂરક આહાર પૂરો પાડવાનો છે. આઈસીડીએસ યોજનાનું અન્ય ઘટક શારીરિક વૃદ્ધીમાં જોવા મળતી અસ્થિરતા અને કુપોષણની પરિસ્થિતિ શરૂઆતના તબક્કામાં જ ધ્યાન ઉપર આવે તે માટે બાળકોનું વજન કરવાનો અને કુપોષિત બાળકો માટે ઉચિત સંચાલન પ્રક્રિયાનો પ્રારંભ કરવાનો છે.

**પ્રસ્તાવના**

ભારત જ્યારે સ્વતંત્ર બન્યું ત્યારે દેશ પોષણ સંબંધિત મુખ્ય બે સમસ્યાઓનો સામનો કરી રહ્યો હતોઃ સતત તોળાતું દુષ્કાળનું જોખમ અને તેના પરિણામે ઓછી ખાદ્ય પેદાશોના ઉત્પાદનના કારણે સખત ભૂખમરો તથા યોગ્ય ખાદ્ય વહેંચણી વ્યવસ્થાની અછત. દેશની અન્ય મુખ્ય સમસ્યામાં ગરીબી, ખાદ્યાન્ન ક્ષેત્રે અસુરક્ષા અને અપૂરતા ખોરાકના આહારના કારણે લોકોમાં લાંબા સમયથી જોવા મળતું કુપોષણ. દુષ્કાળ અને ભૂખમરોને અખબારના મથાળામાં સ્થાન મળતું કારણ કે તે સમસ્યા ગંભીર, સ્થાનિક કક્ષાની હતી અને તેના કારણે ગહન પીડા અને માનવ મૃત્યુ સર્જાતા. પરંતુ લાંબા સમયથી ખોરાકનો ઓછો આહાર કુપોષણ, રોગિષ્ઠ આરોગ્ય અને ભૂખમરા કરતાં પણ વધારે સર્જાતા મૃત્યુ તરફ દોરી જતી વ્યાપક ક્ષેત્રે ફેલાયેલી મૂક સમસ્યા હતી. કુપોષણ અને રોગિષ્ઠ આરોગ્યના પરસ્પર ગાઢ બનતાં વિપરિત પરિણામો દરેક વય જૂથોમાં ઊચ્ચ રોગ અને મૃત્યુદરમાં પરિણમ્યાં અને જન્મ સમયે વ્યક્તિનો આયુષ્યદર માત્ર ૩૫ વર્ષ હતો. માનવ વિકાસ માટે શ્રેષ્ઠ આરોગ્ય અને પોષકતત્વોની આવશ્યકતા અને માનવ સંશાધનો રાષ્ટ્રીય વિકાસના ચાલકબળો હોવાની બાબતને સ્વીકૃતિ આપતાં ભારતના બંધારણનો અનુચ્છેદ ૪૭ જણાવે છે કે, 'રાજ્ય પોષણનું સ્તર અને લોકોનું જીવનધોરણ ઊંચુ લાવશે અને જાહેર આરોગ્યમાં સુધારો તેની પ્રાથમિક ફરજો ગણાશે. દેશના લોકોના પોષણ સંબંધી અને આરોગ્યની સ્થિતિમાં સુધારો કરવા દેશે બહુ-ક્ષેત્રીય અને બહુ-આયામી રણનીતિ સ્વીકારી છે. ક્રમાનુસાર પંચ-વર્ષીય યોજનાઓએ નીતિઓ, રણનીતિઓ હસ્તક્ષેપ કાર્યક્રમોનું દસ્તાવેજીકરણ કરીને જરૂરી ભંડોળો પૂરા પાડ્યાં અને સુનિશ્ચિત સમયગાળામાં પ્રાપ્ત કરવાના લક્ષ્યાંકો નિર્ધારિત કર્યા. તેની પ્રગતિ ઉપર રાષ્ટ્રીય સરવે દ્વારા દેખરેખ રાખવામાં આવતી હતી.'


છેલ્લા ચાર દાયકાઓ દરમિયાન હાથ ધરવામાં આવેલા તમામ રાષ્ટ્રીય પોષણ અને આરોગ્ય સરવેમાં કુપોષણ અને સુક્ષ્મ-પોષણ ખામીઓ, ગંભીર ચેપોના કારણે રોગ અને મૃત્યુદરમાં સતત પણ ધીમો ઘટાડો નોંધવામાં આવ્યો છે. પોષણ અને આરોગ્યની વચ્ચે પારસ્પારિક આદાન-પ્રદાનના કારણે કેટલાક આરોગ્ય હસ્તક્ષેપો આરોગ્ય અને પોષણ સંબંધી સ્થિતિમાં સુધારામાં પરિણમ્યો હતો. છેલ્લા બે દાયકાઓમાં અતિ-પોષણ અને બિન-સંક્રમિત રોગો (એનએસડી)ના ફેલાવામાં ધીમો પરંતુ સ્થિર વધારો જોવા મળ્યો છે. દેશના લોકો અતિ-પોષણના વિપરિત આરોગ્ય પરિણામોથી સંપૂર્ણપણે સજાગ નથી અને સ્થૂળતાને નજરઅંદાજ કરવાનું વલણ ધરાવે છે. પ્રારંભિક તબક્કામાં એનસીડીની કોઇ લાક્ષણિકતાઓ જોવા મળતી નથી, કોઇ સમસ્યાના કારણે જોવા મળેલા લક્ષણોના કારણે દર્દીઓ આરોગ્ય

સારવારનો આશરો લે છે. સ્થૂળતાના આરોગ્ય પરિણામો સંબંધિત જાગૃતતામાં સુધારો હાથ ધરવાની અને સ્થૂળતાના નિવારણ અને સંચાલન માટે કાર્યક્રમોની શરૂઆત કરવાની આવશ્યકતા છે. એનસીડી ધરાવતાં લોકોમાં સામાન્ય પોષણ સંબંધી સ્થિતિ પુનઃપ્રાપ્ત કરવા માટે એનસીડીના સંચાલનના ભાગરૂપે સમાંતર દરમિયાનગીરી શરૂ કરવી પડશે. આ લેખ પોષક તત્વોના બેવડા બોજના યુગમાં પોષણ પડકારોનો સામનો કરવા આરોગ્ય સેવાઓની ભૂમિકાની સંક્ષિપ્ત સમીક્ષા કરે છે.

**પ્રાથમિક શાળાના બાળકોમાં કુપોષણના સ્તરમાં નોંધાયોલો ઘટાડો**

પ્રાથમિક શાળાના બાળકોને કુપોષણ અને બિમાર આરોગ્યની જલદી અસર થવાની સંભાવના ધરાવતા સંવેદનશીલ જૂથ તરીકે ગણવામાં આવે છે. પ્રાથમિક શાળાના બાળકોમાં જોવા મળતું કુપોષણ તેમને ચેપજન્ય બિમારીઓ પ્રત્યે અત્યંત સંવેદનશીલ બનાવે છે, ચેપજન્ય બિમારીઓ તેમની કુપોષણ અને સુક્ષ્મ-પોષક તત્વોની ઉણપની પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે. કુપોષિત બાળકોમાં ગંભીર અથવા વારંવાર લાગતાં ચેપનો જો સમયસર યોગ્ય ઈલાજ કરવામાં ન આવે તો તેના કારણે મૃત્યુ થવાની સંભાવના રહેલી છે. આથી પ્રાથમિક શાળાના બાળકોમાં જોવા મળતી કુપોષણની પરિસ્થિતિ ઘટાડવા માટે તેમને સૌથી પહેલી પ્રાથમિકતા આપવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ સેવાઓ (આઈએસડીએસ)નો હેતુ જરૂરી પોષક તત્વો અને વાસ્તવિક આહાર ગ્રહણની વચ્ચે રહેલા તફાવતને પૂર્ણ કરવા સમાજના ગરીબ અને સિમાંત વર્ગોના બાળકોને પૂરક આહાર પૂરો પાડવાનો છે. આઈસીડીએસ યોજનાનું અન્ય ઘટક શારીરિક વૃદ્ધીમાં જોવા મળતી અસ્થિરતા અને કુપોષણની પરિસ્થિતિ શરૂઆતના તબક્કામાં જ ધ્યાન ઉપર આવે તે માટે બાળકોનું વજન કરવાનો અને કુપોષિત બાળકો માટે ઉચિત સંચાલન પ્રક્રિયાનો પ્રારંભ કરવાનો છે. સિત્તેરના દાયકામાં શરૂઆત કરવામાં આવી હોવા છતાં, આઈસીડીએસનું વૈશ્વિકીકરણ નવી સદીના માત્ર પ્રથમ દાયકામાં જ કરવામાં આવ્યું હતું. છેલ્લા દાયકાઓ દરમિયાન આઈએસડીએસના બન્ને ઘટકો હેઠળ તેના વ્યાપમાં વધારો જોવા મળ્યો છે પરંતુ રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સરવે (એનએફએચએસ) - ૪માંથી પ્રાપ્ત થયેલા આંકડા દર્શાવે છે કે ૨૦૧૫માં પણ બન્ને ઘટકો હેઠળ તેનો વ્યાપ હજુ પણ ઈષ્ટતમ બની શક્યો નથી.

આકૃતિ ૧ આઈસીડીએસ (એનએફએચએસ૪) હેઠળ કવરેજ




ફેલાવો ટકાવારીમાં


૬-૧૧ મહિના, ૧૨-૨૩ મહિના, ૨૪-૩૫ મહિના, ૩૬-૪૭ મહિના, ૪૮-૫૯ મહિના

કોઈ એ.ડબ્લ્યુ સેવા મેળવી નથી અત્યાર સુધી વજન કર્યું નથી ઉંમર (મહિના)

લગભગ દરરોજ ખાદ્ય સપ્લિમેન્ટ્સ મેળવી

રાષ્ટ્રીય પોષણ નિરીક્ષણ બ્યૂરો (એનએનએમબી) દ્વારા હાથ ધરાયેલા સરવેના આંકડાઓ સૂચવે છે કે આઈસીડીએસ અંતર્ગત તેના નબળા વ્યાપ છતાં પણ પ્રાથમિક શાળાના બાળકોમાં કુપોષણના ફેલાવામાં ધીમો પરંતુ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

આકૃતિ ૨ પ્રિ-સ્કૂલ બાળકોમાં કુપોષણનો ફેલાવો (એનએનએમબી સર્વેક્ષણો)





ફેલાવો ટકાવારીમાં

૨એસડીથી ઓછી વય માટે વજન, ૨એસડીથી ઓછી વય માટે ઊંચાઈ, ૨એસડીથી ઓછી વય માટે બીએમઆઈ

એનએફએચએસ ૨, ૩, અને ૪માંથી પ્રાપ્ત થયેલી માહિતી પણ વર્ષ ૧૯૯૦થી ૨૦૧૫

આકૃતિ ૩ પ્રિ-સ્કૂલ બાળકોમાં કુપોષણનો ફેલાવો (એનએફએચએસ૨,૩,૪ અને આરએસઓસી)





ફેલાવો ટકાવારીમાં

ખૂબ સરસ, ઓછું વજન, ખરાબ સ્થિતિ, સર્વેક્ષણ

ની વચ્ચે આ જ પ્રકારના વલણો દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન બાળ મૃત્યુ દર (આઇએમઆર) અને પાંચ વર્ષથી નીચેના બાળકો (યુ૫એમઆર)ના મૃત્યુ દર

આકૃતિ ૪ આઈએમઆર અને યુ૫એમઆરમાં સમય ટ્રેન્ડ્સ




દર/૧૦૦૦ જીવિત બાળકોના જન્મ


સ્રોત ઓઆરજીઆઈ, આઈએમઆર, યુ૫એમઆર વર્ષ

માં પણ ઘટાડો જોવા મળ્યો હતો. યુ૫એમઆરનું મૃખ્ય કારણ ચેપજન્ય બિમારીઓ હતી, ૧૯૭૦ થી ૨૦૧૫ની વચ્ચે રોગપ્રતિકારક રસી અને પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ચેપજન્ય બિમારીઓના ઇલાજ માટે આરોગ્ય સેવાઓની પ્રાપ્તિ ક્ષેત્ર થયેલા નોંધપાત્ર સુધારાઓના કારણે તેમાં સ્થિર ઘટાડો નોંધાયો હતો. ચેપનું નિવારણ અને તેની સારવાર ચેપના કારણે વ્યય થતી ઉર્જામાં ઘટાડો કરે છે અને પોષણ સંબંધી સ્થિતિ બગડતી અટકાવે છે. આ રીતે, છેલ્લા ચાર દાયકાઓ દરમિયાન પ્રાથમિક શાળાના બાળકોમાં કુપોષણના દરોમાં સાતત્યપૂર્ણ ઘટાડો પ્રાપ્ત કરવામાં આરોગ્ય સેવાઓની પ્રાપ્તિમાં થયેલા સુધારાએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે.

## વયસ્કોમાં એનસીડીનો ફેલાવો અટકાવવા માટે બાળપણમાં ઈષ્ટતમ પોષણ

ભારતીય બાળકો જન્મ સમયથી જ ઓછી ઊંચાઇ અને ઓછું વજન ધરાવતાં હોય છે. જન્મ સમયે બાળકનું વજન વૃદ્ધિ નક્કી કરવા માટે મુખ્ય માપદંડ છે, જન્મ સમયે ઓછું વજન ધરાવતાં બાળકો શિશુકાળ, બાળપણ અને કિશોરાવસ્થા દરમિયાન વૃદ્ધિની નિમ્ન અવસ્થા સાથે વૃદ્ધિ પામે છે. તેના પરિણામે, આશરે અડધાથી પણ વધારે બાળકોને કુંઠિત અને ઓછું વજન ધરાવતા બાળકની શ્રેણીમાં મૂકવામાં આવે છે. પોષણ સંબંધી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ઊંચાઇ, વજન અને બીએમઆઇ વ્યાપકપણે વાપરવામાં આવતાં માપદંડો છે. આ ત્રણ માપદંડોમાંથી પણ, બીએમઆઇ વયસ્કોમાં પોષણ સંબંધી સ્થિતિના મૂલ્યાંકન માટેના નિર્દેશક તરીકે લાંબા સમયથી સ્વીકારવામાં આવ્યો છે, જે પ્રવર્તમાન ઉર્જાની પર્યાપ્તતાનો નિર્દેશક છે. જોકે, બાળકો માટે વય માટે બીએમઆઇ અંગે વિશ્વ આરોગ્ય સંગઠનનું માપદંડ વર્ષ ૨૦૦૬ (૦-૫ વર્ષ) અને ૨૦૦૭ (૫-૧૮ વર્ષ)માં જ ઉપલબ્ધ બન્યું હતું. વિશ્વ આરોગ્ય સંગઠનના માપદંડોનો ઉપયોગ કરીને એનએફએચએસ ૪માંથી પ્રાપ્ત થયેલા આંકડાઓનું વિશ્લેષણ દર્શાવે છે કે વય માટે બીએમઆઇનો માપદંડ તરીકે ઉપયોગ કરવામાં આવે તો પાંચ વર્ષથી નીચેની ઉંમરના માત્ર ૧૮.૪ ટકા બાળકો જ કુપોષિત હતા અને ૨.૬ ટકા બાળકો વધારે પ્રમાણમાં પોષણ ધરાવતાં હતા.


આકૃતિ ૫ બાળકોમાં બીએમઆઈનો ઉપયોગ કરીને પોષણ માપદંડોનું આકલન (એનએફએચએસ૪)




ફેલાવો ટકાવારીમાં
વય માટે ઊંચાઈ, વય માટે વજન, વય માટે બીએમઆઈ, અતિ-પોષિત, સામાન્ય પોષિત અલ્પ-પોષિત

ભારતમાં હાથ ધરાયેલા સંશોધન અભ્યાસોના આંકડાઓ સૂચવે છે કે પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકો, જેમણે તેમના બાળપણ અને કિશારાવસ્થા દરમિયાન વધારે પડતું વજન પ્રાપ્ત કર્યુ હોય તેઓ સ્થૂળતા ધરાવવાની વધારે સંભાવના ધરાવે છે અને પુખ્ત વયના જીવનમાં તેમનામાં તણાવ અને ડાયબિટીસ જેવા રોગો વિકસે છે. હાલમાં, ભારતીય બાળકોમાં પોષણ સંબંધિત પરિસ્થિતિના મૂલ્યાંકન અને યોગ્ય પોષણ


આકૃતિ ૬ બાળકોમાં ઉંમર પ્રમાણે બીએમઆઈ આધારીત સલાહ



Normal BMI No intervention

સામાન્ય બીએમઆઈ કોઈ હસ્તક્ષેપ નહીં


આકૃતિ ૭ બાળકોમાં ઉંમર પ્રમાણે બીએમઆઈ આધારીત સલાહ



Low BMI (Thin) Feed more treat infection

ઓછો બીએમઆઈ (પાતળા) વધુ ખોરાક આપો રોગની સારવાર કરો

આકૃતિ ૮ બાળકોમાં ઉંમર પ્રમાણે બીએમઆઈ આધારીત સલાહ



High BMI (Fat) Increase physical activity

વધુ બીએમઆઈ (મેદસ્વી) શારીરિક પ્રવૃત્તિ વધારો

સંબંધી શિક્ષણ પૂરું પાડવા માટે વય માટે બીએમઆઈના ઉપયોગ અંગે ખૂબ જ નજીવી જાગૃતતા જોવા મળે છે. વય માટે બીએમઆઇના આધાર ઉપર પોષણ સંબંધી સ્થિતિ માટે જુદા-જુદા વજન અને ઊંચાઇનું વર્ગીકરણ ધરાવતાં બાળકોનું તસવીર દ્વારા વર્ણન અને વય માટે બીએમઇની સ્થિતિ ઉપર આધારિત યોગ્ય પોષણ સંબંધી સલાહ માં આપવામાં આવી છે.

**વિટામિનની ઊણપના કારણે અંધત્વની નાબૂદી**

વર્ષ ૧૯૬૦ દરમિયાન દેશની ગરીબ પરિવારોની અંદર ગરીબી, ઘરેલું ખાદ્ય અસુરક્ષા અને ભૂખમરો વ્યાપક પ્રમાણમાં ફેલાયેલો હતો. તમામ પોષકતત્વોનો આહારમાં ઉપયોગ ઓછો, મધ્યમ અને ગંભીર હતો અને જુવાન બાળકોમાં કુપોષણની સમસ્યા સર્વસામાન્ય હતી. આહારમાં લીલા અને પીળા રંગના શાકભાજીનો ઓછા પ્રમાણમાં ઉપયોગ વ્યાપક પ્રમાણમાં વિટામિન એની ઉણપ તરફ દોરી જાય છે. ગીચોગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં વસતાં બાળકોમાં શ્વસન સંબંધિત ચેપ અને ઓરી જેવા રોગોનો ફેલાવો ઊંચા પ્રમાણમાં હતો. ચેપજન્ય રોગોની સારવાર માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું માળખું શહેરોમાં નબળું હતું,જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં તે નહિવત્ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવતું હતું. પહેલેથી જ ગંભીરપણે કુપોષિત નાના બાળકોમાં ગંભીર ચેપજન્ય બિમારી, ખાસ કરીને ઓરી જેવી બિમારીનો ઇલાજ ન થવાથી કેરેટોમેલેસિયાની બિમારી થતી, જે ચેપજન્ય બિમારીમાંથી બચી જતાં તેમને અવાર-નવાર પોષણ સંબંધિત અંધત્વનો સામનો કરવો પડતો. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોષણ દર્શાવે છે કે એકથી ૩ વર્ષની ઉંમરના બાળકોમાં છ મહિનામાં એકવખત વિટામિન એ (૨,૦૦,૦૦૦ એકમ)નો

વ્યાપક ડોઝ આપવામાં આવે તો તે ઝેરોપ્થેલ્મિયામાં ૮૦ ટકાનો ઘટાડો કરે છે. આ સંશોધનના આધારે ૧૯૭૦માં ૧-૫ વર્ષની ઉંમરના બાળકોને દર છ મહિને એકવખત પૂરક વિટામિન એનો વ્યાપક ડોઝ (એમડીવીએએસ) આપવાનું શરૂ કરાયું હતું પરંતુ આ કાર્યક્રમનો વ્યાપ (૧૦ ટકાથી ઓછો) હતો. ૮૦ના દાયકા દરમિયાન કેરેથોમેલેસિયામાં ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો, ત્યારપછીના દાયકામાં દેશની મુખ્ય હોસ્પિટલો દ્વારા વિટામિન એની ઉણપના કારણે અંધત્વના કિસ્સા નોંધાયા નહોતા. મોટા પાયા પર હાથ ધરવામાં આવેલા અભ્યાસના આંકડાઓનું વિશ્લેષણ દર્શાવે છે કે એમડીવીએએસ અંતર્ગત વ્યાપ હજુ પણ ખૂબ જ ઓછો છે, પરંતુ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સેવાનું માળખું સ્થાપવામાં આવ્યું છે અને રોગપ્રતિકારક રસી, ચેપી રોગો અને ગંભીર કક્ષાના કુપોષણની સારવારમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. કેરેથોમેલેસિયાની નાબૂદી આથી પોષણ સંબંધી લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટે મદદ કરી રહેલી આરોગ્ય સંભાળના ઉદાહરણ છે.

### યુનિવર્સલ સોલ્ટ આયોડાઈઝેશન અને આરોગ્ય ઉપર તેની અસર


છેક વર્ષ ૧૯૨૦થી ભારતમાં આયોડિનની ઉણપથી થતી બિમારીઓ (આઈડીડી)ને જાહેર આરોગ્યની સમસ્યા દરીકે સ્વીકારવામાં આવી છે. અન્ય સૂક્ષ્મ-પોષકતત્વોની ઉણપોથી વિરુદ્ધ આયોડિનની ઉણપની બિમારી પાણી, જમીન અને ખાદ્યપદાર્થોમાં આયોડિનની ઉણપના કારણે સર્જાય છે અને ચોક્કસ ભૌગોલિક વિસ્તારોમાં વસતા તમામ સામાજિક - આર્થિક જૂથોને અસર કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન આઈડીડી ગર્ભપાત અને ગર્ભ પડી જવાના દર સાથે જોડાયેલું છે, આ માતાઓથી જન્મેલા નવજાત શિશુઓ બેડોળતા અને મંદબુદ્ધીથી પીડાતા જોવા મળે છે. વયસ્કોમાં આઈડીડીમાં હાઈપોથાયરોડિઝ્મ અને ગોઈટરનો સમાવેશ થાય છે. આયોડિનયુક્ત મીઠાનો વૈશ્વિક વપરાશ સરળ છે, આયોડિનની ઉણપથી સર્જાતી બિમારીઓ નિવારવા માટેની બિનખર્ચાળ પદ્ધતિ છે.

પ્રારંભિક સમયમાં, ભારતમાં આઈડીડીને હિમાલયની આસપાસના વિસ્તારોમાં પ્રવર્તતી સમસ્યા માનવામાં આવતી હતી. ૧૯૬૨માં રાષ્ટ્રીય ગોઈટર નિયંત્રણ કાર્યક્રમ શરૂ કરાયો હતો અને ગોઈટર પટ્ટામાં વસતાં લોકોને આયોડિનયુક્ત મીઠું પૂરું પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. આગામી બે દાયકાઓ દરમિયાન હાથ ધરવામાં આવેલા સંશોધન અભ્યાસો દર્શાવે છે કે તે વિસ્તારો કે જ્યાં આયોડિનયુક્ત મીઠાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ત્યાં બાળકોમાં શારીરિક બેડોળતા અને મંદબુદ્ધીના પ્રમાણમાં તથા ૬ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકોમાં ગોઈટરના ફેલાવામાં પણ કેટલોક ઘટાડો નોંધાયો હતો. એંસીના દાયકામાં હાથ ધરાયેલા સરવે દર્શાવે છે કે આઈડીડી ભારતમાં તમામ રાજ્યોમાં કેટલાક ક્ષેત્રોમાં અસ્તિત્વ ધરાવે છે. આ બાબત નજર સમક્ષ રાખીને ૧૯૯૨માં રાષ્ટ્રીય આયોડિન ઉણપ વિકાર નિયંત્રણ કાર્યક્રમ (એનઆઈડીડીસીપી) આયોડિનયુક્ત મીઠાની વૈશ્વિક ઘરેલું પ્રાપ્તિ સુનિશ્ચિત કરવા માટે માનવ વપરાશના તમામ મીઠાને આયોડિનયુક્ત કરવાના લક્ષ્યાંક સાથે શરૂ કરાયો હતો. જોકે તેમ છતાં, આગામી પંદર વર્ષો સુધી પૂરતાં પ્રમાણમાં આયોડિનયુક્ત મીઠાની ઘરેલું પ્રાપ્તિ ૫૦ ટકા કરતાં ઓછી રહી હતી. આ બાબત આંશિક રીતે દરિયાકાંઠાના રાજ્યોમાં વસવાટ કરતાં લોકો આયોડિનયુક્ત મીઠાના વપરાશના આરોગ્યલક્ષી ફાયદાઓથી સભાન ન હોવાથી અને સસ્તાં આયોડિન વગરના મીઠાનો ઉપયોગ કરતાં હોવાથી આઈડીડીનો ઓછો ફેલાવો ધરાવતા હતા. વર્ષ ૨૦૦૭માં માનવ વપરાશ માટે વપરાતા તમામ મીઠાને ફરજિયાત આયોડિનયુક્ત બનાવવા જાહેરનામુ બહાર પડાયું. તેની સાથે સાથે તમામ પ્રચાર માધ્યમો દ્વારા આયોડિનયુક્ત મીઠાના વપરાશના આરોગ્યલક્ષી ફાયદાઓ અંગે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. આ પહેલને વ્યાપક સફળતા પ્રાપ્ત થઇ. એનએચએસ ૪ના આંકડા દર્શાવે છે કે ૨૦૧૫માં ૯૦ ટકાથી વધારે ઘરોમાં આયોડિનયુક્ત મીઠાની પ્રાપ્તિ અને ઉપયોગ જોવા મળ્યો હતો. વૈશ્વિક આયોડિનયુક્ત મીઠાનો કાર્યક્રમ માત્ર પોષકતત્વો સંબંધી જ નહીં પરંતુ બાળકોમાં મંદબુદ્ધી અને વયસ્કોમાં આઈડીડી સંબંધિત આરોગ્ય સમસ્યાઓ નિવારવા માટેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાના પોષણ કાર્યક્રમનું ઉદાહરણ છે.

### વયસ્કોમાં પોષકતત્વો અને આરોગ્યનો બેવડો બોજો

છેલ્લા ત્રણ દાયકાઓમાં, પરિવહન, વ્યાવસાયિક અને ઘરેલું કાર્ય સંબંધિત પ્રવૃતિઓના વ્યવસ્થાતંત્રમાં વધારો જોવા મળી રહ્યો છે. તેના પરિણામે, શારીરિક પ્રવૃતિમાં અત્યંત ઘટાડો થયો છે અને મોટાભાગના ભારતીય બેઠાડુ જીવનશૈલી જીવે છે. આહારમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે પરંતુ તે ઘટાડો શારીરિક પ્રવૃતિમાં ઘટાડા સાથે અનુરૂપ નથી. તેના પરિણામ વધુ પડતાં પોષણમાં ઉત્તરોત્તર વૃદ્ધી થઇ રહી છે. એનએનએમબી દ્વારા હાથ ધરવામાં આવેલા સરવેના આંકડા દર્શાવે છે કે છેલ્લા ચાર દાયકાઓમાં પુરુષો અને મહિલાઓ બન્નેમાં વધારે પડતા પોષણ દરમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. નેવુંના મધ્ય દાયકાથી ૨૦૧૨ની વચ્ચે વધારે પડતાં પોષણનો દરમાં અત્યંત વધારે હતો.


આકૃતિ ૯ પુરુષોમાં અતિ-પોષણમાં સમય ટ્રેન્ડ્સ (એનએનએમબી સર્વેક્ષણો)




ફેલાવો ટકાવારીમાં

સ્રોતઃ એનએનએમબી ડેટા, બીએમઆઈ પુરૂષો

આકૃતિ ૧૦ મહિલાઓમાં અતિ-પોષણમાં સમય ટ્રેન્ડ્સ (એનએનએમબી સર્વેક્ષણો)




ફેલાવો ટકાવારીમાં


સ્રોતઃ એનએનએમબી ડેટા, બીએમઆઈ મહિલાઓ

મહિલાઓમાં વધારે પડતાં આહારનું પ્રમાણ પુરુષોમાં વધારે પડતાં આહાર કરતાં ઊંચુ છે. એનએફએચએસ તરફથી પ્રાપ્ત થયેલી માહિતી દર્શાવે છે ઉંમરમાં વધારાની સાથે વધારે પડતાં પોષણના દરોમાં વધારો થાય છે.

(આકૃતિ ૧૧) મહિલાઓ આવા વજનમાં થયેલો વધારો નજર અંદાજ કરે છે અને કોઇ પોષણ અથવા આરોગ્ય સંબંધિત સલાહ પ્રાપ્ત કરતી નથી અને એનસીડીનું જોખમ અને તેની સમસ્યાઓ પેદા થાય છે. સ્થૂળતા સાથે સંકળાયેલા આરોગ્ય જોખમો ઘટાડવા માટે વધારે પડતાં પોષણ ધરાવતાં પુરુષો અને મહિલાઓનું નિરીક્ષણ કરવું અને વધારે પડતું પોષણ ધરાવતી વ્યક્તિઓને અનુકૂળ હોય તેવા આરોગ્ય અને પોષણ સંબંધિત સલાહ પૂરી પાડવી આવશ્યક છે.


જ્યારે જ્યારે કુપોષણ અને અતિ-પોષણના પ્રસાર અંગેની માહિતી રજૂ કરવામાં આવે છે ત્યારે તે માહિતી પ્રાપ્ત કરનાર લોકોમાંથી કેટલાક લોકો એવું માને છે કે મહિલાઓના ખૂબ જ નાના હિસ્સામાં બીએમઆઇમાં ફેરફાર ઉદભવ્યો છે. પરંતુ

આકૃતિ ૧૧ મહિલાઓમાં પોષણની સ્થિતિ પર ઉંમરની અસર (એનએફએચએસ ૪)




ફેલાવો ટકાવારીમાં
૧૫-૧૯ વર્ષ, ૨૦-૨૯ વર્ષ, ૩૦-૩૯ વર્ષ, ૪૦-૪૯ વર્ષ મહિલાઓની ઉંમર

આકૃતિ ૧૨ મહિલાઓમાં બીએમઆઈના આવર્તન વિતરણના સમય ટ્રેન્ડ્સ (એનએફએચએસ ૨,૩ અને ૪)




ફેલાવો ટકાવારીમાં
બીએમઆઈ આવૃત્તિ વિતરણ મહિલાઓ

સમયાંતરે મોટાભાગની મહિલાઓમાં બીએમઆઇમાં વધારો થયો છે. તેના પરિણામે તેવી મહિલાઓનું પ્રમાણ જેમનો બીએમઆઇ કુપોષણના સીમાથી નીચો હતો તેમાં ઘટાડો થયો છે અને તેવી મહિલાઓનું પ્રમાણ જેમનો બીએમઆઇ અતિ-પોષણની સીમા કરતાં વધારે હતો તેમાં વધારો નોંધાયો છે. (આકૃતિ ૧૨). ઇષ્ટતમ પોષકતત્વો માટે, જેમનો બીએમઆઇ ૧૮.૫ કરતાં ઓછો હોય તેમણે વજન વધારવું જોઇએ, જેથી તેઓ સામાન્ય રીતે પોષિત વ્યક્તિએ વજન વધારવું જોઇએ નહીં અને અતિ-પોષિત બની જાય છે. ઇષ્ટતમ પોષકતત્વો અને આરોગ્ય માટે મધ્યમસર શારીરિક પ્રવૃતિ આવશ્યક છે. વયસ્કોમાં અતિ-પોષણ અને એનસીડી સંબંધિત સમસ્યાઓમાં વૃદ્ધી અટકાવવા માટે ઇષ્ટતમ પોષકતત્વો અને આરોગ્ય માટે પ્રતિ દિવસ અનુકૂળ મનપસંદ શારીરિક પ્રવૃતિ (જેમ કે ચાલવું) ઓછામાં ઓછી ૩૦ મિનિટ માટે આવશ્યક છે તે અંગેનો આરોગ્ય શિક્ષણ અંગેનો સંદેશ (તમામ પ્રસાર માધ્યમો દ્વારા)નો બહોળો ફેલાવો કરવો જોઇએ.

**ટૂંકસાર અને સમાપ્તિ**

ભારતની આરોગ્ય વ્યવસ્થાનું કુપોષણ, ચેપજન્ય રોગો અને માતૃત્વ સંબંધી બાળ આરોગ્ય સમસ્યાઓના વહેલા નિદાન અને અસરકારક સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરીને નિર્માણ કરવામાં આવ્યું હતું. આરોગ્યની મોટાભાગની સમસ્યાઓ લાક્ષણિક અને ગંભીર હતી. બિમાર વ્યક્તિઓ આરોગ્ય સેવાઓની પ્રાપ્ત કરી શકે અને કુપોષિત અને ચેપજન્ય બિમારીઓની આસાનીથી સારવાર થઇ શકે. આટલા વર્ષો દરમિયાન આરોગ્ય સંભાળ સેવાઓના ઉપયોગમાં વધારો થયો છે અને તેના કારણે કુપોષણ, બિમારી અને મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

છેલ્લા બે દાયકાઓમાં, અતિ-પોષણ અને તેની સાથે સંકળાયેલા બિન-ચેપી રોગો મુખ્ય જાહેર આરોગ્યની સમસ્યાઓ તરીકે ઉભરી આવી છે. મોટાભાગના ભારતીયો અતિ-પોષણના કારણે ચિંતિત નથી કારણ કે તે તેમના રોજ-બરોજના જીવનમાં કોઇ હસ્તક્ષેપ કરતું નથી. તેમને એનસીડીના પૂર્વકારણ તરીકે સ્થૂળતાનો ખ્યાલ આવતો નથી. મોટાભાગના એનસીડી પ્રારંભિક તબક્કાઓમાં બિન-લાક્ષણિક હોય છે અને તેથી એનસીડી ધરાવતા મોટાભાગના લોકો સમસ્યાઓના કારણે લક્ષણો ઉદ્ભવે ત્યારે જ તેની સંભાળ લે છે. એનસીડીના નિયંત્રણ માટે જીવનશૈલીમાં પરિવર્તન અને આજીવન તબીબી સારવારની જરૂર પડે છે. આવનારા વર્ષોમાં ભારતીયો અને ભારતીય આરોગ્ય વ્યવસ્થાએ બેવડા પોષણ અને રોગના ભારના નિવારણ, વહેલા નિદાન અને અસરકારક સંચાલનને સફળતાપૂર્વક નિયંત્રિત કરવા માટે પોતાને પુનઃગ્રથિત અને તૈયાર રાખવા પડશે.

બેવડા પોષણ અને આરોગ્ય બોજના સમયમાં, પોષણ સંબંધી પરિસ્થિતિનું મૂલ્યાંકન માટે બન્ને જાહેર આરોગ્ય હસ્તક્ષેપ અને આરોગ્ય સંભાળ ઇચ્છી રહેલા વ્યક્તિની સંભાળ માટે મહત્ત્વપૂર્ણ ઘટક છે. આદર્શ રીતે, દરેક વ્યક્તિઓમાં સમયાંતરે અને બાળકો, તરૂણો, ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ અને વૃદ્ધ નાગરિકોમાં અવાર-નવાર પોષણ સંબંધી મૂલ્યાંકન હાથ ધરવું જોઇએ. તબીબી સમસ્યાઓ પેદા થાય તે પહેલા પોષણ સંબંધી ખામીઓ અને વધારે પડતી માત્રાના વહેલા નિદાન, યોગ્ય પરામર્શ અને અસરકારક સંચાલન માટે આવું નિયમિત સમયાંતર મૂલ્યાંકન કરવા માટે પોષણ અને આરોગ્ય સેવાઓ થતા આપણી પ્રજા બન્નેમાંથી કોઇપણ તૈયાર નથી. આથી જ્યારે કોઇપણ વ્યક્તિ આરોગ્ય અથવા પોષણ સંબંધિત સંભાળ માગે ત્યારે આપણે પોષણ સંબંધી સ્થિતિના મૂલ્યાંકન સાથે તેની શરૂઆત કરવી જોઇએ.

એક વખત મૂલ્યાંકન થઇ જાય ત્યારબાદ તેમની પોષણ સંબંધી સ્થિતિના આધારે યોગ્ય સલાહ આપવી જોઇએ :

- સામાન્ય પોષણ ધરાવતી વ્યક્તિ - તેમની વર્તમાન જીવનશૈલી સાચવે અને સામાન્ય પોષકતત્વો અને આરોગ્ય સ્થિતિ ચાલુ રાખવા સહાય પુરી પાડે;
- કુપોષિત વ્યક્તિ - અથવા અતિ-પોષિત અને આરોગ્ય સમસ્યાઓનું જોખમ ધરાવતી વ્યક્તિ - યોગ્ય ખાદ્ય આહાર અને શારીરિક પ્રવૃતિ સંબંધિત સલાહ પૂરી પાડો, જો જરૂરી હોય તો પોષણ સંબંધિત પૂરક આહાર પૂરો પાડો અને સુધારા પર દેખરેખ રાખો;
- બિમારી ધરાવતી વ્યક્તિ - પોષણ સંબંધી સમસ્યાઓ ઓળખો, સામાન્ય આહાર અને પોષણનું પુનઃસ્થાપન કરવા માટે તેમને અનુકૂળ હોય તેવી આરોગ્ય અને પોષણ સારવાર પૂરી પાડો અને તેની પ્રતિક્રિયા પર દેખરેખ રાખો.

પોષણ અને રોગ બન્ને બોજાનો સામનો કરવા માટે અનુકૂળ પોષકતત્વો અને જીવનશૈલી અંગે પરામર્શ અને પોષણ અને આરોગ્ય સંભાળ પૂરી પાડીને પોષણવિદો અને તબીબોએ અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરવાની છે. આરોગ્ય અને પોષણ સેવાઓ વચ્ચે સુગ્રથિતતાનું પ્રોત્સાહન દેશને પોષણ સંબંધી પડકારોનો સફળતાપૂર્વક સામનો કરવા અને પ્રજાની આરોગ્ય અને પોષણ સંબંધી સ્થિતિમાં ઝડપી સુધારો પ્રાપ્ત કરવા દેશને સક્ષમ બનાવે છે.

**લેખક ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચમાં ૨૫ વર્ષ કામ કરી ચૂક્યા છે. તે આયોજન પંચમાં સલાહકાર (આરોગ્ય, પોષણ અને પરિવાર કલ્યાણ) તરીકે જોડાયા છે. હાલમાં તે ન્યૂટ્રીશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના ડિરેક્ટર છે.**

**E-mail**

**premaramachandran@gmail.com**

**nutritionfoundationofindia@gmail.com**

# ખાદ્યથી પોષણ સુરક્ષા તરફ પ્રગતિ

એમ.એસ. સ્વામીનાથન



પીવાનું શુદ્ધ પાણી, સાફસફાઈ (સેનિટેશન), પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ અને પોષણ અંગે લોકોને શિક્ષણ આપવા માટેની જોગવાઈઓનો સમાવેશ થાય તેની પણ આવશ્યકતા છે. વધુમાં, આપણે અચૂક પોષણ સંબંધિત વિકૃતિઓને ડામવા માટેના કૃષિ ઉપાયોના અમલની પદ્ધતિ અંગે સામુદાયિક હંગર ફાઈટર્સ (ભૂખ સામે લડનારા) સારી રીતે જાણકાર હોવા જોઈએ અને કૃષિ યુનિવર્સિટીઓની મદદથી તેમને સારી રીતે તાલિમ પણ મળેલી હોવી જોઈએ તે આપણે સુનિશ્ચિત કરવું જ પડશે.

વર્ષ ૧૯૪૭થી, ખાદ્ય સુરક્ષા હાંસલ કરવાનું લક્ષ્ય આપણા દેશ માટે મુખ્ય રહ્યું છે. બંગાળમાં પડેલા ભીષણ દુકાળના કારણે ભૂખની સમસ્યા દૂર કરવા પર સૌથી પહેલા ધ્યાન આપવું જોઈએ તેવી જાગૃતિ ફેલાતા આ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. આપણો ખાદ્ય સુરક્ષા ધારો ૨૦૧૩ ખાસ કરીને પોષણ સુરક્ષાની જરૂરિયાતનો ઉલ્લેખ કરે છે (માનવ જીવન ચક્ર અભિગમમાં ખાદ્ય અને પોષણ સુરક્ષા આપવા સંબંધિત કાયદો, જેમાં લોકોને પોષાય તેવા ભાવે પુરતા પ્રમાણમાં ગુણવત્તાપૂર્ણ ભોજન પૂરું પાડવાનું સુનિશ્ચિત કરવાની જોગવાઈ છે જેથી લોકો પોતાના માટે અને તેમના સંબંધિત લોકો અથવા તેમની સાથે સહજ જોડાયેલા લોકો સ્વમાનભેર જીવન જીવી શકે).

ખેતીવાડી, પોષણ અને સ્વાસ્થ્યના સાધનોનો એકીકૃત રીતે ઉપયોગ કરીને કેવી રીતે તેને હાંસલ કરી શકાય તે અંગે હું અહી ટૂંકમાં માહિતી આપવા માંગુ છું. ખાદ્ય અને બિન-ખાદ્ય બંને પ્રકારના પરિબળો પર એકસમાન ધોરણે ધ્યાન આપવામાં આવશે. આ હેતુ સિદ્ધ કરવા માટે કેટલાંક પગલાં લેવા જરૂરી છે જેની નીચે ટૂંકમાં માહિતી વર્ણવવામાં આવી છે.

**ખાદ્યથી પોષણ સુરક્ષા તરફ જવું**

વર્ષ ૧૯૮૬માં એફએઓ ખાતે મારા લેક્ચરમાં અને મારા પુસ્તક "ગ્લોબલ આસ્પેક્ટ્સ ઓફ ફૂડ પ્રોડક્શન" (ખાદ્ય ઉત્પાદનના વૈશ્વિક પરિબળો)માં મેં ખાદ્ય સુરક્ષાથી પોષણ સુરક્ષા પર જવાની તાતી જરૂરિયાત હોવાનું ભારપૂર્વક કહ્યું હતું. મેં પોષણ સુરક્ષાને "સંતુલિત ભોજન, પીવાના શુદ્ધ પાણી, સાફસફાઈ (સેનિટેશન) અને પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ માટે ભૌતિક આર્થિક અને સામાજિક પહોંચ" તરીકે ગણાવી હતી. ઉપરાંત મેં એવુ પણ ભારપૂર્વક કહ્યું હતું કે ખાદ્ય આધારિત અભિગમથી પોષણ સુરક્ષા આધારિત અભિગમ પર જવાની જરૂરિયાત છે અને તે દવા આધારિત ન હોવો જોઈએ. હવે ૩૦ વર્ષના અંતરાલ પછી, પોષણ સુરક્ષાની પરિકલ્પનાનો પાયો મજબૂત બની રહ્યો છે. એમએસએસઆરએફ કેવી રીતે કૃષિ, સ્વાસ્થ્ય અને પોષણ એકબીજાની સાથે સાંકળી શકાય તે દર્શાવવા માટે આયોજન કરી રહ્યું છે. પોષણ સુરક્ષાના ક્ષેત્રમાં, ભોજનનો પૂરતો પુરવઠો, પ્રોટીનની ઉણપ અને આયર્ન, આયોડિન, ઝીંક, વિટામિન એ વગેરે માઈક્રોન્યુટ્રીએન્ટ્સની ઉણપ સામે પણ ધ્યાન આપવાની જરૂરિયાત



છે. મેં ફાર્મિંગ સિસ્ટમ ફોર ન્યુટ્રીશન (એફએસએન) (પોષણ માટે કૃષિ તંત્ર) ની રચના કરી છે જે આવી સંકલિત એકીકૃતા કેવી રીતે હાંસલ કરી શકાય તેની પદ્ધતિ દર્શાવે છે. આ બધાથી ઉપર, બાયોફોર્ટિફાઈડ (જૈવિક સમૃદ્ધિ) છોડના જીનેટિક ગાર્ડન્સ (જનિનિક બગીચા) તૈયાર કરવાનું વૈશ્વિક માળખુ છુપાયેલી ભૂખની સમસ્યા સામે લડવા માટે એક મહત્વનું સાધન બની રહેશે. એમએસએસઆરએફ મહારાષ્ટ્રમાં થાણે, ઉત્તર પ્રદેશમાં ગોરખપુર, ઓડિશામાં કોરાપુટ જેવા જિલ્લા અને તામિલનાડુના કેટલાક પ્રદેશો કે જ્યાં કુપોષણની સમસ્યા ખૂબ જ વધુ સ્તરે છે ત્યા ખાદ્ય આધારિત અભિગમની શક્તિ બતાવવા માટે આયોજન કરી રહ્યું છે.

**સંદર્ભઃ** સ્વામીનાથન, એમ.એમ. અને એસ.કે. સિંહા (૧૯૮૫). ગ્લોબલ આસ્પેક્ટ્સ ઓફ ફૂડ પ્રોડક્શન. ટીકૂલી ઈન્ટરનેશનલ પબ્લિશિંગ કંપની, ડબલીન.

**રાષ્ટ્રીય પોષણ સપ્તાહ**

રાષ્ટ્રીય પોષણ સપ્તાહનો પ્રારંભ થઈ રહ્યો છે. કુપોષણના કારણે કેટલી ખરાબ અસર પડે છે અને ખાસ કરીને બાળકોના મગજના વિકાસ પર તેનાથી શું અસર પડે છે તે અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે આ સપ્તાહમાં પ્રયાસો ખૂબ જ મહત્વપૂર્ણ બની રહેશે. એક્શન પ્રોગ્રામના ભાગરૂપે, બાયોફોર્ટિફાઈડ (જૈવિક સમૃદ્ધ) છોડના જીનેટિક ગાર્ડન (જનિનિક બગીચા)ના રાષ્ટ્રીય માળખાનો પ્રારંભ ગણો ઉપયોગી થઈ પડશે. તે આપણે કૃષિ ઉપાયો ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ થશે જેથી મોટી પોષણની સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય અને ખાસ કરીને ગરીબોને પડતી સમસ્યાઓનો હલ આવી શકે. રાષ્ટ્રીય પોષણ સપ્તાહ આપણા દેશની જનતાને પોષણ સુખાકારી આપવા માટેના કાર્યક્રમો શરૂ કરવા ઉત્તમ તક પુરી પાડે છે.

**રાષ્ટ્રીય પોષણ મિશનને સફળ બનાવવું**

સરકારે વાર્ષિક રૂપિયા ૯૦૦૦ કરોડની ફાળવણી સાથે રાષ્ટ્રીય પોષણ મિશનને મંજૂરી આપી દીધી છે. બાળકોમાં નબળી જ્ઞાનાત્મક ક્ષમતાઓ (માનસિક સમસ્યાઓ)નું કારણ બનતા વ્યાપક રીતે ફેલાયેલા કુપોષણને નાથવાની દિશામાં સરકાર દ્વારા લેવાયેલું આ મહત્વનું પગલું છે. પોષણ મિશનને સફળ કરવા માટે તેમાં સમાવિષ્ટ વિવિધ ઘટકો અને આ માટે પૂરતી સત્તા તેમજ જવાબદારી ધરાવતા મિશનના ડાયરેક્ટર સાથે એકીકૃત ચર્ચા-વિચારણા દ્વારા મિશન મોડ તરીકે તેને તૈયાર કરવું જરૂરી છે. અગાઉના મિશનમાં ધારી સફળતા નહોતી મળી કારણ કે, મિશનની મૂળ પરિકલ્પનાને સંપૂર્ણપણે કાર્યાન્વિત કરવામાં આવી જ નહોતી. ઉદાહરણ તરીકે, પોષણ મિશનને સફળ બનાવવા માટે તેમાં નીચે દર્શાવવા અનુસાર સંવાદાત્મક ઘટકો હોવા જોઈએઃ

- ખાદ્ય સુરક્ષા એક્ટની જોગવાઈઓનો યોગ્ય રીતે ઉપયોગ કરીને તેમજ ચોખા અને ઘઉં ઉપરાંત વિવિધ એકદળી ધાન્યો સમાવેલા મોટા ફૂડ બાસ્કેટનો લાભ લઈને કુપોષણની સમસ્યામાંથી બહાર આવવું.
- કઠોળના વધારેલા ઉત્પાદન અને દૂધ તેમજ પોલ્ટ્રી પેદાશોના વધુ વપરાશ દ્વારા વધુ પ્રોટીન લેવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- માઈક્રોન્યુટ્રીઅન્ટના કુપોષણના કારણે થતી છુપી ભુખ દૂર કરવા માટે બાયોફોર્ટિફાઈડ છોડના જીનેટિક ગાર્ડન સ્થાપીને તેમાંથી બહાર આવવું.
- લણણી પછીના સંચાલનની સુધારેલી પદ્ધતિઓ અપનાવીને ખાદ્ય સુરક્ષા

અને ગુણવત્તાના પગલાં લેવાય તે સુનિશ્ચિત કરવું.

ઉપર દર્શાવેલી બાબતો ઉપરાંત, આ મિશનમાં પીવાનું શુદ્ધ પાણી, સાફસફાઈ (સેનિટેશન), પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ અને પોષણ અંગે લોકોને શિક્ષણ આપવા માટેની જોગવાઈઓનો સમાવેશ થાય તેની પણ આવશ્યકતા છે. વધુમાં, આપણે અચૂક પોષણ સંબંધિત વિકૃતિઓને ડામવા માટેના કૃષિ ઉપાયોના અમલની પદ્ધતિ અંગે સામુદાયિક હંગર ફાઈટર્સ (ભૂખ સામે લડનારા) સારી રીતે જાણકાર હોવા જોઈએ અને કૃષિ યુનિવર્સિટીઓની મદદથી તેમને સારી રીતે તાલિમ પણ મળેલી હોવી જોઈએ તે આપણે સુનિશ્ચિત કરવું જ પડશે. પોષણ મિશનની દેખરેખ રાખવા માટે યોગ્ય સાધનોની વ્યવસ્થા પણ જરૂરી છે જેથી આ હસ્તક્ષેપની અસરકારકતા અંગે અનુમાન લગાવી શકાય. આમ મિશન શબ્દ એ માત્ર આ પ્રોજેક્ટનું નામ ન હોવું જોઈએ પરંતુ સંતુલિત પોષણના વિવિધ ઘટકોમાં તાલમેલ અને સહજીવન દ્વારા પ્રક્રિયાના અમલ પર વધુ ભાર મુકીને તેને ખરા અર્થમાં એક મિશન બનાવવું જોઈએ.

**રાષ્ટ્રીય પોષણ મિશન**

૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના પ્રસંગે આપણા વડાપ્રધાને રાષ્ટ્રીય પોષણ મિશનનો પ્રારંભ કર્યો હતો જેમાં દેશના તમામ ૬૪૦ જિલ્લા આવરી લેવામાં આવ્યા છે. રાષ્ટ્રીય પોષણ મિશનનું લક્ષ્ય હાંસલ કરવા માટે, નીચે દર્શાવેલી પાંચ સમાવર્તી બાબતો પર ધ્યાન આપવાની જરૂરિયાત છેઃ

૧. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા એક્ટ ૨૦૧૩ની જોગવાઈઓનો અસરકારક ઉપયોગ કરીને કેલરી ઉણપની સમસ્યામાંથી બહાર આવવું.



૨. કઠોળ, દૂધ અને પોલ્ટ્રી પેદાશોના ઉત્પાદન અને વપરાશમાં વધારો કરીને પ્રોટીનની ભૂખ (ઉણપ)માંથી બહાર આવવું.

૩. માઈક્રો ન્યુટ્રીઅન્ટ ઉણપના કારણે થતી છુપી ભૂખમાંથી બહાર આવવા માટે બાયોફોર્ટિફાઈડ છોડના જીનેટિક ગાર્ડન સ્થાપવા અને પોષણ કાર્યક્રમ માટે કૃષિ તંત્રને પ્રોત્સાહન આપવું.

૪. પીવાનું શુદ્ધ પાણી, સાફસફાઈ (સેનિટેશન) અને પ્રાથમિક સ્વાસ્થ્ય સુવિધા મળી રહે તે સુનિશ્ચિત કરવું

૫. સામુદાયિક હંગર ફાઈટર્સ (ભૂખ લડવૈયા)ની એક કેડર તૈયાર કરવી જેઓ કુપોષણનો નાશ કરવાની કળા અને વિજ્ઞાનથી સારી રીતે જાણકાર હોય.

જો ઉપર દર્શાવેલી પાંચ બાબતો પર સમાવર્તી રીતે ધ્યાન આપવામાં આવે તો, આપણે રાષ્ટ્રીય પોષણ મિશનનું લક્ષ્ય હાંસલ કરી શકીએ છીએ.

**લેખક એમ એસ સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનના સ્થાપક ચેરમેન છે. તેમને "ઈકોનોમિક ઈકોલોજીના પિતામહ" તરીકે ઓળખવામાં આવે છે. તે યુએન સાયન્સ એડવાઈઝરી કમિટી FAO કાઉન્સિલના સ્વતંત્ર ચેરમેન, નેશનલ કમિશન ઓન ફાર્મર્સના ચેરમેન અને ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ફિલીપાઈન્સના ડિરેક્ટર જનરલ છે. તેમને કોમ્યુનિટી લીડરશીપ માટે રેમન મેગ્સેસે એવોર્ડ, તેમને ૧૯૮૭માં પ્રથમ વર્લ્ડ ફૂડ પ્રાઈઝ, યુનેસ્કોનું મહાત્મા ગાંધી પ્રાઈઝ એનાયત થયેલ છે. તેમને પદ્મ શ્રી (૧૯૬૭), પદ્મ ભૂષણ (૧૯૭૨) અને પદ્મ વિભૂષણ (૧૯૮૯) ખિતાબ એનાયત કરવામાં આવેલ છે. પ્રોફેસર સ્વામીનાથન ભારત અને વિશ્વની ઘણી અગ્રણી સાયન્ટીફિક એકેડેમીઝના ફેલો છે, જેમાં રોયલ સોસાયટી ઓફ લંડન અને યુએસ નેશનલ એકેડેમી ઓફ સાયન્સીસનો સમાવેશ થાય છે.**

**E-mail**
**swami@mssrf.res.in**

# ભારતમાં પોષણની પરિસ્થિતિ

શમિકા રવિ



આ કાર્યક્રમોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સહાય આપવામાં આવે છે, જેમાં સબસીડી દ્વારા મળતું અનાજ દેશના મોટા ગરીબ વર્ગને પૂરૂ પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત ૬ થી વધુ રાજ્યો કે જેમાં મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓડીશા, ગુજરાત, કર્ણાટક અને તાજેતરમાં ઝારખંડનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધા રાજ્યોએ પોતાના રાજ્યમાં ન્યૂટ્રીશન મિશનની સ્થાપના કરી છે.

ભારતે છેલ્લા બે દાયકામાં ઠીક ઠીક પ્રમાણમાં આર્થિક અને સામાજીક સિધ્ધિઓ હાંસલ કરી હોવા છતાં માતા અને બાળકોમાં કુપોષણ એ રાષ્ટ્રીય જાહેર આરોગ્ય અને વર્તમાન સરકાર માટે ચિંતાનો વિષય અને નીતિ વિષયક અગ્રતા બની રહ્યો છે. ભારત ૪૦ મિલિયન કુંઠીત અને ૧૭ મિલિયન (પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં) કમજોર બાળકોનું ઘર બની રહ્યું છે. છેલ્લાં ૧૦ વર્ષમાં પોષણની વિવિધ પ્રકારના માનવીય માપદંડ મુજબની માપણી પધ્ધતિઓમાં સુધારાની તરાહ નોંધાઈ હોવા છતાં બાળકોમાં કુપોષણનો દર દુનિયાના સૌથી ઉંચા દરમાં સ્થાન પામે છે. વિવિધ રાજ્યોમાં તદ્દન સ્પષ્ટ અસમાનતાને કારણે આ હાલત વકરી છે.

ભારતનાં બાળકો અને માતાઓની પોષણલક્ષી સ્થિતિમાં વધુ સુધારો કરવા માટે માનવ સંસાધનોમાં નોંધપાત્ર મૂડીરોકાણ કરવાની જરૂર પડશે અને સ્થાનિક સ્તરે આરોગ્ય માટે મહત્વનાં રોકાણો કરવાં આવશ્યક બની રહેશે.

નેશનલ ન્યુટ્રિશન મિશનની જાહેરાત એ આ મોરચે ખૂબ જ મહત્વની ગતિવિધી છે. તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ સાથે સંકલન અને તેમને વધારાના નાણાકીય સ્ત્રોતોથી સજ્જ બનાવવા તથા વ્યાપક સાધનોથી સંતૃપ્ત બનાવવા વ્યાપક નાણાકીય સ્ત્રોતો સાથે મધ્યસ્થ નોડલ એજન્સી (NVM)ની રચના કરવામાં આવી છે. સુધારા કરનારને પક્ષે ગતિશિલતા હોવાને કારણે ભારતમાં કુપોષણ સામે લડત આપવા આ વિષયે વધારાના નીતિ વિષયક સુધારા આવશ્યક બની રહે છે.

**નીતિ ઘડનારા સમુદાયે બે મહત્વનાં પરિબળો ધ્યાનમાં લેવાની જરૂરિયાત છેઃ**

(૧) પોષણ માટેની સીધી દરમ્યાનગિરીથી કુંઠીત સ્થિતિમાં ૨૦ ટકાનો ફરક પડી શકે છે. આડકતરી દરમ્યાનગિરી (ઉદાહરણ તરીકે પાણીની અને ગટર વ્યવસ્થાની ઉપલબ્ધિથી બાકીની ૨૦ ટકા પરિસ્થિતિને હલ કરી શકાશે અને

(૨) બે વર્ષ સુધીનાં બાળકોના વિકાસમાં ઉદ્દભવતી ૫૦ ટકા જેટલી નિષ્ફળતા માતાને નબળા પોષણને કારણે ઉદરમાં જ ઉદ્દભવે છે. ગર્ભ ધારણ થયાના પ્રથમ ૧,૦૦૦ દિવસોમાં પોષણનો અભાવ બાળકના જ્ઞાન સંબંધિત બાબતોના વિકાસને નિવારી

શકાય નહી તેવુ નુકશાન પહોંચાડે છે. આથી બાળકના ગર્ભ ધારણના બે વર્ષ પછીના ગાળામાં આ મહત્વના તબક્કે કરાયેલાં રોકાણો નોંધપાત્ર પ્રમાણમાં નીતિ વિષયક વળતર પૂરૂ પાડે છે.

**પોષણના મહત્વના માપદંડ**

ભારતમાં કુપોષણના નિર્દેશકો દુનિયામાં સૌથી ઉંચા જોવા મળે છે, ૧૯૯૦ દાયકા પછી તેમાં ઘટાડો થવા છતાં NFHS ૪ ના તાજેતરમાં આંકડાઓ વધુ પ્રોત્સાહક છે અને મોટાભાગના નિર્દેશકોમાં વધુ સુધારો જોવા મળ્યો છે.

**કોઠો:૧ બાળકોનો પોષણલક્ષી સ્થિતિ**

| નિર્દેશક | ટકાવારી |
|---|---|
| બાળકો (૫ વર્ષથી ઓછી વયના) જે કુંઠીત છે | ૩૮.૭ |
| બાળકો (૫ વર્ષથી ઓછી વયના) જે કમજોર છે | ૧૫.૧ |
| બાળકો (૫ વર્ષથી ઓછી વયના) જે ઓછું વજન ધરાવે છે | ૨૯.૪ |
| બાળકો (૬ થી ૫૯ માસના) કે જે લોહીની ઊણપ ધરાવે છે | ૬૯.૫ |

સ્રોતઃ રેપીડ સર્વે ઓન ચિલ્ડ્રન (RSoC), ૨૦૧૪; ૧નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-3), ૨૦૦૬.

નોંધઃ ટકાવારી સંબંધિત વસતિની છે.

અહી એ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે પુરૂષોની તુલનામાં મહિલાઓ વધુ પ્રમાણમાં કુપોષણથી ગ્રસ્ત છે.

**કોઠો-૨ઃ મહિલાઓ અને કિશોર વયની કન્યાઓના પોષણની સ્થિતિ**

| નિર્દેશક | ટકાવારી* |
|---|---|
| સગર્ભા મહિલાઓ (૧૫-૪૯ વર્ષ) કે જેમનામાં લોહીની ઊણપ છે[૧] | ૫૮.૭ |
| મહિલાઓ (જે સગર્ભા થવાની વય ધરાવે છે) અને ઓછા પોષણની સ્થિતિમાં છે[૨] | ૩૩.૩ |
| મહિલાઓ (૨૦-૨૪ વર્ષ ) કે જેમના લગ્ન ૧૮ વર્ષની વય પૂરી થાય તે પહેલાં થયેલા છે[૩] | ૩૦.૩ |
| ભારતિય મહિલાઓ જ્યારે સગર્ભ બની હોય ત્યારે ઓછુ વજન ધરાવતી હોય[૪] | ૪૨.૨ |

સ્રોતઃ ૧ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-3), ૨૦૦૬; 2UNICEF, ૨૦૧૫; ૩ બાળકો અંગેનો ઝડપી સર્વે (RSoC), ૨૦૧૪; 4Coffey, ૨૦૧૪.

નોંધઃ *ટકાવારી સંબંધિત વસતિની છે

**કોઠો- ૩ ચોક્કસ કુપોષણ બાબતે દરમ્યાનગિરી (ICDS અને NRHM [1])**

| નિર્દેશક | ટકાવારી* |
|---|---|
| સગર્ભા મહિલાઓ કે જેમને ICDS હેઠળ પૂરક આહાર મળ્યો છે | ૪૦.૭ |
| માતાઓ (૩૬ મહિનાથી ઓછી વય ધરાવતા બાળકો) જેમના પ્રસૂતિ પહેલાં ૩થી વધુ antenatal check-ups થયા છે | ૬૩.૪ |
| બાળકો (૧૨-૨૩ મહિનાના) જેમનું સંપૂર્ણ રસીકરણ થયું છે | ૬૫.૩ |
| આંગણવાડી કેન્દ્રો (AWCs) કે જ્યાં પુખ્ત વયની વ્યક્તિઓ માટે કામ આપે તેવા વજન કાંટા નથી | ૪૮.૪ |

સ્રોતઃ રેપીડ સર્વે ઓફ ચિલ્ડ્રન (RSoC), ૨૦૧૪.

નોધઃ ★ ટકાવારી સંબંધિત વસતિની છે

કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજીત મહત્વની યોજનાઓ (CSSs) કે જેમાં આરોગ્ય અંગે ધ્યાન કેન્દ્રિત કરાયું છે તેમાં છેલ્લા બે વર્ષના અંદાજપત્રીય કાપ મૂકાયા છે તેમાં આઈસીડીએસ માટેની કેન્દ્ર સરકારની ફાળવણીઓ લગભગ ૧૦ ટકા જેટલી ઘટી છે અને નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ.૧૫,૫૦૨ કરોડ હતી તે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ઘટીને રૂ.૧૪ હજાર કરોડ થઈ છે. આંગણવાડી સેન્ટર્સ (AWCs) માં ખૂબ મોટું રોકાણ કરવું પડે તેમ છે (લગભગ અડધા AWCs માં પુખ્ત વયની વ્યક્તિઓનું વજન થઈ શકે તેવા વજનકાંટા પણ નથી) અને આંગણવાડી કાર્યકરો (AWWs) નું મોનિટરિંગ કરવાનું જરૂરી છે, જેથી તે લોકો લક્ષિત જૂથોને પ્રોત્સાહિત કરે અને પૂરક આહાર પૂરો પાડે તેની ખાત્રી રાખી શકાય. મધ્યાહ્ન ભોજન યોજનાના હિસ્સારૂપે સ્કૂલોમાં જાહેર દરમ્યાનગિરીની વ્યવસ્થા ગોઠવી હતી તે પ્રકારે પણ ગોઠવી શકાય. ફિલ્ડમાં થયેલા અભ્યાસોમાં જણાયું છે કે શાળાઓમાં અપાતા ભોજનમાં સ્થિતિ સુધરી છે. વધુમાં, શાળામાં ભોજનની જોગવાઈ કરવાના કારણે બાળકોમાં શિક્ષણના વધુ સારા પરિણામ મળ્યા છે.

કુંઠીત બાળકોના ભોજનની સ્થિતિ અંગે રાજ્યસ્તરે પ્રવર્તતી નોંધપાત્ર અસમાનતાઃ

**કોઠો-૪: પોષણની સ્થિતિ અંગે રાજ્યસ્તરે પ્રવર્તતી અસમાનતાઓ**

| નિર્દેશક | ભારતમાં સરેરાશ | ઉત્તમ કામગીરી કરનાર | સૌથી ખરાબ કામગીરી કરનાર |
|---|---|---|---|
| પાંચ વર્ષથી ઓછી વયના બાળકો કે જે કુંઠીત છે | ૩૮.૭% | કેરાલાઃ ૧૯.૪%<br>ગોવાઃ ૨૧.૩%<br>તામિલ નાડુઃ ૨૩.૩% | ઉત્તર પ્રદેશઃ ૫૦.૪%<br>બીહારઃ ૪૯.૪%<br>ઝારખંડઃ ૪૭.૪% |
| પાંચ વર્ષથી ઓછી વયના બાળકો કે જે કુપોષિત છે | ૧૫.૧% | સીક્કીમઃ ૫.૧%<br>મણીપુરઃ ૭.૧%<br>જમ્મુ અને કાશ્મીરઃ ૭.૧% | આંધ્ર પ્રદેશઃ ૧૯.૦%<br>તામિલ નાડુઃ ૧૯.૦%<br>ગુજરાતઃ ૧૮.૭% |
| પાંચ વર્ષથી ઓછી વયના બાળકો કે જે ઓછું વજન ધરાવે છે | ૨૯.૪% | મણીપુરઃ ૧૪.૧%<br>મીઝોરમઃ ૧૪.૮%<br>જમ્મુ અને કાશ્મીરઃ ૧૫.૬% | બીહારઃ ૩૭.૧%<br>મધ્ય પ્રદેશઃ ૩૬.૧%<br>ઝારખંડઃ ૪૨.૧% |

સ્રોતઃ રેપીડ સર્વે ઓફ ચિલ્ડ્રન (RSoC), ૨૦૧૪.

નોંધઃ ★સંબંધિત વસતિની ટકાવારી

**પ્રવર્તમાન નીતિ વિષયક માળખુ**

આ ક્ષેત્રે અત્યંત મહત્વના પોષણ માટેના સરકારી કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ (MWCD) વિભાગની આગેવાની હેઠળના આઈસીડીએસ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (MHFW) ના એનએચઆરએમ પ્રોગ્રામનો સમાવેશ થાય છે. બંને CSSs કાર્યક્રમમાં સામુદાયિક સ્તરના સંગઠનોને અગ્રતા આપવામાં આવે છે. આઈસીડીએસ હેઠળ ચાલતા AWCs અને AWWs ને સગર્ભા તથા બાળકોને દૂધ આપતી માતાઓને તથા બાળકોને પોષણ પૂરૂ પાડવા માટે NHRM હેઠળ એક્રીડીટેડ સોશ્યલ હેલ્થ એક્ટિવિસ્ટસ (ASHAs) ને અગ્રતા આપી રહ્યા છે.

આ કાર્યક્રમોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સહાય આપવામાં આવે છે, જેમાં સબસીડી દ્વારા મળતું અનાજ દેશના મોટા ગરીબ વર્ગને પૂરૂ પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત ૬ થી વધુ રાજ્યો કે જેમાં મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓડીશા, ગુજરાત, કર્ણાટક અને તાજેતરમાં ઝારખંડનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધા રાજ્યોએ પોતાના રાજ્યમાં ન્યૂટ્રીશન મિશનની સ્થાપના કરી છે. બાળકના જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસમાં સીધી દરમ્યાનગિરીની કામગીરી કોઠા-૫ માં દર્શાવવામાં આવી છે.

નેશનલ ન્યૂટ્રીશન મિશન (NNM) ની સ્થાપના વર્ષ ૨૦૧૭- ૧૮થી શરૂ કરીને ૩ વર્ષ માટે રૂ.૯,૦૪૬.૧૭ના બજેટથી શરૂ કરવામાં આવી હતી. NNM માં વિવિધ યોજનાઓનું કુપોષણ નિવારવા માટે આકલન કરવામાં આવ્યું છે, જેમાં રૂપાંતરના સબળ મિકેનિઝમ, આઈસીટી આધારિત રિયલ ટાઈમ મોનિટરીંગ સિસ્ટમ, રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોને લક્ષ્યાંકો હાંસલ કરવામાં આંગણવાડી કાર્યકરો (AWWs) ને આઈટી આધારિત સાધનોનો ઉપયોગમાં પ્રોત્સાહન, AWWs દ્વારા રજીસ્ટરોની નાબૂદી, આંગણવાડી કેન્દ્રોમાં (AWCs) બાળકોની ઉંચાઈ માપવા માટેની વ્યવસ્થા, સોશ્યલ ઓડિટસ, ન્યૂટ્રીશન રિસોર્સ સેન્ટર સ્થાપવામાં જન આંદોલન દ્વારા લોકો વડે જેવી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં સેન્ટ્રલ નોડલ એજન્સી, જે કેન્દ્ર અને રાજ્ય સરકારોના કાર્યક્રમોનું સંકલન કરે છે અને તેમને વધારાનું ભંડોળ / સ્રોત પૂરાં પાડે છે.

**કોઠો-૫ : પોષણ અંગેની ખાસ દરમ્યાનગિરીઓ (બાળકના જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસ દરમ્યાન)**

| લક્ષિત જૂથ | યોજનાઓ | મહત્વની દરમ્યાનગિરીઓ |
|---|---|---|
| સગર્ભા અને બાળકોને દૂધ આપતી માતાઆ | ICDS | ICDS: પૂરક આહાર આહાર અંગે માર્ગદર્શન, આરામ અને બ્રેસ્ટ ફીડિંગ, આરોગ્ય અને પોષણ અંગે શિક્ષણ |
| | ઈંદિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના (IGMSY) | પ્રસૂતિ અંગે શરતી લાભ |
| | રિપ્રોડકટિવ ચાઈલ હેલ્થ (RCH-II), નેશનલ રૂરલ હેલ્થ મિશન (NRHM), જનની સુરક્ષા યોજના (JSY) | NRHM: ગર્ભાધાન દરમ્યાન કાળજી, માર્ગદર્શન. પૂરક આહાર તરીકે લોહતત્વ, રસીકરણ, હોસ્પિટલમાં |

| | | |
|---|---|---|
| | | પ્રસૂતિ કરાવવા માટે પરિવહન વ્યવસ્થા, રોકડ લાભ, પ્રસૂતિ પહેલાની કાળજી, બ્રેસ્ટ ફીડિંગ અને બે બાળકો વચ્ચેનો સમય ગાળો રાખવા માટે માર્ગદર્શન |
| બાળકો (૦-૩ વર્ષના) | ICDS | ICDS: પૂરક આહાર, વિકાસ અંગે મોનિટરિંગ, માતા અને બાળકોની સંભાળ બાબતે માર્ગદર્શન અને આરોગ્ય શિક્ષણ, બાળકનો વિકાસ તથા નાના બાળકના ફીડિંગ અંગે માર્ગદર્શન NRHM નવજાત બાળક અંગે ઘરે માર્ગદર્શન. ઓછું પોષણ ધરાવતા અને નબળા બાળકો અંગે રેફરલ અને ફોલો-અપ. |
| | RCH-II, NRHM | NRHM: ઘરે જન્મેલા નવજાત બાળકોની સંભાળ, રસીકરણ, પૂરક આહાર તરીકે માઈક્રો ન્યૂટ્રીયન્ટ, ડી-વૉર્મિંગ, હેલ્થ ચેક-એપ, બાળકોની માંદગી તપાસવા અંગે મેનેજમેન્ટ તથા અતિશય કુપોષણ ધરાવતા બાળકોને જન્મના પ્રથમ માસ દરમ્યાન રેફરલ અને કેશલેસ સારવાર. માંદા જન્મેલા નાના બાળકોની સંભાળ, અતિશય કુપોષણ ધરાવતા બાળકોની પોષણ વ્યવસ્થા અને ફોલો-અપ્સ |
| | રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડિયા ઘર યોજના | રાજીવ ગાંધી ઘોડિયા ઘર યોજનાઃ કામકાજી મહિલાઓના બાળકોને સહયોગ આપતી યોજના |

**નીતિ વિષયક ભલામણોઃ**

ભારતમાં બાળકોને પૂરતુ પોષણ નહી મળવા અંગેની પ્રવર્તમાન સ્થિતિ અને હાલના નીતિ વિષયક અભિગમો મારફતે જે પૂરાવા પ્રાપ્ત થયા છે તેને આધારે ચોક્કસ પ્રકારની પોષણલક્ષી નીતિ અંતર્ગત જે દરમ્યાનગિરીઓ હાથ ધરવામાં આવી છે તે નીચે મુજબ છેઃ

૧. આઈસીડીએસને મજબૂત બનાવવું તથા તેનું પુનઃગઠન કરવું, જાહેર વિતરણ વ્યવસ્થાનો લાભ લેવો

આઈસીડીએસને કેન્દ્ર સરકાર પાસેથી પૂરતી નાણાકીય સહાય ફાળવીને મિશન મોડમાં મૂકવાની તથા નિર્ણય લઈ શકે તેવી ઓથોરિટીની નિમણૂક કરવાની જરૂર છે. આઈસીડીએસ દ્વારા છેલ્લા સ્થળ સુધી લાભ આપવા માટે જે દરમ્યાનગિરીઓ થઈ રહી છે તે માટે પૂરક આહારના ઘટકોને સ્ટાન્ડર્ડાઈઝ બનાવવાની જરૂર છે. સગર્ભા અને બાળકોને દૂધ આપતી મહિલાઓ સુધી શિક્ષણ પહોંચે તે માટે તેને અગ્રતા આપવાની જરૂર છે. કાર્યક્રમની સુધારણા માટે લક્ષ્યાંકો નક્કી કરવા અને આંગણવાડી કેન્દ્રોની કામીગીરીનું બહેતર માળખાગત સુવિધાઓની જોગવાઈ અને તાલિમ દ્વારા સરલીકરણ કરવાની જરૂર છે.

૨. સ્ટેપલ આહારમાં વિટામિન ઉમેરવા અંગેનો કાર્યક્રમ વિસ્તારવાની જરૂરિયાત

હાલમાં સ્ટેપલ આહારના ફોર્ટીફિકેશન પ્રવૃત્તિ ફરજીયાતપણે મીઠાનું આયોડાઈજેશન કરવા પૂરતી મર્યાદિત છે. આમ છતાં ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડાઈઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) અનાજના ફોર્ટીફિકેશન માટેનો મુસદ્દો તૈયાર થઈ રહ્યો છે, જેનાથી પોષણ મૂલ્ય વધશે. વધારાની જે દરખાસ્તો વિચારણા

હેઠળ છે તેમાં મીઠાનું ડબલ ફોર્ટીફિકેશન (આયોડીન અને લોહતત્વ) ઉમેરવાની દરખાસ્ત તથા ખાદ્ય તેલોનું ફરજીયાતપણે ફોર્ટીફિકેશન કરવાની યોજનાનો સમાવેશ થાય છે. ફોર્ટીફાઈડ સામગ્રીનો ઉપયોગ કરીને રાંધેલા ગરમ આહાર અંગેના ધોરણો પણ બદલવાની જરૂર છે. આ દ્વારા ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની મોટી સંખ્યાને પૂરતી કેલરી અને માઈક્રો સ્તરના પોષક તત્વો મળી રહેશે.

૩. યોગદાન આપનાર બહુવિધ પરિબળોનું લક્ષ રાખો, દા.ત. WASH

ભારતમાં 'છૂપા ભૂખમરા' ના પડકારોને હલ કરવા માટે ખૂબ જ સંકુલ સ્થિતિ છે અને તેમાં પોષણના ઈનપુટ કરતાં પણ વધુ પગલાં લેવાની જરૂર છે. વર્ષ ૨૦૧૪થી વર્તમાન સરકાર આવી યોજનાઓને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સેનિટેશન દ્વારા વેગ આપી રહી છે. આના કારણે દેશભરમાં ટોયલેટસની ઉપલબ્ધિ વધી છે. આમ છતાં, ટોયલેટના બાંધકામને વેગ આપવાની પ્રવૃત્તિ સાથે વર્તણૂંક બદલવાની વ્યૂહરચનાને પણ જોડવાની જરૂર છે.

૪. કૃષિ નીતિને રાષ્ટ્રીય પોષણના ઉદ્દેશો સાથે જોડવા

કૃષિ નીતિને પોષણની નીતિ સાથે કદમ મિલાવે તે રીતે જોડવાની જરૂર છે. આ માટે પોષક તત્વોથી ભરપૂર ઉત્પાદનને પ્રોત્સાહન તથા સ્થાનિક પાકના સ્વ-ઉપયોગનો સમાવેશ થાય છે. હાલમાં અપાતા કૃષિ પ્રોત્સાહનોનું જે વિકૃત સ્વરૂપ ઉભુ થયું છે તેમાં ઘટાડો કરીને પોષણ મૂલ્ય નહીં ધરાવતા શેરડી અને કપાસ જેવા પાકને બદલે વિવિધ સ્રોતોથી ભરપૂર રોકડિયા પાકની વાવણીને પ્રોત્સાહન આપવાની જરૂર છે. નવજાત બાળકો અને નાના બાળકોને ગુણવત્તાયુક્ત પોષણ મળી રહે તે માટે કૃષિ ક્ષેત્ર તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

૫. પોષણ અંગેની દરમ્યાનગિરીઓમાં ખાનગી ક્ષેત્રને જોડવાની પ્રવૃત્તિને વેગ આપવો

ખાનગી- જાહેર ક્ષેત્રના સહયોગ દ્વારા પબ્લિક- પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPPs) માં યોગ્ય ટેકનોલોજીનો લાભ લઈને આહારમાં ફોર્ટીફિકેશનના પ્રયાસોનો વ્યાપ વધારવાની જરૂર છે અને એ દ્વારા માતા અને નવજાત બાળકોના પોષણમાં સુધારો થાય તે રીતે પોષણથી સભર આહાર વિકસાવવાની અને તેનું વિતરણ કરવાની જરૂર છે. સરકાર દ્વારા PPPs ને સુવિધા પૂરી પાડીને આહારના ફોર્ટીફિકેશનના પ્રયાસોને વિસ્તારવાની જરૂર છે અને આ રીતે તેના દ્વારા લોકોમાં જાગૃતિ દ્વારા સરકારી કાર્યક્રમોની પહોંચને વિસ્તારી શકાશે.

**સમાપનઃ**

તંદુરસ્ત લોકો એ સાતત્યપૂર્ણ વિકાસની પૂર્વ શરત છે અને ભારત યુવા વસતિ પાસેથી લાંબાગાળાનું ડિવિડન્ડ મેળવવા માટે નોંધપાત્ર પડકારોનો સામનો કરી રહ્યું છે. સરકારની વિવિધ યોજનાઓની સફળતાનો આધાર તાલિમ પામેલું શ્રમદળ છે. વિશ્વમાં નબળો વિકાસ ધરાવતા બાળકોનું જોખમ ભારતમાં સૌથી વધુ છેઃ વર્ષ ૨૦૧૦માં દેશના ૧૨૧ મિલિયન બાળકોમાંથી ૫ વર્ષથી ઓછી વયના ૫૨ ટકા બાળકો જોખમભરી સ્થિતિમાં હતા. ભારતની આર્થિક મહત્વાકાંક્ષાઓનો વ્યાપ વિસ્તારવા પોષણને અગ્રતા આપીને સુસંકુલિત હેલ્થ એજન્ડા અમલમાં મૂકવાની અને બાળકના જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસ દરમ્યાન પોષણ મળી રહે તેવી નીતિ ઘડવાની જરૂર છે. જો આવુ થશે તો ભારતના વિકાસ અંગેનું મહત્વનું કદમ ભર્યા જેવું ગણાશે અને ભારતનો વિકાસ મજબૂત ખભા ઉપર આગળ વધશે. નેશનલ ન્યૂટ્રીશન મિશન દ્વારા ભારતે આશાસ્પદ કટિબધ્ધતા વ્યક્ત કરી છે. તેનાથી દેશમાં માતા અને બાળકોના કુપોષણની સમસ્યા હલ કરી શકાશે. પોષણનો ધ્યેય હાંસલ કરવા માટે આપણે અસરકારક વ્યૂહરચનાનો ખાત્રીપૂર્વક અમલ થાય તે બાબતે ધ્યાન આપવાની જરૂર છે.

**લેખક બ્રુકીંગ ઈન્ડિયાના રિસર્ચના ડિરેક્ટર છે અને બ્રુકીંગ ઈન્સ્ટીટ્યુશનમાં ગવર્નન્સ સ્ટડીના સિનિયર ફેલો છે. તે પ્રધાનમંત્રીશ્રીની એડવાઈઝરી કાઉન્સિલના સભ્ય પણ છે. તેમની કામગીરીમાં નાણાંકીય સમાવેશીતા, આરોગ્ય, જાતિય સમાનતા અને શહેરીકરણનો સમાવેશ થાય છે. તેમણે ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સમાં પીએચ.ડી કરેલુ છે.**

**E-mail**

**sravi@brookingsindia.rog**

**યોજના**
**વાંચો**
**યોજના**
**વંચાવો**
**યોજના**
**વસાવો**

# વિકાસને વેગ આપવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન

હિરણમોય રોય



આવાસ ક્ષેત્રે, બેઝિક સર્વિસ ફોર અર્બન પુઅર (બીએસયુપી) અર્થાત્ શહેરી ગરીબો માટે પાયાની સેવાઓ અને ઈન્ટિગ્રેટેડ હાઉસિંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (આઈએચએસડીપી) અર્થાત્ સંકલિત આવાસ અને ઝૂંપડા વિકાસ કાર્યક્રમ ઘટકો જે બાદમાં જેએનએનયુઆરએમ રાજીવ આવાસ યોજના (રે) થયા તે અંતર્ગત લો ઈન્કમ ગ્રૂપ (એલઆઈજી) અર્થાત્ ઓછી આવકના ગ્રૂપને આવાસો પૂરા પાડવામાં આવ્યા છે. આ પ્રોગ્રામ સમક્ષ આવેલો સૌથી મોટો પડકાર યોગ્ય જમીનની અછત હતી જેને પ્લાનિંગ કમિશન ઓફ ઈન્ડિયા (૨૦૧૨-૨૦૧૭) જમીનના ઉપયોગની પેટા-શ્રેષ્ઠ રૂપરેખા ગણાવે છે.

સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, નોંધપાત્ર પ્રમાણમાં જાહેરખર્ચ અને વિદેશી રોકાણકારો સહિત ખાનગી ભાગીદારોની મદદથી વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના બાંધકામ માટે તેઓ કટિબદ્ધ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર (આંતર માળખાકીય સુવિધા) ક્ષેત્રે આવી ઘણી બાબતો છે જ્યાં પ્રોજેક્ટના કારણે ઉભી થતી બાહ્યતાને પ્રોજેક્ટની માત્ર આવકના આધારે નિર્ધારિત ન કરી શકાય. આથી, સરકાર દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં નાણામંત્રાલયમાં એક બારી રાખીને સદ્ધરતા અંતરાલ ભંડોળ વ્યવસ્થા (વાયેબલિટી ગેપ ફંડિંગ અરેન્જમેન્ટ)ની રચના કરવામાં આવી છે.

શહેરીકરણ એક સારી તક છે અને પ્રાથમિકતા પણ છે માટે સરકારે આંતરિક રીતે સંકળાયેલા બે કાર્યક્રમ – સ્માર્ટ સિટી મિશન અને અમૃત- નો પ્રારંભ કર્યો છે. સ્માર્ટ સિટી મિશનનો હેતુ પોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ હોય તેવી સુવિધાઓ સાથે ૧૦૦ સ્માર્ટ સિટીનું નિર્માણ કરવાનો છે. ૨.૦૪ લાખ કરોડ રૂપિયાના ભંડોળની ફાળવણી સાથે આ પ્રોજેક્ટ માટે ૯૯ શહેરોની પસંદગી અત્યાર સુધીમાં કરી દેવામાં આવી છે. આ શહેરોમાં સ્માર્ટ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, સ્માર્ટ માર્ગો, સોલર રૂફ ટોપ, ઈન્ટેલિજન્ટ પરિવહન વ્યવસ્થા, સ્માર્ટ પાર્ક્સ વગેરે સાથે વિવિધ સ્માર્ટ પ્રોજેક્ટનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં રૂપિયા ૨૩૫૦ કરોડના પ્રોજેક્ટ્સ પૂરાં કરી દેવામાં આવ્યા છે અને રૂપિયા ૨૦,૮૫૨ કરોડના પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. ભારતમાં હેરિટેજ શહેરોનો વારસો જાળવી રાખવા અને શહેરોના મૂળ હાર્દમાં ફરી પ્રાણ ફૂંકવા, નેશનલ હેરિટેજ સિટી ડેવલપમેન્ટ એન્ડ એગ્યુમનેશન યોજના (હેરીડે)ને મોટાપાયે હાથ ધરવામાં આવી છે. અમૃત પ્રોગ્રામ અંતર્ગત મુખ્યત્વે ૫૦૦ શહેરોમાં વસતા હજારો પરિવારોને પાણીનો પુરવઠો પૂરો પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. ૫૦૦ શહેરો માટે રૂપિયા ૭૭,૬૪૦ કરોડની રાજ્ય સ્તરની યોજનાઓને પણ મંજૂરી આપવામાં આવી છે. ૪૯૪ પ્રોજેક્ટ્સ માટે રૂપિયા ૧૯,૪૨૮ કરોડના પાણી પૂરવઠાના કોન્ટ્રાક્ટ્સ અને ૨૭૨ પ્રોજેક્ટ્સ માટે રૂપિયા ૧૨,૪૨૯ કરોડના સફાઈ કાર્ય અને ગટર વ્યવસ્થાના કોન્ટ્રાક્ટ પણ ફાળવી દેવામાં આવ્યા છે. શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે રોકાણ, વ્યૂહાત્મક અને વ્યાપક સામાજિક લાભને સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં આર્થિક મદદ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (આઈઆઈએફસીએલ)ને વધુ વેગ આપવા માટે પણ સરકાર દ્વારા સુનિશ્ચિત કામગીરી હાથ ધરવામાં આવી છે.

માર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં સરકારે વિકાસની બાબતે નવી ઊંચાઈઓ સર કરી છે. વર્ષ ૨૦૧૭-૧૮માં દેશમાં કુલ ૯૦૦૦ કિલોમીટરથી વધારે લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગનું નિર્માણ થશે તેવો સરકારને પૂર્ણ વિશ્વાસ છે. દેશમાં અંતરિયાળ અને પછાત વિસ્તારો તેમજ સરહદી વિસ્તારો સાથે કનેક્ટિવિટી સુનિશ્ચિત થઈ શકે તેવા હેતુથી મહત્વાકાંક્ષી ભારતમાલા યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના અંતર્ગત પહેલા તબક્કામાં રૂપિયા ૫.૩૫ લાખ કરોડના ખર્ચે ૩૫૦૦૦ કિલોમીટરના માર્ગોનું નિર્માણ કરવામાં આવશે.

ઉર્જા ક્ષેત્રમાં સરકારે જણાવ્યું હતું કે, "પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ (પીપીએ)ના અમલીકરણ માટે અમે કાયદામાં ફેરફાર કરવા જઈ રહ્યા છીએ. કોઈપણ ચોક્કસ રાજ્ય અથવા વિતરણ વ્યવસ્થાની વાર્ષિક સરેરાશ માંગને ૧૦૦ ટકા આવરી લેવા માટે અમે પીપીએ માટે જોગવાઈ કરી રહ્યા છીએ." સરકારની વ્યૂહરચના ભારતમાં માથાદીઠ વીજ વપરાશમાં સુધારો લાવવા હેતુને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. હાલમાં ભારતમાં માથાદીઠ વીજ વપરાશ ૧૦૦૦ કિલોવોટ છે જે દુનિયામાં સૌથી ઓછો વપરાશ છે. તુલના કરવામાં આવે તો, ચીનમાં માથાદીઠ વીજ વપરાશ અંદાજે ૪,૦૦૦ કિલોવોટ છે જ્યારે વિકસિત દેશોમાં માથાદીઠ વીજ વપરાશ સરેરાશ ૧૫,૦૦૦ કિલોવોટ છે. વર્તમાન વીજ વિતરણ કંપનીઓના કહેવાતા વહન અને કન્ટેન્ટ ઓપરેશન્સને વિભાજિત કરવા માટે પણ આમૂલ પરિવર્તનની યોજના અંગે સરકાર વાતચીત કરી રહી છે. અહીં વહન એટલે વીજ વિતરણ પરિબળ છે અને કન્ટેન્ટ એટલે વીજળી છે. ઉદ્યોગની ભાષામાં, આ બંને શબ્દો "વાયર" અને "સપ્લાય" તરીકે ઓળખવામાં આવે છે. તેના વિભાજનના કારણે ભારતમાં લોકો અને કંપનીઓ તેમની પસંદગીની કંપની પાસેથી વીજળી ખરીદી શકશે અને તેમની પાસે રહેલી વીજળી વિતરણ નેટવર્ક દ્વારા તેઓ જ્યાં રહે છે ત્યાં પડોશમાં પહોંચાડી શકશે. પરિણામે, ગ્રાહકોને સારી પસંદગી મળશે અને સ્પર્ધાના કારણે તેમની પાસેથી ભાવ પણ ઓછો લેવામાં આવશે. તેની મદદથી આ ઉદ્યોગ દ્વારા ઉભી થતી ક્રોસ-સબસિડીમાં ઘટાડો થશે અને વ્યવસાય માટે ભાડામાં સ્પર્ધા વધશે જેથી છેવટે સરકારના 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને પણ સારો એવો વેગ મળી શકશે. સબસિડી તેના મૂળ હકદાર સુધી પહોંચે તે વાત પર ધ્યાન આપીને સરકાર વીજ ક્ષેત્રમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) સ્કીમની શક્યતાઓ પણ તપાસી રહી છે. સરકારની પોલિસી થિંક ટેન્ક નીતિ આયોગ દ્વારા તેની રાષ્ટ્રીય ઉર્જા નીતિના તૈયાર કરાયેલા ડ્રાફ્ટમાં વીજ ક્ષેત્રે ડીબીટી અંગે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

આવાસ ક્ષેત્રે, બેઝિક સર્વિસ ફોર અર્બન પુઅર (બીએસયુપી) અર્થાત્ શહેરી ગરીબો માટે પાયાની સેવાઓ અને ઈન્ટિગ્રેટેડ હાઉસિંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (આઈએચએસડીપી) અર્થાત્ સંકલિત આવાસ અને ઝૂંપડા વિકાસ કાર્યક્રમ ઘટકો જે બાદમાં જેએનએનયુઆરએમ રાજીવ આવાસ યોજના (રે) થયા તે અંતર્ગત લો ઈન્કમ ગ્રૂપ (એલઆઈજી) અર્થાત્ ઓછી આવકના ગ્રૂપને આવાસો પૂરા પાડવામાં આવ્યા છે. આ પ્રોગ્રામ સમક્ષ આવેલો સૌથી મોટો પડકાર યોગ્ય જમીનની અછત હતી જેને પ્લાનિંગ કમિશન ઓફ ઈન્ડિયા (૨૦૧૨-૨૦૧૭) જમીનના ઉપયોગની પેટા-શ્રેષ્ઠ રૂપરેખા ગણાવે છે. આ સમસ્યા વ્યાપકપણે નિયામક તંત્રના પ્રભાવ અને લાંબાગાળાના શહેરી આયોજનના અભાવ તેમજ જમીનના સૌથી અસરકારક ઉપયોગ નિર્ધારિત કરવા માટે સહયોગી આયોજન પ્રક્રિયાના અભાવના કારણે સર્જાઈ હતી. આવા કાર્યક્રમોના અમલીકરણમાં વિલંબના કારણે ખર્ચમાં પણ ઘણો વધારો થયો જેથી છેવટે જરૂરિયાત અનુસાર જે મકાનો આપવાના હતા તે ન આપી શકાયા અને લક્ષિત લોકો માટે તે મકાનો ન પોષાય તેવા મોંઘા થઈ ગયા. શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગવર્નન્સ (યુઆઈજી) હેઠળ ભંડોળ મેળવતા પ્રોજેક્ટ્સ દાખલ કરવામાં ઝુંપડાવાસીઓના સંભવિત સ્થળાંતરની પણ શક્યતા રહે છે અને તેવા કિસ્સામાં તેમના પુનર્વસન માટે સ્પષ્ટ નીતિ તૈયાર કરવી આવશ્યક છે. વર્ષ ૨૦૧૫માં લોન્ચ થયેલા નવા પ્રોગ્રામ હાઉસિંગ ફોર ઓલ (અર્બન) મિશન, આવતા પહેલા 'રે' પ્રોગ્રામમાં અમલીકરણનો વ્યાપ ઘણો ટૂંકો હતો જેથી તેના બદલે આ પ્રોગ્રામનો અમલ કરવામાં આવ્યો છે. હાઉસિંગ અને અર્બન પોવર્ટી અલીવિએશન (એમએચયુપીએ) અર્થાત્ આવાસ અને શહેરી ગરીબી નિરાકરણ દ્વારા રે પર આપવામાં આવેલા સારાંશ નિવેદન અનુસાર, વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૭ વચ્ચે, ૧૧૭,૭૦૭ મકાનોને મંજૂરી આપવામાં આવી હતી પરંતુ માત્ર ૩,૩૭૮નું કામ જ પૂર્ણ કરવામાં આવ્યું હતું (એમએચયુપીએ ૨૦૧૫). હાઉસિંગ ફોલ ઓલ મિશનનો હેતુ 'રે' ની જેમ જ મકાનો તૈયાર કરીને વર્ષ ૨૦૨૨ સુધીમાં મકાનોની અછતનો સંપૂર્ણ ઉકેલ લાવવાનો છે. જોકે, આ પ્રોગ્રામ માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં ફાળવવામાં આવેલું પ્રારંભિક બજેટ રૂપિયા ૪૦ અબજ હતુ જે, કોઈપણ મોટો પ્રભાવ પાડવા માટે ઘણું ઓછુ છે (એમએચયુપીએ ૨૦૧૫).

પરિવહન ક્ષેત્રે, જીઓઆઈના અભ્યાસમાં કરવામાં આવેલી ભલામણો

અનુસાર આ ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને વધુ વેગ આપવા માટે સંકલિત પરિવહન પોલિસી તૈયાર કરવાની જરૂરિયાત છે. પ્રારંભિક ધોરણે આ અભ્યાસનો હેતુ પ્રસ્તાવિક ટ્રાફિક ફ્લો, માલસામાન પરિવહન અને આગામી બે દાયદામાં પરિવહન ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે જરૂરી રોકાણ પર ધ્યાન આપવાનો છે. અભ્યાસમાં બહાર આવેલા મુખ્ય તારણોમાં સૂચવવામાં આવ્યું હતું કે, પરિવહન તંત્ર વર્તમાન પરિવહનના માધ્યમો, વહીવટી ભૌગોલિકતાઓના બંધનો તોડીને આગળ આવવું જોઈએ અને વિકાસ માટે નિયમનકારો તેમજ નીતિઓ સાથે સંકલિત મૂડી રોકાણ કરવું જોઈએ.

સરકાર દ્વારા આ દિશામાં કેટલાક પગલાં લેવામાં આવ્યા છે જેમાં જમીની પ્રદેશમાં જળમાર્ગોનું નિર્માણ, દરિયાકાંઠાના વિસ્તારોમાં શિપિંગ, રેલવેમાં સમર્પિત માલવાહક કોરિડોર, ઈલેક્ટ્રોનિક ટ્રોલિંગ સિસ્ટમ, શહેરી પરિવહન માટે મેટ્રો, બસ રેપિડ કોમન ટિકિટિંગ સહિત જાહેર પરિવહનનો વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. આ નીતિમાં એવું ટાંકવામાં આવ્યું છે કે, એવો માહોલ ઉભો કરવો આવશ્યક છે જેમાં સ્પર્ધાત્મક કિંમતો અને વૈકલ્પિક માધ્યમો વચ્ચે સમન્વયને પ્રોત્સાહન મળે જેથી એવી સંકલિત પરિવહન સિસ્ટમ આપી શકાય જેમાં માલસામાન અને લોકોની અવરજવર મહત્તમ કાર્યક્ષમતા સાથે અને ઓછામાં ઓછા દરે સુનિશ્ચિત થાય.

કેન્દ્રીય બજેટ ૨૦૧૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગેમ ચેન્જર છે કારણ કે ભારત સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સંખ્યાબંધ પગલાં લઈ રહી છે. આ ક્ષેત્રના વ્યૂહાત્મક મહત્વના કારણે, ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં તકોના મૂલ્યાંકન અને વિકાસના ચાલકોને પારખવા માટે ઊંડાણપૂર્વક વિશ્લેષણની જરૂર છે જેથી કેન્દ્રીય બજેટ ૨૦૧૮માં કેટલાક નવાં પગલાં લેવામાં આવ્યાં છે.


તાજેતરના ટ્રેન્ડ અને ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની રૂપરેખાને આ ક્ષેત્ર માટે બજેટમાં ફાળવવામાં આવેલી મોટી રકમ, વધી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોદાઓ, ખાનગી ક્ષેત્રના વધી રહેલા રોકાણ, પરિવહનમાં સુધારો અને આ ક્ષેત્રમાં વધી રહેલા એફડીઆઈના આધારે નિરૂપિત કરવામાં આવે છે.

દેશમાં ટકાઉક્ષમ વિકાસ માટે વર્ષ ૨૦૨૨ સુધીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રૂપિયા ૫૦ ટ્રિલિયન (૭૭૭.૭૩ અબજ અમેરિકી ડોલર)ના રોકાણની જરૂરિયાત હોવાથી ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના પ્રબળ ફાયદા જંગી માંગ પર આધારિત છે.

કોષ્ટક ૧ : ૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન પૂર્ણ કરવામાં આવેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો સારાંશ

| ક્ષેત્ર | પ્રોજેક્ટ્સની સંખ્યા | સંચિત ખર્ચ (અમેરિકી ડોલર) |
|---|---|---|
| માર્ગ પરિવહન અને ધોરીમાર્ગો | ૯૧ | ૮.૭ બિલિયન |
| વીજળી | ૭૩ | ૧૬.૬૩ બિલિયન |
| પેટ્રોલિયમ | ૬૫ | ૧૯.૪૮ બિલિયન |
| રેલવે | ૩૩ | ૩.૮૧ બિલિયન |
| સ્ટીલ | ૨૦ | ૮.૧૩ બિલિયન |
| શિપિંગ અને બંદરો | ૨૦ | ૧.૭૮ બિલિયન |
| ટેલિકમ્યુનિકેશન | ૧૪ | ૪૬૩.૬૨ મિલિયન |
| કોલસો | ૯ | ૨.૨૬ બિલિયન |
| ખાતરો | ૬ | ૫૯૬.૨૪ મિલિયન |
| નાગરિક ઉડ્ડયન | ૫ | ૮૬૧.૧૬ મિલિયન |
| શહેરી વિકાસ | ૫ | ૬૭૮.૮૩ મિલિયન |
| અણુ ઉર્જા | ૧ | ૧૬૮.૯૩ મિલિયન |

સ્ત્રોતઃ આંકડા અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય (એમઓએસપીઆઈ)




પાવર ટ્રાન્સમિશન, માર્ગો અને ધોરીમાર્ગો તેમજ રિન્યૂએબલ ઉર્જા જેવા ક્ષેત્રો આગામી વર્ષોમાં રોકાણ ખેંચી લાવશે. ભારતમાં અનુકૂળ મૂલ્યાંકન અને સારી કમાણી, પ્રાદેશિક કનેક્ટિવિટી યોજના અને માત્ર ૨૪ ટકા ધોરીમાર્ગો જ ફોરલેન હોવાથી સુધારાની વ્યાપક સંભાવનાઓના કારણે આકર્ષક તકો રહેલી છે. ચાઈના હાર્બર એન્જિનિયરિંગ અને મિઝુહો ફાઈનાન્સિઅલ ગ્રૂપ જેવા મોટા વૈશ્વિક ખેલાડીઓને આકર્ષવા જેવા સ્પર્ધાત્મક ફાયદાઓના કારણે આ ક્ષેત્રમાં વર્ષ ૨૦૧૭માં એફડીઆઈ રૂપે ભારતમાં જંગી રોકાણ આવ્યું છે.

રસપ્રદ રીતે, 'હાઉસિંગ ફોર ઓલ' અને 'સ્માર્ટ સિટીઝ મિશન' જેવા મજબૂત નીતિ સમર્થનના કારણે ભારત સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિકાસના માર્ગમાં આવતા અવરોધો દૂર કરી રહી છે. ભારતમાં નાણાકીય સ્થિતિમાં પરિવર્તન અને વિદ્યુત વિતરણ કંપનીના પુનરૂત્થાનની મદદથી, ઉદય જેવી સ્કીમ સાથે, ઉર્જા ક્ષેત્ર મજબૂત વિકાસ નોંધાવી રહ્યું છે. તેમજ વિવિધ ઈન્ફ્રાસ્ક્ટ્રક્ચર ક્ષેત્રોમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજૂરી આપવામાં આવી છે.

જમીન માર્ગોના વિસ્તરણમાં પ્રબળ વેગ પણ આપવામાં આવ્યો છે. ભારતમાં કુલ માર્ગો અને પુલનું મૂલ્ય વર્ષ ૦૯-૧૭માં સીએજીઆરના ૧૩.૬ ટકા દરે વિસ્તરણ પામીને ૧૯.૨ અબજ ડોલર પહોંચશે તેવો અંદાજ છે.

મૂળભુત આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગોમાં કોલસો, ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ, રિફાઈનરી પ્રોડક્ટ્સ, ખાતરો, સ્ટીલ, સીમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં એકંદરે ઈન્ડેક્સ ૪.૮ ટકાના દરે વધ્યો. વીજળી (૧૦ ટકા), સ્ટીલ (૯ ટકા), રિફાઈનરી પ્રોડક્ટ્સ (૮.૯ ટકા), સીમેન્ટ (૫.૮ ટકા) અને ખાતરો (૩.૩ ટકા)એ આ ઈન્ડેક્સમાં આગેવાની લીધી. એપ્રિલ થી ઓક્ટોબર ૨૦૧૭ વચ્ચે ઈન્ડેક્સની સંચિત વૃદ્ધિ ૩.૫ ટકા નોંધાઈ હતી.

ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસના ચાલકોમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા પગલાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાતો, હાઉસિંગ વિકાસ, આંતરરાષ્ટ્રીય રોકાણ અને પબ્લિક – પ્રાઈવેટ પાર્ટનરશીપ છે. બજેટ ૨૦૧૭- ૧૮માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કુલ ૬૧.૪૮ અબજ ડોલરની ફાળવણી કરવામાં આવી હતી અને મુખ્ય ક્ષેત્રોમાં રેલવે તેમજ મેટ્રો રેલ, બાંધકામ, ટેલિકોમ અને ઉર્જા, માર્ગો અને એરપોર્ટને સમાવી લેવામાં આવ્યા છે.

સરકાર દ્વારા લેવામાં આવતા પગલાં, આંતરરાષ્ટ્રીય જોડાણો અને શહેરી ભારતીય રીઅલ એસ્ટેટ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં તકો આવી રહી છે. સરકાર પબ્લિક –પ્રાઈવેટ પાર્ટનરશીપના પુનરૂત્થાન માટે અને તેને વેગ આપવા માટે પ્રયાસો કરી રહી છે. ભારતને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનમાં વૈશ્વિક હબ બનાવવા માટે, બજેટ ૨૦૧૭-૧૮માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કુલ ફાળવણીની જોગવાઈ ૬૧.૪૮ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. ભારતના વિકાસની ગાથામાં જાપાની રોકાણે મહત્વની ભૂમિકા ભજવી છે. જાપાન દ્વારા ભારતમાં ઉત્પાદન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રને વેગ આપવા માટે વર્ષ ૨૦૧૪-૧૯ સુધીમાં ૩૫ અબજ ડોલરનું રોકાણ કરવામાં આવ્યું છે. જાપાનની સરકાર સતત ભારતમાં રોકાણની નવી નવી તકો શોધી રહી છે. ઝડપથી શહેરીકરણની દિશામાં આગળ વધી રહેલા નાના નગરોમાં પાઈપ દ્વારા પાણી પુરવઠો પહોંચાડવાના પ્રોજેક્ટ માટે લોન પેટે એશિયન ડેવલપમેન્ટ બેંક ૨૭૫ મિલિયન ડોલરની લોન આપશે. આ પ્રોજેક્ટ હેઠળ મધ્યપ્રદેશમાં ૩ લાખ પરિવારોને આવરી લેવામાં આવશે. જો વર્ષ ૨૦૨૨ સુધીમાં દરેકને આવાસનું લક્ષ્ય સિદ્ધ કરવું હોય તો, ભારતે વર્ષ ૨૦૨૨ સુધી દરરોજ ૪૩,૦૦૦ નવા મકાન બાંધવાની જરૂર છે. સ્માર્ટ સિટી પ્રોગ્રામ અંતર્ગત આગામી દાયકામાં સેંકડો નવા સિટી વિકસાવવાની જરૂર પડશે. આ કારણે વૈશ્વિક સ્તરે ભારત ત્રીજા સૌથી મોટા બાંધકામ બજાર તરીકે ઉભરી આવે તેવી પૂરી સંભાવના રહેલી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ ક્ષેત્ર ભારતના અર્થતંત્રમાં ૧૫ ટકાનું યોગદાન આપશે તેવી અપેક્ષા છે. તાજેતરમાં અમલમાં આવેલા રીઅલ એસ્ટેટ એક્ટ, જીએસટી, આરઈઆઈટીએસ મંજૂરીમાં વિલંબ ઘટાડવા

માટે લેવાયેલા અન્ય પગલાં વગેરે તાજેતરમાં થયેલા નીતિગત સુધારાના કારણે રીઅલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્ર વધુ મજબૂત બની રહ્યા છે.

વડાપ્રધાન આવાસ યોજના (પીએમએવાય) અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૯માં ગ્રામીણ વિસ્તારોમાં ૫.૧ મિલિયન મકાનો બાંધવા માટે સરકારે રૂપિયા ૨૧,૦૦૦ કરોડ અલગથી ફાળવ્યા છે તેમજ આ વર્ષે પણ આ યોજના હેઠળ ૫.૧ મિલિયન મકાનોનું બાંધકામ થઈ રહ્યું છે. સરકાર દ્વારા પોષાય તેવા મકાનો (અફોર્ડેબલ હાઉસિંગ) બાંધવાના નિર્ણયથી સીમેન્ટ, સ્ટીલ, રંગો, સેનીટરીવેર અને ઈલેક્ટ્રિકલ્સ સહિતના ક્ષેત્રોને લાભ થશે. સરકાર નેશનલ હાઉસિંગ બેંકમાં અફોર્ડેબલ હાઉસિંગ માટે અલગથી એક સમર્પિત ભંડોળ તૈયાર કરશે.

આગામી નાણાકીય વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે નવા નિર્માણ અને અપગ્રેડેશન પાછળ ભારત રૂપિયા ૫.૯૫ લાખ કરોડનું રોકાણ કરશે તેમ નાણામંત્રીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "જીડીપીમાં વૃદ્ધિ માટે તેમજ આપણા દેશના લોકોને સારી ગુણવત્તાની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સમગ્ર દેશને માર્ગો, એરપોર્ટ્સ, રેલવે, બંદરો અને ભૂમિગત જળમાર્ગોથી જોડવા અને સંકલિત કરવા માટે આપણા દેશને ખૂબ જ મોટા પ્રમાણમાં રોકાણની જરૂર પડશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણનો આંકડો રૂપિયા ૫૦ લાખ કરોડથી વધારે હોવો જોઈશે." સંસાધનો વધારવા માટે સરકાર હસ્તકની કંપનીઓ ઈક્વિટી અને બોન્ડ માર્કેટમાં આવશે. માર્ગો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ભંડોળ ઉભુ કરવા આ બજેટમાં આયાતી પેટ્રોલ અને ડીઝલમાં લીટર દીઠ રૂપિયા ૮ માર્ગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ તરીકે લેવાની જોગવાઈ રાખવામાં આવી છે. સરકાર અને બજારના નિયામકો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (ઈન્વ.આઈટી) અને રીઅલ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (રીલઆઈટી) જેવા ભંડોળ સંગઠનો તૈયાર કરવા માટે જરૂરી પગલાં લઈ રહ્યા છે. સરકાર આગામી વર્ષે (ઈન્વઆઈટી)નો ઉપયોગ કરીને સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝીસ (સીપીએસઈ) અસ્કયામતો પસંદ કરીને તેમાંથી નાણાં ભંડોળ ઉભુ કરવા માટે પગલાં લેશે.

નવા સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આયોજન મોડેલના ભાગરૂપે એનડીએ સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટે અત્યાર સુધીના સૌથી મોટા

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મૂડી રોકાણઃ કેન્દ્રીય બજેટ ૨૦૧૮**

| | | RE 2017-18(Crore) | BE 2018-19(Crore) | Per Change |
|---|---|---|---|---|
| ૧ | કોલસા મંત્રાલય | ૧૪૪૭૮ | ૧૫૭૯૯ | ૯.૧૨૪૧૮૮ |
| ૨ | પૂર્વોત્તર પ્રદેશ વિકાસ મંત્રાલય (ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે) | ૩૩૦ | ૬૦૦ | ૮૧.૮૧૮૧૮ |
| ૩ | ન્યૂ અને રીન્યૂએબલ ઉર્જા મંત્રાલય | ૯૪૬૬ | ૧૦૩૧૭ | ૮.૯૯૦૦૭ |
| ૪ | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય | ૮૭૩૧૯ | ૮૯૨૧૦ | ૨.૧૬૫૬૨૩ |
| ૫ | ઉર્જા મંત્રાલય | ૬૪૩૧૮ | ૫૩૪૬૯ | -૧૬.૮૬૭૮ |
| ૬ | નાગરિક ઉડ્ડયન મંત્રાલય | ૨૫૪૩ | ૪૦૮૬ | ૬૦.૬૭૬૩૭ |
| ૭ | ટેલિકમ્યુનિકેશન વિભાગ | ૯૭૮૬ | ૧૬૯૮૬ | ૭૩.૫૭૪૪૯ |
| ૮ | રેલવે મંત્રાલય | ૮૦૦૦૦ | ૯૩૪૪૦ | ૧૬.૮ |
| ૯ | હાઉસિંગ અને શહેરી બાબતોનું મંત્રાલય | ૧૫૧૯૩ | ૩૯૯૩૭ | ૧૬૨.૮૬૪૫ |
| ૧૦ | માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય | ૫૯૨૭૯ | ૬૨૦૦૦ | ૪.૫૯૦૧૫૮ |
| ૧૧ | શિપિંગ મંત્રાલય | ૩૧૬૫ | ૪૦૪૨ | ૨૭.૭૦૯૩૨ |
| ૧૨ | સ્ટીલ મંત્રાલય | ૧૧૪૨૮ | ૧૧૨૯૪ | -૧.૧૭૨૫૬ |
| | કુલ | ૩૫૭૩૦૫ | ૪૦૧૧૮૦ | ૧૨.૨૭૯૪૩ |

**સ્ત્રોતઃ કેન્દ્રીય બજેટ ૨૦૧૮**

રેલવે અને માર્ગ બજેટની ફાળવણી કરી છે જે અનુક્રમે રૂપિયા ૧.૪૮ લાખ કરોડ અને રૂપિયા ૧.૨૧ લાખ કરોડ છે. ભારતને સાગરમાલા (પોર્ટ્સ) અને ભારતમાલા જેવી મહત્વાકાંક્ષી યોજનાઓ માટે પણ મોટા ભંડોળની જરૂર પડશે જેથી બજારમાં પોતાના વધતા હિસ્સા દ્વારા ભારત તેના પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો લાવી શકે. પોતાની તૈયાર માર્ગ અકસ્યામતો દ્વારા બજારમાંથી ઈક્વિટી (હિસ્સો) વધારવા માટે એનએચએઆઈ પોતાની માર્ગ અસ્કયામતોને સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (એસપીવી) અર્થાત્ વિશેષ હેતુ વાહનો માટે વિચાર કરશે અને ટોલ ઓપરેટ એન્ડ ટ્રાન્સફર તેમજ ઈન્વ.આઈટી જેવા નાવીન્યપૂર્ણ નાણાં સાધનો અંગે વિચાર કરશે. ભારતમાલા માટે કુલ રોકાણ અંદાજે રૂપિયા ૧૦ લાખ કરોડ છે જે સરકારની માર્ગ નિર્માણ યોજના માટે અત્યાર સુધીની સૌથી મોટી રકમ છે અને તે ઉપરાંત સાગરમાલા માટે પણ વર્ષ ૨૦૩૫ સુધીમાં વધારાના રૂપિયા ૮ લાખ કરોડની જરૂર પડશે. જેટલીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૭-૧૮માં ભારતમાં ૯૦૦૦ કિલોમીટરથી વધુ લંબાઈના માર્ગોનું નિર્માણ થશે તેવો સરકારને પૂર્ણ વિશ્વાસ છે. ભારતમાં કુલ ૩.૩ મિલિયન કિલોમીટરનું જમીનમાર્ગોનું નેટવર્ક છે જે દુનિયામાં બીજા ક્રમનું સૌથી મોટું નેટવર્ક છે.

આગામી નાણાકીય વર્ષમાં ભારતીય રેલવે માટે યોજનાગત મૂડીરોકાણ રૂપિયા ૧.૪૮ લાખ કરોડનું છે જે રાષ્ટ્રીય કક્ષાના આ પરિવહન તંત્ર માટે અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે. ૩,૯૯૯ કિલોમીટરના ટ્રેકનું નવિનીકરણ, ૧૨,૦૦૦ વેગનની પ્રાપ્તિ, રૂપિયા ૨૦,૦૦૦ કરોડનું સલામતી ભંડોળ અને ૬,૦૦૦ કિલોમીટરનું વિદ્યુતિકરણ આ વર્ષની યોજનામાં છે. બજેટ સિવાયની આર્થિક સહાય અને બજેટ સિવાયના અન્ય સ્ત્રોતો જેમ કે આઈઆરએફસી બોન્ડ અને અન્ય લેણા દ્વારા રૂપિયા ૨૬,૪૪૦ કરોડ જેવી અન્ય વ્યવસ્થાઓ દ્વારા આ રાષ્ટ્રીય પરિવહન તંત્ર વધારાના રૂપિયા ૨૮,૫૦૦ કરોડ ઉભા કરશે. સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની ફીડબેક ઈન્ફ્રાના ચેરમેન વિનાયક ચેટરજીએ જણાવ્યું હતું કે, રેલવે મૂડી ખર્ચ યોજનામાં મુખ્યત્વે ઈલેક્ટ્રિફિકેશન, સલામતી અને આધુનિકીકરણ, મુસાફર સલામતી અને અન્ય સુવિધાઓ પર ધ્યાન આપવામાં આવશે તેમજ ભાડા સિવાયની આવકમાં અસરકારક પ્રમાણમાં વૃદ્ધિ માટે પણ શક્યતાઓ ચકાસવામાં આવશે.

આવાસ મંત્રાલય અને પૂર્વોત્તર પ્રદેશ વિકાસ મંત્રાલય (ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે) માટે વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં નાણાં જોગવાઈ વર્ષ ૨૦૧૭-૧૮ની તુલનાએ વધારવામાં આવી છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર માટે આ ફાળવણી અગાઉની તુલનાએ એકંદરે ૧૨.૨૭ ટકા વધારે છે.

આમ, કેન્દ્રીય બજેટ ૨૦૧૮માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રને ભારતના અર્થતંત્રમાં વૃદ્ધિના ચાલક તરીકે અને વધુ આર્થિક વિકાસ માટે મહત્વના હિસ્સા તરીકે પારખવામાં આવ્યું છે. કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં કરવામાં આવેલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોગવાઈઓથી જીડીપીમાં વધારો થશે, વ્યૂહાત્મક રીતે દેશની મુખ્યભૂમિ સાથે સંકળાયેલા હોવા જરૂરી ગણતા સરહદી વિસ્તારો સહિત દેશભરમાં કનેક્ટિવિટી વધુ મજબૂત કરશે, સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષણ, ખેતી, પરિવહન, પ્રવાસન અને સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રને વેગ મળશે તેવી આશા સેવાઈ રહી છે. નાણામંત્રીએ એવું પણ જણાવ્યું હતું કે સ્માર્ટ સિટી મિશન શહેરી ભારતમાં આવી રહેલી ટેકનોલોજીકલ અને ડિજીટલ સમસ્યાઓના સ્માર્ટ ઉકેલ આપશે, અમૃત યોજના શહેરી ભારતમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે અને પ્રવાસનને પ્રોત્સાહન આપી શકાય તેમજ હેરિટેજ શહેરોનો ટકાઉક્ષમ વિકાસ પણ કરી શકાય તે માટે હેરીડે (HRIDAY) દ્વારા હેરિટેજ શહેરોને સંરક્ષિત કરી શકાશે.




**લેખક સ્કૂલ ઓફ બિઝનેસ (SoB), ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ ખાતે એસોસિએટ પ્રોફેસર છે. તે યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ અને એનર્જી સ્ટીડીઝ (UPES), દહેરાદૂનમાં ૧૭ વર્ષનો શિક્ષણ અને સંશોધનનો અનુભવ ધરાવે છે. તેમણે નીતિ આયોગ, યુજીસી અને વિશ્વ બેંકના ઘણાં સંશોધન અને કન્સલ્ટન્સી પ્રોજેક્ટસ પૂર્ણ કર્યા છે.**

**E-mail**

**h.roy10@gmail.com**

# ભારતમાં નાણાકીય સમાવેશ : આગળનો માર્ગ

**ચરણ સિંઘ**




આ પરીપ્રેક્ષ્યમાં દરેક ઘરમાં બેન્કનું ખાતું હોય તેની ખાતરી માટે વડાપ્રધાને પદ સંભાળ્યા બાદ ૧૫મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ લાલ કિલ્લા પરથી તેમના પ્રથમ ભાષણમાં આ દિશામાં સઘન પ્રયાસો કરવાની જરૂર હોવાની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી જનધન યોજના (પીએમજેડીવાય)નો હેતુ બેઝિક સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ, જરૂરિયાત આધારિત ધિરાણ, રેમિટન્સ સુવિધા અને વીમા તથા પેન્શન જેવી વિવિધ પાયાની નાણાકીય સેવાઓની ઉપલબ્ધતાનો વ્યાપ ખાસ કરીને સમાજના નબળા વર્ગ અને ઓછી આવક ધરાવતા જૂથો સુધી વધારવાનો હતો.

નાણાકીય સમાવેશ એક એવી પ્રક્રિયા છે, જે દેશના સુધારેલા અને વધુ સારા ટકાઉ આર્થિક અને સામાજિક વિકાસને સક્ષમ બનાવે છે. તે સમાજના વંચિત વર્ગનું જીવનધોરણ સુધારવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે અને તેનો હેતુ આ વંચિત વર્ગને આત્મ નિર્ભર બનાવાવનો અને તેમને વધુ સારા નાણાકીય નિર્ણયો લેવા સક્ષમ બનાવવાનો હોય છે. ઉપરાંત તે આર્થિક વૃદ્ધિમાં નાણાકીય સેવાઓનો લાભ મેળવવાના તેમના પ્રમાણના આધારે ઓછી આવકવાળા જૂથોની ભાગીદારીને સ્વીકૃતિ આપે છે.

નાણાકીય સમાવેશક સમિતિ (ભારત સરકાર, ૨૦૦૮)ની વ્યાખ્યા મુજબ સમાજના નબળા વર્ગને તેમની જરૂરિયાત અનુસાર પરવડે તેવા ખર્ચે સમયસર અને પર્યાપ્ત ધિરાણ અને નાણાકીય સેવાઓની ઉપલબ્ધતાની ખાતરીની પ્રક્રિયાને નાણાકીય સમાવેશ કહી શકાય છે. નાણાકીય સમાવેશનો હેતુ સમાન તકોની જોગવાઈ સાથે ઓછી-આવકવાળા જૂથોને નાણાકીય સેવાઓ પૂરી પાડવાનો છે. સમિતિએ નાણાકીય સમાવેશને ચોક્કસ સમય મર્યાદાની અંદર વૈશ્વિક નાણાકીય સમાવેશના લક્ષ્યાંકો હાંસલ કરવા મિશન મોડ પર લેવા જણાવ્યું છે અને ગરીબો દ્વારા વધુ પ્રમાણમાં ધિરાણ લેવામાં આવે તે માટે વિકાસ અને ટેક્નોલોજી પર કેન્દ્રીત બે સમર્પિત ભંડોળની રચના પણ કરાઈ છે.

**નાણાકીય સમાવેશ – ઐતિહાસિક વિકાસ**

સામાન્ય માન્યતાથી તદન વિપરિત ઐતિહાસિક રીતે ભારત નાણાકીય સમાવેશની બાબતમાં અગ્રેસર છે. કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઝ એક્ટ, ૧૯૦૪ ભારતમાં સહકારી ચળવળને પ્રેરણા આપી છે. સહકારી બેન્કોનો હેતુ બેન્કિંગ સુવિધાઓ શાહુકારોની સરખામણીમાં સરળ શરતોએ સમાજના વંચિત વર્ગને ધિરાણની ઉપલબ્ધતા પૂરી પાડવાનો હતો. સામાન્ય રીતે આ શાહુકારો ખૂબ જ ઊંચા વ્યાજ દર વસૂલવા માટે કુખ્યાત હતા. ભારતમાં નાણાકીય સમાવેશની કવાયત વધુ સ્પષ્ટ રીતે વર્ષ ૧૯૫૫માં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીયકરણની સાથે શરૂ થઈ હતી. વર્ષ ૧૯૬૭માં દેશમાં સામાજિક બેન્કિંગની ચર્ચાએ જોર પકડ્યું હતું. જેને પરીણામે વર્ષ ૧૯૬૯માં દેશમાં ખાનગી ક્ષેત્રની ૧૪ બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. આ પગલા પાછળનો આશય મુખ્યત્વે

સમાજના નબળા વર્ગ તેમજ ગ્રામીણ વિસ્તારોના લોકોને નાણાકીય સેવાઓ પૂરી પાડવાનો હતો. વર્ષ ૧૯૭૪ સુધીમાં અગ્રતાના ક્ષેત્રોને ધિરાણની કલ્પના વાસ્તવિક બની હતી. આ કલ્પના હેઠળ નાણાકીય સેવાઓની સુવિધા નહી ધરાવતા ક્ષેત્રોને સીધા જ ધિરાણની સુવિધા પૂરી પાડવા નિર્દેશ અપાયા હતા. ત્યાર બાદ વર્ષ ૧૯૮૦માં દેશના ગ્રામીણ અને અંતરિયાળ ક્ષેત્રોમાં બેન્કિંગ સુવિધા પહોંચાડવા માટે વધુ આઠ ખાનગી બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદથી વિકાસની પ્રક્રિયાને વેગ આપવા માટે ખાસ કરીને અગ્રતાના ક્ષેત્રમાં બેંક ધિરાણની નોંધપાત્ર પુનર્રચના કરવામાં આવી હતી. અગાઉ આ ક્ષેત્રો પર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું નહોતું.

વર્ષ ૨૦૦૫થી ભારત સરકારે ભારતીય રીઝર્વ બેન્ક (આરબીઆઈ) અને કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે રાષ્ટ્રીય બેંક (નાબાર્ડ) સાથે ભારતમાં નાણાકીય સમાવેશની સ્થિતિમાં સુધારો લાવવા માટે અનેક સંયુક્ત પગલાં હાથ ધર્યાં છે. આ પગલાંઓમાં સ્વ સહાય જૂથ-બેન્ક જોડાણ કાર્યક્રમ, વ્યવસાય સહાયક અને સંવાદદાતાઓનો ઉપયોગ, 'નો-યોર-કસ્ટમર' (કેવાયસી) ધોરણો હળવા કરવા, ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફરના લાભ, મોબાઈલ ટેક્નોલોજીનો ઉપયોગ, 'નો-ફ્રીલ એકાઉન્ટ્સ' ખોલવા અને નાણાકીય સાક્ષરતા પર ભાર મૂકવો જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઉપરાંત સરકાર દ્વારા નાણાકીય સમાવેશને સહયોગ કરવા માટે ગ્રાહક સેવા કેન્દ્રો, ક્રેડિટ કાઉન્સેલિંગ કેન્દ્રો ખોલવા, કિસાન ક્રેડિટ કાર્ડ, નેશનલ પેન્શન સ્કીમ – લાઈટ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરેન્ટી યોજના અને આધાર યોજના સહિતની પહેલો પર પણ ભાર મૂકવામાં આવ્યો. સરકારના સઘન પ્રયાસો છતાં દેશના ગ્રામીણ અને અંતરિયાળી વિસ્તારોમાં બેન્કિંગ સેવાઓનો પ્રસાર પ્રમાણમાં ઓછો છે.

આ પરીપ્રેક્ષ્યમાં દરેક ઘરમાં બેન્કનું ખાતું હોય તેની ખાતરી માટે વડાપ્રધાને પદ સંભાળ્યા બાદ ૧૫મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ લાલ કિલ્લા પરથી તેમના પ્રથમ ભાષણમાં આ દિશામાં સઘન પ્રયાસો કરવાની જરૂર હોવાની જાહેરાત કરી હતી.




પ્રધાનમંત્રી જનધન યોજના (પીએમજેડીવાય)નો હેતુ બેઝિક સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ, જરૂરિયાત આધારિત ધિરાણ, રેમિટન્સ સુવિધા અને વીમા તથા પેન્શન જેવી વિવિધ પાયાની નાણાકીય સેવાઓની ઉપલબ્ધતાનો વ્યાપ ખાસ કરીને સમાજના નબળા વર્ગ અને ઓછી આવક ધરાવતા જૂથો સુધી વધારવાનો હતો. સરકારે નાના ઉદ્યોગોને ધિરાણ પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રીત કરી માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ રીફાઈનાન્સ એજન્સી (મુદ્રા) યોજનાની રજૂઆત કરીને નાણાકીય સમાવેશનો લક્ષ્યાંક હાંસલ કરવા સઘન પ્રયાસ ચાલુ રાખ્યા છે. એ જ રીતે વર્ષ ૨૦૧૫ સુધીમાં પીએમજેડીવાય મારફત ૯૫ ટકાથી વધુ ભારતીય ઘરોમાં બેન્ક ખાતા ખોલાવવાનો લક્ષ્યાંક સફળતાપૂર્વક હાંસલ કરવામાં આવ્યો છે. આ રીતે કેન્દ્ર સરકારે તાર્કિક અને ક્રમિક પગલાં મારફત સામાન્ય જનતાને સામાજિક સલામતી પૂરી પાડી છે. કેન્દ્ર સરકારની ફ્લેગશિપ યોજના અટલ પેન્શન યોજના (એપીવાય)નો આશય અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા ગરીબ કામદારોને વૃદ્ધાવસ્થામાં આવકની સલામીત પૂરી પાડવાનો છે. જીવન જ્યોતિ વીમા યોજના એક વર્ષનું કવર પૂરું પાડે છે, જેને દર વર્ષે રીન્યૂ કરી શકાય છે અને તે જીવન વીમાની સુવિધા પૂરી પાડે છે તથા વાર્ષિક ધોરણે રીન્યૂ થઈ શકે તેવી સુરક્ષા વીમા યોજના અકસ્માતમાં મૃત્યુ અથવા વિકલાંગતાના સંજોગોમાં વીમા કવચ પૂરું પાડે છે.

પીએમજેડીવાયે તેના લોન્ચિંગ સમયથી ૪થી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૩૧.૪ કરોડ



ખાતા ખોલવામાં આવ્યા હતા, જેમાંથી ૧૮.૫ કરોડ ગ્રામીણ વિસ્તારોમાં, ૧૨.૯ કરોડ શહેરી વિસ્તારોમાં અને ૧૬.૬ કરોડ મહિલા ખાતાધારકો છે. રૂપે કાર્ડ્સની સંખ્યા પણ વધીને ૨૩.૭ કરોડ થઈ છે. સરકારની આ પહેલોનો વિકાસ અસરકારક છે અને ૪થી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં કમર્શિયલ બેન્કો સાથે બેન્ક થાપણોની કુલ રકમ રૂ. ૭૯,૦૧૨.૧ કરોડ થઈ હોવાનું માનવામાં આવે છે.

**પડકારો**

વિસ્તૃત રીતે નાણાકીય સમાવેશ વિસ્તરણમાં મહત્વના પડકારો નીચે મુજબ છે –

૧. પીએમજેડીવાય હેઠળ બધા જ ખાતા ચાલુ નથી – કેટલાક કિસ્સામાં ખાતાધારકના ભંડોળના અભાવે બેન્ક ખાતાઓ સસ્પેન્ડ થઈ ગયા છે. ખર્ચ અસરકારક્તાના પાસાથી ખાતામાં ઓછું બેલેન્સ ટેક્નોલોજીકલ આગેકૂચના અમલ માટે ચિંતાની બાબત છે.

૨. નાણાકીય સાક્ષરતાનો અભાવ – ગ્રામીણોમાં પર્યાપ્ત નાણાકીય સાક્ષરતાનો અભાવ છે, જેને કારણે નાણાકીય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી અનેક નાણાકીય સેવાઓ અંગે લોકોમાં જાગૃતિ નથી.

૩. ખાતાઓનું ખૂબ જ વ્યાપક પ્રમાણ – ખૂબ જ મોટી સંખ્યામાં નવા અને વર્તમાન ખાતાઓને ઈ-પેમેન્ટ સિસ્ટમની સેવા પૂરી પાડવા માટે ટેક્નિકલ અને સંસ્થાગત માળખાગત સુવિધાની જરૂર છે.

૪. માનવબળના આયોજનની જરૂરિયાત – બેન્કો અને સંસ્થાગત કર્મચારીઓ માટે પર્યાપ્ત ટેકનિકલ કુશળતા વિકસાવવા અને તાલિમ પૂરી પાડવાની જરૂર છે.

૫. સલામત વાતાવરણ – ભારતના અંતરિયાળ વિસ્તારોમાં ખાસ કરીને નવા ખાતાઓના સંદર્ભમાં ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્શન્સની સલામતી ચિંતાજનક બાબત છે.

૬. ટ્રાન્ઝેક્શનની સરળતા – બેન્કોમાં ટ્રાન્ઝેક્શન્સ સંબંધિત પ્રવૃત્તિઓમાં સરળતાની ઉણપથી સ્પષ્ટપણે ગ્રામીણ પરિવારો વારંવાર શાહુકારો પાસેથી ધિરાણ લેવાનું પસંદ કરે છે.

૭. ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગની જરૂરિયાત – ઓપરેશનલ પાસાને ધ્યાનમાં લઈએ તો બેન્કિંગ સેવા પૂરી પાડવામાં એટીએમ મારફત સગવડ પૂરી પાડવામાં આવતી હોવા છતાં ડેબિટ કાર્ડના ઉપયોગનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. માત્ર ૩૦ ટકા ખાતાધારકો ડેબિટ કાર્ડ ધરાવે છે.

૮. માગ આધારિત પરિબળ – ઓછી આવક અથવા એસેટ હોલડિંગ્સ જેવા પરિબળો, નાણાકીય ઉત્પાદનો વિશે જાગૃતિનો અભાવ, દેખીતી રીતે પરવડે નહીં તેવા ઉત્પાદનો, ઊંચા ટ્રાન્ઝેક્શન ખર્ચ, અનુકૂળ ન હોય તેવા ઉત્પદાનો, ગ્રામીણ ક્ષેત્રની આવક મુજબ કસ્ટમાઇઝ નહી કરાયેલા ઉત્પાદનો નાણાકીય સિસ્ટમના પ્રસાર માટેના મુખ્ય અવરોધો છે.

૯. ટેક્નોલોજીના ઉપયોગનો ખર્ચ અને જોખમ – નાણાંકીય નુકશાન, ડેટા ચોરી અને નીજતા ભંગના સંદર્ભમાં આઈટી ડિપ્લોયમેન્ટ અને જોખમો પર ખર્ચમાં વધારાની બાબત ચિંતાજનક છે.

૧૦. સાઈબર સિક્યોરિટી – પીએમજેડીવાય હેઠળ છેલ્લા ૩ વર્ષમાં અંદાજે ૩૧ કરોડ નવા

ખાતા ખોલવામાં આવ્યા છે અને તેમાંથી ૮૦ ટકા પ્રથમ વખત બેન્કિંગ ખાતાઓનો ઉપયોગ કરી રહ્યા છે. આ બાબત ખાસ કરીને નો-યોર-કસ્ટમર નિયમો હળવા કરાયા છે ત્યારે સાઈબર સિક્યોરિટી માટે જોખમી બની શકે છે.

**આગામી માર્ગ**

છેલ્લા બે દાયકામાં ભારત અને વિદેશમાં બેન્કિંગ અને નાણાકીય ઉદ્યોગમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. વૈશ્વિક સ્તરે નાણાકીય સમાવેશની વ્યવસાયિક યોગ્યતા સ્થાપિત કરવામાં આવી છે અને એટલું જ નહી વિવિધ દેશોની સરકારોએ વંચિતો અને ઓછી આવકવાળા જૂથો સહિત તેમની વસ્તીના મોટા ભાગ સુધી નાણાકીય સેવાઓ પહોંચાડવા માટે વિશેષ પ્રયત્નો કર્યાં છે કારણ કે આર્થિક સમાવેશ આર્થિક આર્થિક સમાનતા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. હવે સત્તાવાર નાણાકીય સંસ્થાઓ ઓછા-ખર્ચે બેન્કિંગ સુવિધાઓ, સલામત ભંડોળની સુવિધા પૂરી પાડી રહી છે અને વ્યાજની ચૂકવણી સાથે થાપણદારોને વધારાના વળતરમાં એકાઉન્ટિંગની સાનુકૂળતા પણ પૂરી પાડી રહી છે. બેન્કો હવે બચતકર્તા અને રોકાણકારો વચ્ચે મધ્યસ્થીની ભૂમિકામાં આવી ગઈ છે અને આ રીતે તેઓ વૃદ્ધિ માટે સંશાધન પૂરું પાડનારી બની છે. તેથી બેન્કોએ લોકોની બચતોને થાણપો તરીકે જોવાની નહીં, પરંતુ સંશાધનો માટેની જરૂરિયાત તરીકે જોવાની જરૂર છે. આ ભંડોળનો ઉપયોગ રોજગારી સર્જન તેમજ શ્રેણીબદ્ધ આર્થિક પ્રવૃત્તિઓ માટે કરી શકાય છે.

ભારતમાં આગામી કેટલાક દાયકાઓમાં બદલાતી પરિસ્થિતિના સંદર્ભમાં નીચેની કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

૧. ભારતીય અર્થતંત્ર કૃષિ અને ગ્રામીણ પ્રવૃત્તિઓ સાથે ખૂબ જ ગાઢ રીતે સંકળાયેલું છે, કારણ કે દેશની લગભગ ૬૬ ટકા વસતી હજી પણ ગ્રામ્ય વિસ્તારોમાં નિવાસ કરે છે.

૨. ભારત વિશ્વની કુલ વસતીમાં ૧૬ ટકા હિસ્સો ધરાવે છે અને તેની પાસે પાણીના સંશાધનો માત્ર ૪ ટકા છે. વધતી વસતી સાથે કૃષિ ક્ષેત્ર માટે પાણીની અછત ગંભીર સમસ્યા સર્જી શકે છે.

૩. દેશમાં વધી રહેલી વસતી તેમજ શહેરીકરણ તથા ઔદ્યોગિકરણમાં થઈ રહેલા વધારાના કારણે જમીનની અછત ઊભી થવાથી ખાદ્યાન્ન અને કૃષિ ઉત્પાદનોનો ખર્ચ ઊંચો આવી શકે છે.

૪. ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધી બેન્કોમાં ડિપોઝીટ ખાતાઓની સંખ્યા ૧૨૩ કરોડ હતી. વધારામાં પોસ્ટ ઓફિસોમાં ૨૮ કરોડ ખાતા હતા. પીએમજેડીવાયના પરીણામે બેન્કોમાં અંદાજે ૩૧ કરોડ નવા ખાતાઓનો ઉમેરો થયો છે. વધારામાં વડાપ્રધાને જાહેરાત કરી છે કે દેશવાસીઓને સામાજિક સલામતી યોજનાઓનો લાભ બેન્કિંગ સિસ્ટમ મારફત જ મળી શકશે. વધુમાં મુદ્રા બેન્ક આર્થિક પિરામિડમાં નીચલા સ્તર પર રહેનારા લોકોમાં બેન્કિંગ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી રહી છે.

૫. જનધન તેમજ તાજેતરમાં જાહેર કરવામાં આવેલી અન્ય યોજનાઓ હેઠળ નવા ખાતા ખૂલવાના કારણે બેન્કની શાખાઓ ન હોય તેવા સ્થળો પર પણ બેન્કિંગ સેવાઓની અપેક્ષા અને બેન્કિંગ સિસ્ટમમાં કામગીરીના બોજમાં જંગી વધારો થયો છે. પરીણામે કમર્શિયલ બેન્કો માટે દેશના અંતરિયાળ વિસ્તારોમાં બેન્કિંગ સેવાઓ પૂરી પાડવાનો ખર્ચ વધ્યો છે.

૬. સરકારે જાહેરાત કરી છે કે તે ટેક્નોલોજી તેમજ બેન્ક ખાતાનો ઉપયોગ કરીને લોકોને સીધા જ સંશાધનો ટ્રાન્સફર કરશે. સીધા ટ્રાન્સફરના લાભના કારણે સામાન્ય જનતા ખાસ કરીને ઓછી આવકવાળા જૂથોને નાણાકીય સંશાધનોનો વધારાનો લાભ મળી શકે છે. ખાદ્યાન્ન વસ્તુઓના ઊંચા ભાવના કારણે પણ ગ્રામીણ વિસ્તારની ખરીદ શક્તિમાં વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાને વચન આપ્યું છે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થઈ જશે. જોકે, સરકારી યોજનાઓની મદદથી દેશમાં કેટલી વસતી ગરીબીમાંથી બહાર આવશે તેનો

અંદાજ કાઢવો ખૂબ જ જરૂરી છે.

**સમાપન અને ભલામણો**

દેશના અર્થતંત્રમાં નાણાકીય સમાવેશનો હેતુ જનતા ખાસ કરીને વંચિતો અને ઓછી આવકવાળા જૂથોને પરવડે તેવા દરે નાણાકીય સંશાધનો પૂરા પાડવાનો છે. જોકે, નાણાકીય સમાવેશની વધી રહેલી જટીલતાને ધ્યાનમાં લેતાં તેના અસરકારક અમલ માટે માર્ગદર્શિકા તેમજ નિયમનકારની જરૂરિયાત જણાઈ રહી છે.

વધુમાં વ્યાપક સ્તર પર નાણાકીય સમાવેશનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે ખૂબ જ જરૂરી એવો ડિજિટાઈઝેશનનો મુદ્દો ખૂબ જ ગંભીર છે અને તેના માટે ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવાની જરૂર છે. ભાષા અને બોલીની દૃષ્ટિએ ભારત અનેક વૈવિધ્યતાઓથી ભરેલો દેશ છે. ઉપરાંત દેશમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૦ ટકા જેટલું ઓછું છે અને અંગ્રેજી ભાષામાં સાક્ષરતાનું પ્રમાણ તો દેશની વસતીના માત્ર ૧૦ ટકા જેટલું હોય છે. ઉપરાંત હકીકત એ છે કે બધી જ ઈલેક્ટ્રોનિક ડિવાઈસીસ અંગ્રેજી આંકડા ધરાવે છે અને ડિજિટલ બેન્કિંગમાં દરેક પ્રકારનું કમ્યુનિકેશન અંગ્રેજી ભાષામાં જ કરવામાં આવે છે. આ કારણોસર તાત્કાલિક સમય દરમિયાન ભારતીય અર્થતંત્રનું સંપૂર્ણ ડિજિટલાઈઝ કરવામાં બહુ મોટો અવરોધ ઊભો થઈ રહ્યો છે. વધારામાં ભારતમાં અંદાજે ૩૦ ટકા વસતી અથવા ૪૦ કરોડથી વધુ જનતા ગરીબી રેખાથી નીચેનું જીવન વ્યતિત કરે છે તેમજ ૯૦ ટકા વસતી અસંગઠીત ક્ષેત્રમાં કામ કરે છે. સરકાર માટે એક મોટો પડકાર એ પણ છે કે સમાજનો આ વર્ગ અથવા વંચિત અને ઓછી આવકવાળો વર્ગ ડિજિટલ અર્થતંત્રને અપનાવવામાં ખૂબ જ ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે. વધારામાં ગામડાની દુકાનો, શોપિંગ શેડ્સ, ગામડાના કામચલાઉ કિઓસ્કસમાં ટ્રાન્ઝેક્શન્સનું પ્રમાણ ઓછું હોય છે તેમજ આ જગ્યાઓ પ્લાસ્ટિક મની પરના સિક્યોર ડેટા વાંચવા અને તેની સલામતી માટેના સાધનોને ઈન્સ્ટોલ કરવા માટેના ખર્ચને પહોંચી વળે તેમ નથી. દેશના અંતરિયાળ વિસ્તારોમાં આ પ્રકારના સાધનો પૂરા પાડવાનો ખર્ચ અને પરવડે તેવા ખર્ચે અવિરત કનેક્ટિવિટીની ખાતરી વધુ એક મોટો પડકાર છે, જેનો ઉકેલ લાવવો જરૂરી છે. હાલમાં ઈ-મનીનો ઉપયોગ મોટાભાગે શહેરી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં વધુ શિક્ષિત યુવાનો સુધી જ મર્યાદિત રહ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં સ્માર્ટફોન્સની પહોંચ વધી છે, પરંતુ તે પરીવારની એક જ વ્યક્તિ સુધી મર્યાદિત હોય છે, જેનો અર્થ એ થાય છે કે અહી બેન્કિંગ પ્રવૃત્તિ મર્યાદિત રહેશે. તેથી ડિજિટલ અર્થતંત્ર ઊભું કરવા માટે વિવિધ પાસાઓ પર નિર્ણય લેવા નિશ્ચિત સમય મર્યાદા અને અસરકારક ખર્ચ સાથે લાંબાગાળાની યોજના તૈયાર કરવી વધુ હિતાવહ છે. ભારતમાં તિવ્ર ગતિએ ડિજિટલાઈઝેશન માટે એક એવી સમિતિ બનાવવાની જરૂર છે, જે સમસ્યા સમજી શકે અને પડકારોથી પરિચિત બને ત્યાર બાદ સફળતા મેળવવા માટે એક માર્ગદર્શિકા તૈયાર કરે. સરકારે ૧૦૦ શહેરોની યાદી જાહેર કરીને સ્માર્ટ સિટી બનાવવાની જાહેરાત કરી છે. આ શહેરોમાં તબક્કાવાર ટેક્નોલોજીકલ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. સમાન વ્યૂહરચના, પાયલોટ આધારિત પ્રોજેક્ટ્સ અને કામગીરી ડિજિટલાઈઝેશન માટે અપનાવી શકાય છે.

પીએમજેડીવાયની સફળતાને ધ્યાનમાં રાખીને એક નવું અંતર સ્પષ્ટપણે ઊભરી આવ્યું છે અને તે માઈક્રો અને ગ્રામીણ સેક્ટરનું નિયમન છે. વર્ષ ૧૯૩૪માં સ્થાપિત આરબીઆઈ દેશની બેન્કિંગ સિસ્ટમ પર નિયંત્રણ ધરાવે છે અને તેનું નિરિક્ષણ કરે છે. વધારામાં અનેક દાયકાઓથી કમર્શિયલ બેન્કો દ્વારા નાણાકીય સમાવેશના પ્રયાસ કરવામાં આવતા હોવા છતાં તેમાં કેન્દ્રિત અભિગમનો અભાવ જોવા મળ્યો છે. હવે નાબાર્ડને નાણાકીય સામેલગીરીના નિયમન અને નિરીક્ષણ માટે ચાર દાયકાથી વધુ અનુભવ સાથે સ્પષ્ટ ઉત્તરદાયિત્વ અને જવાબદારી સોંપવાની જરૂર પડી શકે છે.

**લેખક UCLA Anderson, Los Angeles, USA. ના વિઝીટીંગ પ્રોફેસર છે. અગાઉ તે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુશન ઓફ મેનેજમેન્ટ બેંગલૂરૂ ખાતે આરબીઆઈ ચેર પ્રોફેસર હતા. ડો. સિંઘે ડોક્ટરેટ પછીનો તેમનો અભ્યાસ હાવર્ડ અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીઓમાં કરેલો છે. યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સ, સીડની ખાતે ઈકોનોમિક્સના વિષય સાથે પી.એચ.ડીનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેમણે ડિસેમ્બર ૨૦૧૨માં શિક્ષણ ક્ષેત્રે જોડાતાં પહેલાં, આ અગાઉ પંજાબ નેશનલ બેંક, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ટરનેશનલ મોનિટરી ફંડમાં કામ કર્યું છે.**

**E-mail**
**charan.singh@anderson.ucla.edu**

# રાષ્ટ્રીય સલામતી : જાહેર વિતરણ વ્યવસ્થાની ભૂમિકા

ડૉ. પુલ્લૈયા ડુડેકુલા



જાહેર વિતરણ વ્યવસ્થાના કાર્ડ સર્વ વ્યાપી હોવા છતાં વર્ષ ૨૦૦૪-૦૫ થી વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે આવા કાર્ડ જેમની પાસે નથી તેવા લોકોની સંખ્યા ૧૯ ટકાથી ઘટીને ૧૪ ટકા સુધી પહોંચી હતી. કાર્ડ મેળવવા માટે નોકરશાહીની મુશ્કેલીઓને આ પરિસ્થિતિ માટે ખૂબ જ મહત્વનું કારણ ગણવામાં આવે છે. ગરીબીની જીવનરેખા નીચે જીવતા (બીપીએલ) અથવા અંત્યોદય અન્ન યોજના (એએવાય) હેઠળના પરિવારો તરીકે કાર્ડ ધરાવનારનું પ્રમાણ વર્ષ ૨૦૦૪-૦૫ અને વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે ૩૬ ટકાથી વધીને ૪૨ ટકા જેટલું થયું હતું.

રાષ્ટ્રીય આહાર સુરક્ષા કાયદો મુખ્યત્વે જાહેર વિતરણ વ્યવસ્થાના વિસ્તરણ મારફતે સુરક્ષા પૂરી પાડે છે. આમ છતાં, તે કેટલા પ્રમાણમાં આહાર સુરક્ષા તરફ દોરી જશે તે બાબતનો આધાર પરિવારો સસ્તા અનાજની ઉપલબ્ધી ઉપર કેવો પ્રતિભાવ આપે છે તેની ઉપર અવલંબે છે. ઘર વપરાશના નિર્ણયો ઉપર પીડીએસની સબસીડી બે સક્ષમ રીતે અસર કરે છે. પરિવારો સતત તેમના પરિવારની જરૂરિયાતો વચ્ચે સમતુલા જાળવવાનો પ્રયાસ કરતા હોય છે. જેમાં તેમના આહારની ગુણવત્તા વધારવાના પ્રયાસ તથા પરિવારના સભ્યોના આરોગ્ય તથા શિક્ષણ ખર્ચમાં રોકાણ કરવાનો સમાવેશ થાય છે. જે પરિવારો આહારમાં વિવિધીકરણને મૂલ્યવાન ગણતા હોય તે સસ્તુ અનાજ ખરીદતાં વધેલાં નાણાંનો ઉપયોગ અહારની દૂધ, ફળ અને કદાચ ઈંડા કે માંસ જેવી ચીજો ખરીદવામાં (આવકની અસર) કરે છે. જે પરિવારોમાં અન્ય જરૂરિયાતોનું પ્રભુત્વ હોય તે સબસીડી ધરાવતા અનાજની ખરીદી કરીને પૈસા બચાવે છે અને આ પેસા અન્ય ચીજો ખરીદવા તરફ વાળવામાં આવતા (વિકલ્પની અસર) હોય છે. આ અસર એક અનુભવ આધારિત અસર બની રહેતી હોય છે.

ગ્લોબલ ન્યુટ્રિશન રિપોર્ટ ૨૦૧૭ દર્શાવે છે કે દુનિયામાં તાજેતરના દાયકાઓમાં પોષણની સ્થિતિ સુધારવા માટે તથા તેની સાથે સંકળાયેલા ખર્ચ અંગે નોંધપાત્ર પગલાં લેવાવા છતાં પોષણ એ હજુ ખૂબ જ વ્યાપક અને સાર્વત્રિક સમસ્યા બની રહી છે.

આ અહેવાલ મુજબ ભારત અપૂરતા પોષણની અતિ ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે, જે દર્શાવે છે કે દેશમાં પ્રજનન ક્ષમતા ધરાવતી અડધાથી વધુ મહિલાઓ લોહીની ઉણપ (એનિમિયા) નો સામનો કરી રહી છે. ગ્લોબલ ન્યુટ્રિશન રિપોર્ટ ૨૦૧૭ કે જેમાં ભારત સહિત ૧૪૦ દેશોની વિગતો આપવામાં આવી છે તેમાં જણાવાયું છે કે કુપોષણનાં ૩ સ્વરૂપોનો અહી નોંધપાત્ર બોજ જોવા મળે છે. આ અહેવાલમાં વિશ્વમાં પોષણના લક્ષ્યાંકોને માતા, નવજાત

બાળક અને નાના બાળકોમાં આહાર સંબંધી બીન ચેપી રોગો વિશ્વ આરોગ્ય સંસ્થાના સભ્યે દેશોમાં જોવા મળ્યા છેઅને સરકારો લાભ આપવાની ક્ષમતા વગર વચનો આપતાં જણાયાં છે. તેમાં આપેલા વચન મુજબ સરકારો અથવા તો સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ વ્યાપક અસર થાય તેવાં વચનો અપાતાં જણાયાં છે. અને દરેક સ્વરૂપે કુપોષણને નાબુદ કરવાની વાતો કરાય છે. ગ્લોબલ ન્યટ્રિશન રિપોર્ટ ૨૦૧૭ જણાવે છે કે ભારતની રાષ્ટ્રીય ન્યૂટ્રિશન નીતિમાં મેદસ્વીતા અને અપૂરતા પોષણનો બોજ હલ કરવાની જરૂર છે.

**ભારતમાં જાહેર વિતરણ વ્યવસ્થા :**

દેશમાં જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ) ગરીબ લોકોને સસ્તા અનાજની દુકાનોના નેટવર્ક મારફતે રાહત દરે વારંવાર આવશ્યક ચીજ વસ્તુઓ અને અનાજનો પુરવઠો પૂરો પાડે છે ૪.૯ લાખ સસ્તા અનોજની દુકાનોનો દાવો છે કે તે ૧૯૦ મિલિયન પરિવારોને રૂ. ૪૦,૦૦૦ કરોડની ચીજો પૂરી પાડે છે. ભારતની જાહેર વિતરણ વ્યવસ્થા એ કદાચ દુનિયામાં તેના પ્રકારની જાહેર વિતરણનું નેટવર્ક છે. જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ) એ ભારત સરકારના ગ્રાહક બાબતોના તથા અનાજ અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા સ્થાપવામાં આવેલ લોકો માટેની આહાર સુરક્ષા યોજના છે. કેન્દ્ર સરકાર અનાજના એકત્રીકરણ, સંગ્રહ અને પરિવહન તથા મોટા જથ્થામાં અનાજની ફાળવણી કરે છે, જયારે રાજય સરકારો અંદાજે ૫ લાખ જેટલી સસ્તા અનાજની દુકાનોના સુસ્થાપિત ગ્રાહકોને તેના વિતરણની કામગીરી સંભાળે છે. આ માળખા દ્વારા જે ચીજોનું વિતરણ કરાય છે તેમાં ઘઉં, ચોખા, ખાંડ અને કેરોસીનનો સમાવેશ થાય છે.

જાહેર વિતરણ વ્યવસ્થાને પારિવારિક અને પોષણલક્ષી સલામતી માટેની સંસ્થા તરીકે આકાર આપવાની કામગીરી અગાઉની સ્વતંત્ર મૂલ્યાંકન કચેરી અને હવે ડેવલપમેન્ટ, મોનિટરીગ અને ઈવેલ્યુએશન ઓફિસ દ્વારા ભારત સરકારના કૃષિ મંત્રાલયની વિનંતીથી સોંપવામાં આવી હતી. અભ્યાસમાં જાહેર વિતરણ વ્યવસ્થાની અસરકારકતા તપાસીને અનાજ અને પોષણલક્ષી સલામતીના લાભાર્થીઓની સમીક્ષા કરવાનો હતો. જે અન્ય પાસુ તપાસવામાં આવ્યું હતું તેમાં જાહેર વિતરણ વ્યવસ્થાની કાર્યક્ષમતા અને લાભાર્થીઓને અનાજ પૂરૂ પાડવામાં મહત્વ તથા સિરિયલ અને નોન સિરિયલ, ફૂડ અને નોન ફૂડ ખર્ચાઓમાં સમતુલા તથા પરિવર્તનની અનાજના ખર્ચ/ વપરાશની તરાહ વગેરેમાં અસરો અંગે અભ્યાસ કરવાનો હતો.

**પ્રેરણા :**

ભારતના અર્થતંત્રએ નોંધપાત્ર વૃધ્ધિ હાંસલ કરી હોવા છતાં એવું જોવા મળે છે કે છેલ્લા બે દાયકામાં ગરીબીમાં ઘટાડાની સાથે સાથે આર્થિક વૃધ્ધિની તુલનામાં પોષણની સ્થિતિમાં સુધારો કદમ મિલાવી શક્યો નથી. નેશનલ સેમ્પલ સર્વે (એનએસએસ) ના ડેટા અને દસ્તાવેજોમાં પણ એવું દર્શાવવામાં આવ્યું છે કે વર્ષ ૧૯૯૩-૯૪ અને વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં માથાદીઠ અનાજના વપરાશમાં ઘટાડો થયો છે. ભારતમાં આર્થિક પ્રગતિ અને પોષણની સ્થિતિમાં સુધારા વચ્ચે અસમાનતા બાબતે જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ) ની કામગીરીનું વિશ્લેષણ કરીને અનાજના વપરાશની તરાહ અને એ ગાળામાં પોષણલક્ષી પરિણામો અંગે અભ્યાસ જરૂરી બને છે. જાહેર વિતરણ વ્યવસ્થાને દેશના સૌથી મોટા સેફ્ટી નેટ કાર્યક્રમ તરીકે જોવામાં આવે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ ચોખા, ઘઉં, ખાંડ અને કેરોસીન ભારે સબસીડી ધરાવતા દરે ગરીબોને આપીને તેમની પોષણલક્ષી ઊણપ નિવારવાનો છે. આઝાદી પછીના વર્ષોમાં અનાજની તંગી વર્તાતી હતી તે સંદર્ભમાં આ કાર્યક્રમ સામૂહિક ધોરણે શરૂ કરવામાં આવ્યો હતો. આમ છતાં આ કાર્યક્રમની તેના શહેરી પૂર્વગ્રહ બદલ વ્યાપક ટીકા કરવામાં આવી છે. પછીથી ટાર્ગેટેડ પીડીએસ (ટીપીડીએસ) દ્વારા જૂન ૧૯૯૭માં તેમાં અત્યંત ગરીબ પરિવારોને નોંધપાત્ર પ્રમાણમાં અનાજ ઓછા દરે પૂરૂ પાડીને તેમના પોષણની સ્થિતિ સુધારવા અને આહાર સલામતીનાં પગલાં તરીકે તેનું સરલીકરણ કરવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં સબસીડીના દરે ગરીબોને વ્યાપક પ્રમાણમાં અનાજ ઉપલબ્ધ કરવાથી કુપોષણની સ્થિતિ અને તેને કારણે ઓછું વજન ધરાવતા બાળકોની સંખ્યા ઘટવાની અપેક્ષા હતી.

**આવક, અનાજ અને પોષણના કોયડાઓઃ**

આપણે પોષણ અંગેના રાષ્ટ્રીય આંકડા બાબતે વર્ષ ૨૦૦૫-૦૬ના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પોપ્યુલેશન સાયન્સીસ અને મેક્રો ઈન્ટરનેશનલ ૨૦૦૭) ઉપર આધાર રાખવો જોઈએ. વિવિધ અન્ય સર્વેક્ષણોમાં નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ અને યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ (થ્રોટ એન્ડ દેસાઈ, ૨૦૧૬) નેશનલ ફેમિલી સર્વે નં.૧, ૨ અને ૩ માં જણાયું છે કે ઓછું વજન ધરાવતા બાળકો તેમજ ગરીબીમાં ઘટાડા અંગે માત્ર નહીંવત્ત ફરક પડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

નેશનલ સેમ્પલ સર્વે (એનએસએસ) ના આંકડાઓ વિતેલા સમયમાં ગરીબીમાં ક્રમશઃ ઘટાડો થયો હોવાનું અનાજના વપરાશના આધારે દર્શાવે છે તે કોયડા જેવું છે. કેલેરીનો વપરાશ પણ ઘટ્યો હોવાનું જણાય છે. ડીએટન અને ડ્રેઝ (૨૦૦૯) દ્વારા સૂચવવામાં આવ્યું હતું કે વિશ્લેષણમાં જણાયું છે કે જે ઘટાડો જોવા મળ્યો છે તે વધુ આવક ધરાવતા સ્તરમાં જોવા મળ્યો છે, જે ભૌતિક પ્રવૃત્તિઓમાં ઘટાડા અને તેને પરિણામે ઉભી થયેલી કેલેરીની ડિમાન્ડને કારણે થયો છે.

**ટીપીડીએસનો વ્યાપઃ**

જાહેર વિતરણ વ્યવસ્થાના કાર્ડ સર્વ વ્યાપી હોવા છતાં વર્ષ ૨૦૦૪-૦૫ થી વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે આવા કાર્ડ જેમની પાસે નથી તેવા લોકોની સંખ્યા ૧૯ ટકાથી ઘટીને ૧૪ ટકા સુધી પહોંચી હતી. કાર્ડ મેળવવા માટે નોકરશાહીની મુશ્કેલીઓને આ પરિસ્થિતિ માટે ખૂબ જ મહત્વનું કારણ ગણવામાં આવે છે. ગરીબીની જીવનરેખા નીચે જીવતા (બીપીએલ) અથવા અંત્યોદય અન્ન યોજના (એએવાય) હેઠળના પરિવારો તરીકે કાર્ડ ધરાવનારનું પ્રમાણ વર્ષ ૨૦૦૪-૦૫ અને વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે ૩૬ ટકાથી વધીને ૪૨ ટકા જેટલું થયું હતું. આમાંનો મોટા ભાગનો વધારો એએવાય કાર્યક્રમનો વ્યાપ વિસ્તારવાને કારણે થયો હતો. બીપીએલ અને એએવાય કાર્ડ ધારકો સમાજના સૌથી ગરીબ વર્ગોમાંથી આવતા હોવા છતાં આવી ધારણા બિલકુલ સાચી ઠરતી નથી. તેંદુલકર કમિટિએ સૂચવ્યું હતું તે મુજબ વપરાશને આધારે ગરીબીની રેખા નક્કી કરવામાં આવે તો બીપીએલ કાર્ડ ધારકોમાંથી માત્ર ૨૯ ટકા લોકો ગરીબ છે, જ્યારે ૭૧ ટકા લોકો ગરીબ નથી. આનો અર્થ એ થયો કે ગરીબ નથી એવા ઘણાં લોકો પાસે બીપીએલ કાર્ડ છે અને ઘણાં ગરીબ લોકો બીપીએલ કાર્ડથી વંચિત રહી ગયા છે.

**ટીપીડીએસની પ્રાપ્તિ અને ઉપયોગઃ**

વર્ષ ૨૦૦૪-૦૫ અને વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે જાહેર વિતરણ વ્યવસ્થાના ઉપયોગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં તમામ પરિવારોમાંથી ૨૭ ટકા લોકો જાહેર વિતરણ વ્યવસ્થામાંથી અનાજ ખરીદતા હતા, જયારે વર્ષ ૨૦૧૧-૧૨માં આ પ્રમાણ વધીને ૫૨.૩ ટકા જેટલું થયું છે. દરેક કેટેગરીના કાર્ડ ધારકોમાં જાહેર વિતરણ વ્યવસ્થાના વપરાશમાં આ ગાળા દરમ્યાન વૃધ્ધિ થઈ હોવાનુ આ અભ્યાસમાં જણાયું છે, જ્યારે તમામ બીપીએલ અને એએવાય કાર્ડ ધારકો જાહેર વિતરણ વ્યવસ્થામાંથી અનાજ ખરીદે છે અને ગરીબી રેખાની ઉપર જીવતા (એપીએલ) કાર્ડ ધારકો પણ જાહેર વિતરણ વ્યવસ્થાના અનાજનો ઉપયોગ કરે છે. ખરીદી કરતા પરિવારો દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થાના ઉપયોગમાં વધારો, જાહેર વિતરણ વ્યવસ્થામાંથી ખરીદવામાં આવતા અનાજના હિસ્સામાં વધારો છતાં, દેશમાં અનાજનો વપરાશ ઓછે-વત્તે અંશે એક સરખો રહ્યો છે.

જાહેર વિતરણ વ્યવસ્થાના ઉપયોગમાં જે સુધારો જોવા મળ્યો છે તે માત્ર અનાજ બાબતે જ નહીં, કેરોસીનમાં પણ જોવા મળ્યો છે. જાહેર વિતરણ વ્યવસ્થાના ૭૯ ટકા કાર્ડ ધારકો સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ ખરીદે છે. આમ છતાં પ્રાથમિક બળતણ તરીકે કેરોસીનનો વપરાશ ખૂબ જ નહીવત્ત જણાયો છે. લગભગ ૨૮ ટકા પરિવારો લાકડાં અને એલપીજીની તુલનામાં કેરોસીનનો ઉપયોગ કરે છે.

**કાર્યક્ષમતાને લક્ષ બનાવવા અંગે :**

જાહેર વિતરણ વ્યવસ્થામાંથી બાકાત રહી જતા લોકોની સંખ્યમાં વર્ષ ૨૦૦૪-૦૫ અને વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચેઘટાડો જોવા મળ્યો છે. આમ છતાં

પણ બંને પ્રકારોમાં ક્ષતિઓનું પ્રમાણ વિશેષ છે. આ ફેરફાર માટે ગરીબીનું સ્તર ઘટવાની બાબતને તથા સમગ્ર વસતીમાં વિતરણ કરવામાં આવેલાં કાર્ડની સંખ્યામા થયેલા મામૂલી વધારાને કારણભૂત ગણવામાં આવે છે. તમામ ક્ષેત્રોમાં વર્ષ ૨૦૦૪-૦૫ અને વર્ષ ૨૦૧૧-૧૨ની વચ્ચે સમાવેશમાં ક્ષતિઓ જોવા મળી છે. આ પ્રમાણ દક્ષિણના રાજ્યોમાં વધારે પ્રમાણમાં જોવા મળ્યું છે. જ્યારે બાકાત રહી જવાની ક્ષતી હાંસિયામાં રહી ગયેલા સમુદાયોમાં વિશેષ પ્રમાણમાં જોવા મળી છે.

### વિશ્લેષણની ટેકનિક તરીકે ઝોક દર્શાવતા આંકડાનો ઉપયોગ

તામ પરિવારો માટે આહાર સુરક્ષા માટે ટાર્ગેટેડ જાહેર વિતરણ વ્યવસ્થા ઉત્તમ માર્ગ છે કે નહી તે તપાસવા માટે આવકને સ્થિર પરિબળ તરીકે ગણનામાં લઈને ફૂડ સબસીડી મેળવતા પરિવારો અને નહી મેળવતા પરિવારો વચ્ચે તુલના કરવી આવશ્યક બની જાય છે. આમ છતાં સામાન્યપણે પારિવારિક આવકના આંકડા ઉપલબ્ધ નહી હોવાને કારણે આવી તુલના કરવી મુશ્કેલ બની બની જાય છે. ઈન્ડિયા હ્યુમન ડેવલપમેન્ટ સર્વે ૧ અને ૨ માં પારિવારિક આવક અંગે તથા વપરાશના આંકડાઓના મોડ્યુલ અંગે વિસ્તૃત વિગતો આપેલી છે તેનાથી વપરાશનાં વિવિધ પાસાં અંગે વિશ્લેષણથઈ શકે તેમ છે.

### આહારના ખર્ચને આકાર આપવામાં BPL/AAY સબસીડીની ભૂમિકા

PSM ટેકનિકને અમલમાં મુકવાથી BPL/AAY કાર્ડ ધારક અને કાર્ડ નહી ધરાવતા પરિવારોમાં વપરાશ તરાહમાં વિવિધતા જોવા મળે છે. આ પરિણામ દર્શાવે છે કે કોઈપણ આવકના સ્તરમાં BPL/AAY કાર્ડ ધારક પરિવારો APL કાર્ડની તુલનામાં જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનેથી અનાજ ખરીદવાનું વધુ પસંદ કરે છે. માત્ર BPL કારડ ધારકો જ સબસીડી ધરાવતુ અનાજ ખરીદવાને પાત્ર હોવાને કારણે આ બાબતથી કોઈ અચરજ થતુ નથી. BPL/AAY કાર્ડ ધારકો અનાજના વપરાશ ઉપર જે ખર્ચ કરે છે તેની તુલનામાં જે લોકો કાર્ડ ધરાવતા નથી તે લોકો જે ખર્ચ કરે છે તેની તુલનામાં ઓછો હોય છે. એક વખત જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા અપાતી છૂપી સબસીડી બાદ કરીએ તો આ આંકડો નાનો રહે છે આમ છતાં તે ખૂબ જ મહત્વનો છે. BPL/AAY કાર્ડ ધારક શાહમૃગી નીતિ અપનાવીને દૂધ, ફળ સૂકો મેવો કે માંસનો ઉપયોગ કરવાને બદલે સસ્તા અનાજમાંથી પોતાની કેલેરીની જરૂરિયાત પૂરી કરે છે. BPL કાર્ડ ધરાવતા લોકોની તુલનામાં આવુ કાર્ડ નહી ધરાવતા લોકોમાં વધતી આવકને કારણે આહારમાં મોટું વિવિધીકરણ આવે છે.

### આવકમાં વૃધ્ધિ / ઘટાડાના સંદર્ભમાં અનાજના વપરાશને આકાર આપવામાં TPDS ની ભૂમિકા

જ્યારે એક જ પરિવારની સમય જતાં સમાન પ્રકારના પરિવારોની સાથે આવકની વૃધ્ધિ કે ઘટાડાના સંદર્ભમાં તુલના કરવામાં આવે છે ત્યારે વિવિધ પરિવારોના કિસ્સામાં અનાજ વપરાશની તરાહ બદલાતી જણાતી હોય છે. જાહેર વિતરણ વ્યવસ્થા સુધી પહોંચવાની સ્થિતિ ધ્યાનમાં ના લઈએ તો પણ પરિવારોમાં અનાજના વપરાશમાં નોંધપાત્ર પડતો નથી. સંભવતઃ એવા કારણથી કે જે તે બાબતે તે કરકસર કરી લેતાં હોય છે. આમ છતાં જે પરિવારોમાં આવક વધે છે, ત્યાં અનોજનો ખર્ચ વધે છે. આ બાબત સૂચવે છે કે આહારનો ખર્ચ એ એક ચીકણી સપાટી છે, આવકમાં વૃધ્ધિ અનાજના ખર્ચમાં વધારા તરફ દોરી જાય છે. BPL/AAY કાર્ડ ધરાવતા ન હોય તેવા પરિવારોમાં આહારમાં વધારો જણાય છે. આવા પરિવારોમાં છૂપી અનાજ સબસીડી મળતી હોવાની બાબત ધ્યાનમાં લઈએ તો પણ આવકમાં નોંધપાત્ર વૃધ્ધિ થઈ હોય તેવા તમામ પરિવારોનાઅનાજ વપરાશમાં વધારો થયેલો જણાય છે. જે BPL/AAY કાર્ડ ધરાવતા ન હોય તેવા પરિવારોની તૂલનામાં ઓછો હોય છે. જ્યારે તમામ પરિવારોની આવકમાં નોંધપાત્ર વધારો થયો હોય ત્યારે તેમનો અનાજનો વપરાશ વધે છે. આ વધારો BPL/AAY કાર્ડ ધરાવતા ન હોય તેવા પરિવારોમાં ઓછો હોય છે.

### નેશનલ ફૂડ સિક્યોરિટી એકટ ૨૦૧૩

**ધ નેશનલ ફૂડ સિક્યોરિટી એકટ ૨૦૧૩ (NFSA) ભારત સરકારે**

**માનવ જીવન ચક્રમાં વૃધ્ધિ**

અભિગમ અપનાવાય તેની ખાત્રી રાખીને લોકો ગૌરવભેર જીવન જીવી શકે ગુણવત્તા યુક્ત અનાજનો જથ્થો પોસાય તેવી કીમતે પૂરો પાડયો હતો. અન્ય બાબતોની સાથે સાથે આ કાયદો ૭૫ ટકા સુધી ગ્રામ્ય વસતિને અને ૫૦ ટકા સુધી શહેરી વસતિને TPDS હેઠળ સબસીડીયુક્ત દરે અનાજ મેળવે છે. આ રીતે આશરે બે તૃતિયાંશ વસતીને આવરી લેવામાં આવે છે. યોજનાના લાભને પાત્ર પરિવારોમાં અગ્રતા ધરાવતા પરિવારોમાં અગ્રતા ધરાવતા પરિવારો અને અંત્યોદય અન્ન અગ્રતા ધરાવતા પરિવારોની કેટેગરીમાં આવતા સમુદાય યોજના હેઠળ સબસીડી મેળવતા પરિવારો તરીકે સમાવેશ થાય છે. અગ્રતા ધરાવતા પરિવારોની કેટેગરીના લોકો દરમહીને અનુક્રમે રૂ. ૩/૨/૧ દીઠ કિલો ગ્રામ અનાજ અને ચોખા / ઘઉં/ જાડુ અનાજ મેળવતા હોય છે. AAY કેટેગરી હેઠળના પરિવારો, જે ગરીબોમં ABE પણ અતિ ગરીબ ગણવામાં આવે છે તે દર મહીને ૩૫ કિલો ગ્રામ ચોખા / ઘઉં/ જાડું અનાજ દર મહીને રૂ. ૩/૨/૧ ના કિલો ગ્રામના દરે મેળવવાનું ચાલુ રાખશે.

ભૂખમરો નિવારવા માટે અને અનાજ ઉપલબ્ધ થાય તે માટે જાહેર વિતરણ વ્યવસ્થાનું અસરકારક મોનિટરિંગ કરવાની જરૂર છે અને સ્માર્ટ કાર્ડ, અનાજ /ડેબિટ ક્રેડિટ કાર્ડ તથા અનાજના વિકેન્દ્રિત એકત્રીકરણ જેવા જેવા નવતર પ્રકારના વિચારો રજૂ કરવાની પણ સંભાવના રહે છે.

આ સ્થિતિ માં રજૂ કરાયેલ પરિણામો TPDS પ્રોગ્રામનું ગુંચવાડા ધરાવતું ચિત્ર ઉભું કરે છે.

ભારતમાં એક તરફ TPDS ઉપર આધાર રાખીને સબસીડી યુક્ત અનાજ મેળવવા માગતી વસતિનું પ્રમાણ વધતું જાય છે જે વિવિધ આહારનું બદલાતું પ્રમાણમાં દર્શાવે છે. આ બાબત ખાસ કરીને સમાજને માટે સમસ્યા ઉભી કરે છે, કારણ કે તેને કારણે ભારતમાં કાર્ડિયોવાસ્ક્યુલર રોગો, સ્ટ્રોક ડાયાબિટીસ અને કેન્સર જેવા બિન ચેપી રોગો (NCDs)માં વધારા તરફનું વલણ જોવા મળે છે. આ દેશ ડાયાબિટીસના દર્દીઓની પણ સૌથી વધુ સંખ્યા ધરાવે છે અને આ સમસ્યાનો બોજ સમય જતાં વધતો જાય છે અને આ કારણથી જ ભારતને વિશ્વની ડાયાબિટીસના પાટનગર તરીકે ઓળખવામાં આવે છે. આવા કેટલાક રોગોનો વધારો પ્રોસેસ્ડ ફૂડ અને રિફાઈન કરેલા અનાજના વપરાશને કારણે થાય છે તથા ઝીણી બાજરી જેવુ તંદુરસ્તી પ્રદાન કરતા અનાજને હલકુ ગણીને પરિવાર સમૃધ્ધ બને તેમ ત્યજી દેવામાં આવતું હોય છે. ખાસ કરીને પોષણની નબળી સ્થિતિ ધરાવતી કન્યાઓ અને મહિલાઓ માટે સમગ્ર જીવન ચક્ર દરમ્યાન પોષણના પડકારો નીચા બોડી માસ ઈન્ડેક્સ ટૂંકા ગાળાના એનિમિયા અથવા તો અન્ય માઈક્રો ન્યુટ્રીયન્ટસની ઉણપને કારણે ચાલુ રહેતા હોય છે. તેમને ઓછાં વજનનું બાળક ધારણ કરવાં જેવાં જોખમો રહે છે. આને કારણે સગર્ભા સ્થિતિ વિપરિત બને છે, ધાવણ આવવામાં, પ્રસવકાળ પછીના સમયમાં હેમરેજ તેમ જ માતા અને બાળક બંને માટે બિમારી જેવા અવરોધો ઉભા થાય છે.

**લેખક શ્રી રામકૃષ્ણ ડીગ્રી કોલેજ, નાંદિયાલ, કુર્નૂલ, આંધ્ર પ્રદેશના કોમર્સ વિભાગના લેક્ચરર છે.**

**E-mail**

**pullaiahapril20@gmail.com**

## અગત્યની સૂચના

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી અને હિન્દીનું લવાજમ ઓનલાઈન ભરી શકાશે. આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે :**

(1) http://yojana.gov.in/
(2) http://publicationsdivision.nic.in/Subscription.aspx
(3) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana

# સામાજિક સમાવેશિતાનાં પગલાઓ – નબળા વર્ગ તરફ હાથ લંબાવીએ

**વી. શ્રીનિવાસ**



મહિલા અને બાળ વિકાસ મંત્રાલય એ મહિલા અને બાળકોને લગતા અનેક કાયદાઓનું સંરક્ષક પણ છે. દહેજ પ્રતિબંધ કાયદો, બાળવિવાહ પ્રતિબંધ કાયદો, કામના સ્થળે મહિલાઓના જાતિય શોષણ (અટકાયત, પ્રતિબંધ અને નિરાકરણ) કાયદો, અને જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) સુધારા કાયદો ૨૦૧૧ એ આમાંના મુખ્ય કાયદાઓ છે.

સામાજિક સમાવેશિતાનો અર્થ સમાજમાં લોકોના જીવનની તકો વધારવા માટે અનુકૂળ તકો સુધી પહોંચવાનો છે. આ પ્રકારની તકોમાં શિક્ષણ, રોજગારી, સામાજિક સેવાઓ અને સામાજિક સુરક્ષાનો સમાવેશ થાય છે. આ તકો નો અભાવ એ સામાજિક બહિષ્કાર છે કે જે સ્થળાંતર, ગરીબી અને ભૌતિક અછતમાં પરિણમે છે. આ લેખ બાળકીઓ, સ્ત્રીઓ, નબળા વર્ગો અને વડીલો જેવા અસક્ષમ વર્ગના જીવનને સુધારવા માટેના સરકારના કાર્યક્રમો અને નીતિઓ અંગેની વાત કરે છે.

**ધારાકીય જોગવાઈઓ**

ભારતનું બંધારણ તેના આમુખ દ્વારા પોતાના તમામ નાગરિકોને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરે છે – ન્યાય, સામાજિક, આર્થિક અને રાજકીય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને પૂજાનું સ્વાતંત્ર્ય તેમજ દરજ્જા અને તકોની સમાનતા.

ભારતીય બંધારણ સામાજિક સમાવેશીતા માટે મૂળભૂત અધિકારો અને રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો વડે ઘેરાયેલું છે. ભારતીય બંધારણનો ભાગ ૩ સામાજિક સમાવેશીતા માટે ૬ મૂળભૂત અધિકારોનો સમાવેશ કરે છે. તેમાં સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ વિરુદ્ધનો અધિકાર, ધર્મ સ્વીકાર કરવા માટેની સ્વતંત્રતાનો અધિકાર, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર અને બંધારણીય ઉપચારનો અધિકાર સમાવિષ્ટ છે. આ અધિકારો અસક્ષમ વ્યક્તિઓ માટે પણ ઉપલબ્ધ છે.

કલમ ૧૫ (૩) રાજ્યને શૈક્ષણિક સંસ્થાનો અને રોજગારીની તકોમાં સ્ત્રીઓ અને બાળકો માટે વિશેષ જોગવાઈઓ ઘડવા માટે સક્ષમ બનાવે છે. આ જોગવાઈઓનો અમલ કરવા માટે સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાનોમાં સ્ત્રીઓના આરક્ષણ અને સ્ત્રીઓ માટે અમુક ચોક્કસ વર્ગની જગ્યાઓ ઉપર વિશેષ અનામત માટે મોટા પાયે આહ્વાન કરવામાં આવ્યું છે. કલમ ૧૫ (૪) એ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો જેવા કે ઓબીસી, અનુસૂચિત જાતી અને અનુસૂચિત જનજાતિના આ વર્ગના વિદ્યાર્થીઓને બિન અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશને લગતી બાબતોમાં તેમના શૈક્ષણિક ઉત્થાનની ભલામણ કરે છે. કલમ ૧૭ કોઈપણ પ્રકારની અછૂતતાના અમલને નાબૂદ કરે છે. કાયદાકીય જોગવાઈ અનુસાર અછૂતતાના પરિણામે ઉત્પન્ન થયેલ કોઈપણ વિકલાંગતા એ અપરાધ છે.

રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ ભારતીય બંધારણના ભાગ ૪ માં આલેખવામાં આવ્યા છે. કલમ ૩૮ જણાવે છે કે રાજ્ય અસરકારક રીતે સુરક્ષા વ્યવસ્થાની ખાતરી કરીને લોકોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ રહેશે જેથી કે એવા સામાજિક વ્યવસ્થાનું નિર્માણ થાય જેમાં ન્યાય, સામાજિક, આર્થિક અને રાજકીય બાબતો રાષ્ટ્રીય જીવનના તમામ સંસ્થાનોને સંબોધન કરે. કલમ ૩૯

બાળ મજુરીના નાબુદીકરણ અને સ્ત્રી તથા પુરુષ બંને માટે સમાન કાર્ય માટે સમાન વેતનનો જોગવાઈ કરે છે. કલમ ૪૧ બેરોજગારી, વૃદ્ધાવસ્થા, બીમારી અને વિકલાંગતા તેમજ અન્ય દાખલાઓ જેવા કે અનિચ્છનીય માંગણીના કિસ્સાઓમાં કાર્ય કરવાનો, શિક્ષણ મેળવવાનો, જાહેર મદદ મેળવવાના અધિકારની જોગવાઈ કરે છે. કલમ ૪૨ કાર્યના સ્થળે ન્યાયપૂર્ણ અને માનવીય સ્થિતિ તેમજ માતૃત્વ અવકાશની જોગવાઈ કરે છે. ૧૧મા પરિશિષ્ઠની કલમ ૨૪૩ (જી)માં જણાવ્યું છે કે સામાજિક કલ્યાણમાં વિકલાંગ અને માનસિક રીતે અક્ષમ વર્ગનો સમાવેશ થાય છે અને ૧૨મા પરિશિષ્ઠના કલમ ૨૪૩ (યૂ)માં કહે છે કે સમાજના નબળા વર્ગના હિતોનું રક્ષણ કરવામાં વિકલાંગ અને માનસિક ક્ષતિગ્રસ્ત વર્ગના લોકોનો સમાવેશ થાય છે.

**શાસન તંત્ર**

ભારત સરકારના સામાજિક સમાવેશિતાના કાર્યક્રમોનું અમલીકરણ સામાજિક ન્યાય અને સશક્તિકરણ, આદિવાસી બાબતોના, મહિલા અને બાળ કલ્યાણ તથા લઘુમતી બાબતોના મંત્રાલયો દ્વારા કરવામાં આવે છે.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય**

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ૪૨ યોજનાઓ અમલમાં મૂકી છે. મંત્રાલય તેની વિવિધ યોજનાઓ અંતર્ગત શૈક્ષણિક સશક્તિકરણ, આર્થિક સશક્તિકરણ અને સામાજિક સશક્તિકરણનો સમાવેશ કરવા અગ્રેસર છે. મંત્રાલય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વિરૂદ્ધ (અછુતતા અને) અત્યાચાર ઉપર ખાસ કરીને લક્ષિત આ બે કાયદાઓનું સંરક્ષક છે. આ કાયદાઓ નાગરિક અધિકાર કાયદો ૧૯૫૫ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર અટકાયત) કાયદો ૧૯૮૯ છે.

અનુસૂચિત જાતિ માટેના રાષ્ટ્રીય પંચની સ્થાપના ૧૯૯૦માં બંધારણની કલમ ૩૮૩ અંતર્ગત કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ્ય બંધારણ હેઠળ અનુસૂચિત જાતિને પૂરા પાડવામાં આવેલ તમામ સુરક્ષાના ઉપાયોની દેખરેખ રાખવાનો અને તેમની તપાસ કરવાનો તેમજ અમલમાં મુકવામાં આવેલ તમામ કાયદાઓ તથા અનુસૂચિત જાતિના અધિકારોના ઉલ્લંઘનની બાબતમાં કોઈ ચોક્કસ ફરિયાદ અંગે તપાસ કરવાનો છે. અનુસૂચિત જાતિનું શૈક્ષણિક સશક્તિકરણ એ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવે છે કે જે પોસ્ટ મેટ્રિક્યુલેશન અને પોસ્ટ સેકન્ડરી સ્ટેજ પર અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નાણાકીય મદદ આપે છે તેમજ તેમને તેમનો અભ્યાસ પૂરો કરવા માટે સક્ષમ બનાવે છે. નાણાકીય મદદમાં નિભાવ ખર્ચ, ફી ભરપાઈ, બુક બેંક સુવિધા અને અન્ય ભથ્થાનો સમાવેશ થાય છે. બાબુ જગજીવનરામ છાત્રાવાસ યોજના અનુસૂચિત જાતિના છોકરા છોકરીઓને માધ્યમિક શાળા, ઉચ્ચ માધ્યમિક શાળા, કોલેજો અને યુનીવર્સીટીઓમાં હોસ્ટેલ સુવિધા પૂરી પાડે છે. અનુસૂચિત જાતિના પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે સરકાર યુનિર્વસિટી ગ્રાન્ટ કમિશનના માધ્યમથી એમ ફિલ અને પીએચડી માટે ફેલોશીપ આપી રહી છે. કેન્દ્ર સરકાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અમુક ચોક્કસ અભ્યાસના ક્ષેત્રોમાં માસ્ટર્સ અને પીએચડી કાર્યક્રમો કરવા માટે નેશનલ ઓવરસીઝ સ્કોલરશીપ પ્રોગ્રામનું પણ અમલીકરણ કરી રહી છે.

અનુસૂચિત જાતિનું આર્થિક સશક્તિકરણ એ અનુસૂચિત જાતિઓ સબ પ્લાન (એસસીએસપી)ને વિશેષ કેન્દ્રીય સહાયના માધ્યમથી કરવામાં આવે છે. આ સહાયતા રાજ્ય અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા આપવામાં આવે છે કે જે કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી ન્યાયસંગત રકમ વડે આર્થિક વિકાસ યોજનાઓને લાગુ કરે છે. રાજ્ય અનુસૂચિત જાતિ વિકાસ નિગમ એ માર્જીન મની લોન અને સબસીડીના માધ્યમ વડે ક્રેડીટ અને ઈનપુટ પુરા પાડે છે. અનુસૂચિત જાતિના પરિવારોને છૂટછાટવાળી લોન અને બમણી ગરીબીની રેખા નીચે જીવતા લક્ષિત જૂથના યુવાનોને કૌશલ્ય સાથેની ઔદ્યોગિક તાલીમ આપવા માટે ભારતે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણાકીય અને વિકાસ કોર્પોરેશનની સ્થાપના કરી છે. સફાઈ કામદારો અને માથે મેલું ઉપાડનારા લોકોના આર્થિક સશક્તિકરણ માટે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાકીય અને વિકાસ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે.

**વિકલાંગ વ્યક્તિઓ (દિવ્યાંગજન) ના સશક્તિકરણ માટેનો વિભાગ**

વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેનો વિભાગ એ એવા કાયદાઓ સાથે જોડાયેલ છે કે જે વિકલાંગતાના વિવિધ પાસાઓ તેમજ વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ અને સશક્તિકરણ સાથે જોડાયેલ છે. આ કાયદાઓમાં રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૯૨, ધ પર્સન વિથ ડીસએબિલીટીઝ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) કાયદો ૧૯૫૫ અને ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી, માનસિક ક્ષતિગ્રસ્ત વ્યક્તિઓના કલ્યાણ માટે નેશનલ ટ્રસ્ટ અને અનેકવિધ વિકલાંગતાઓ કાયદો ૧૯૯૯નો સમાવેશ થાય છે.

વિભાગ અંતર્ગત કુલ ત્રણ વૈધાનિક સંસ્થાઓ આવેલી છે.રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એ પુનર્વસન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં વ્યવસાયિકોની વિવિધ શ્રેણીઓ માટે તાલીમ યોજનાઓ અને કાર્યક્રમોના નિયમન માટે જવાબદાર છે. એક્ટ ૧૯૫૫ અંતર્ગત વિકલાંગ વ્યક્તિઓ માટેના મુખ્ય આયુક્ત એ વૈધાનિક કાર્યકારી છે કે જે રાજ્યના વિકલાંગ વ્યક્તિઓ માટેના રાજ્ય

આયુક્તોના કાર્ય સાથે સંકલન સાધે છે. નેશનલ ટ્રસ્ટ એ વૈધાનિક સંસ્થા છે કે જે વિકલાંગ વ્યક્તિઓને જેટલું શક્ય હોય તેટલું સ્વતંત્ર રીતે જીવવા માટે સક્ષમ અને સશક્ત બનાવે છે અને નોંધાયેલ સંસ્થાઓને જરૂરિયાત આધારિત સેવાઓ પૂરી પાડીને મદદ પહોંચાડે છે. વિકલાંગતાના તમામ મુખ્ય ક્ષેત્રમાં વિકલાંગોની વસ્તીની બહુ આયામી સમસ્યાઓને ઉકેલવા માટે ભારતે ૬ રાષ્ટ્રીય સંસ્થાનો/ ઉચ્ચ સ્તરીય સંસ્થાઓની સ્થાપના કરી છે. વિકલાંગ વ્યક્તિઓને તેમના આર્થિક વિકાસ માટે નાણાકીય સુવિધાઓ પહોંચાડવા માટે રાષ્ટ્રીય વિકલાંગ નાણાકીય અને વિકાસ નિગમ એ સૌથી ટોચની નાણાકીય સંસ્થા છે.

એક્સેસિબલ ઇન્ડિયા કેમ્પેઈન એ સમગ્ર દેશમાં રહેલા દિવ્યાંગ જનો માટે કોઈપણ પ્રકારના અવરોધ વગરનું અને અનુકૂળ વાતાવરણ પૂરું પડવાની ખાતરી આપતું રાષ્ટ્રીય સ્તરનું ફ્લેગશીપ કેમ્પેઈન છે કે જે ડીસેમ્બર ૩૧, ૨૦૧૫ના રોજ પ્રધાનમંત્રી દ્વારા વિકલાંગ વ્યક્તિઓ સુધી વૈશ્વિક પહોંચ વધારવા માટે ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું.

**આદિજાતિ બાબતોનું મંત્રાલય**

અનુસૂચિત જનજાતિના સંકલિત સામાજિક આર્થિક વિકાસને સહયોગાત્મક અને આયોજિત સ્વરૂપમાં ધ્યાન કેન્દ્રિત અભિગમ પૂરો પાડવા માટે આદિજાતિ બાબતોના મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. અનુસૂચિત વિસ્તારોને બંધારણની કલમ ૨૪૪ (૧) અંતર્ગત દર્શાવવામાં આવ્યા છે. કલમ ૨૪૪ (૨) એ આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમમાં એવા વિસ્તારો સાથે સંકળાયેલ છે કે જે આદિવાસી વિસ્તારો જાહેર કરવામાં આવ્યા છે અને આવા વિસ્તારો માટે જીલ્લા પરિષદ અથવા પ્રાદેશિક પરિષદની જોગવાઈ કરવામાં આવી છે.

આ મંત્રાલય આદિવાસી સબ પ્લાન યોજનાઓ, ભારતીય બંધારણની કલમ ૨૭૫ (૧) અંતર્ગત અનુદાન, એકલવ્ય મોડલ રહેવાસી શાળાઓ માટે અનુદાન, આદિવાસી વિસ્તારોમાં કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્રો માટે શૈક્ષણિક અનુદાન, આદિવાસી સબ પ્લાન વિસ્તારોમાં આશ્રમ શાળાઓની સ્થાપના અને ગૌણ વન્ય ઉત્પાદનો માટે લઘુત્તમ ટેકાના ભાવ માટે રોજગાર સહાય અનુદાન વગેરે જેવી કેન્દ્રની વિશેષ અનુદાન સહીત રાજ્યોને અનુદાન આપે છે. મંત્રાલય ટ્રાઈબલ કોઓપરેટીવ એન્ડ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા અને સ્ટેટ ટ્રાઈબલ કોઓપરેટીવ એન્ડ માર્કેટિંગ ફેડરેશનને પણ ઇક્વિટી સહાય પૂરી પાડે છે. રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ નાણાકીય અને વિકાસ નિગમ એ આદિજાતિ લોકોને સ્વ રોજગાર સાહસોની સ્થાપના કરવા માટે સશક્ત બનાવવા નાણાકીય સહાય પૂરી પાડે છે. બંધારણની કલમ ૩૩૮ અંતર્ગત આદિજાતીઓના અધિકારોની રક્ષા કરવા માટે એક સ્વાયત્ત સંસ્થા તરીકે અનુસૂચિત જનજાતિ માટેના રાષ્ટ્રીય કમિશનની સ્થાપના કરવામાં આવી હતી.

**વૃદ્ધ લોકો માટેની રાષ્ટ્રીય નીતિ**

ભારતની વૃદ્ધ લોકો માટેની રાષ્ટ્રીય નીતિ એ પ્રત્યેક વ્યક્તિને તેમની પોતાની માટે તેમજ સાથે સાથે તેમના જીવનસાથીની વૃદ્ધાવસ્થા માટે જોગવાઈઓ ની રચના કરવા માટે, પરિવારોને તેમના પરિવારના વૃદ્ધ સદસ્યોની સારસંભાળ રાખવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા અને વૃદ્ધ લોકો માટે સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓ અને વ્યક્તિગત વૃદ્ધની સારસંભાળ રાખવાના વ્યવસાયમાં જોડાયેલ લોકોને તાલીમ અને સંશોધન માટે પ્રોત્સાહન પૂરું પાડવાની ભલામણ કરે છે. વૃદ્ધ લોકો માટે નીતિઓની રચના કરવા માટે સરકારની સહાય કરવા અને તેને માર્ગદર્શન આપવા માટે સરકારે વૃદ્ધ લોકો માટેની રાષ્ટ્રીય પરિષદની સ્થાપના કરી છે.

**મહિલા અને બાળ વિકાસ મંત્રાલય**

મહિલાઓ અને બાળકોના અધિકારો અને તેમની લગતી બાબતોમાં પ્રગતિ કરવાની જવાબદારી તેમજ સંપૂર્ણ પરિપ્રેક્ષ્યમાં તેમના અસ્તિત્વ, રક્ષણ, વિકાસ અને ભાગીદારીને પ્રોત્સાહન પૂરું પાડવા માટે વર્ષ ૨૦૦૬માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. મહિલા અને બાળકોના કાર્યક્રમોને લગતી બાબતોમાં આંતર મંત્રીસ્તરીય અને આંતર રાજ્યનું સંકલન કરવાની પણ તેમાં અપેક્ષા સેવાઈ રહી હતી. મહિલા સશક્તિકરણ માટેની રાષ્ટ્રીય નીતિમાં મહિલાઓ સાથે થતા ભેદભાવનો જવાબ આપવા, વર્તમાન સંસ્થાનોને મજબુત બનાવવા, આરોગ્ય સંભાળની વધુ સારી પહોંચ પૂરી પાડવા, નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીને સમાન તક પૂરી પાડવા અને વિકાસની પ્રક્રિયાઓમાં જાતિગત બાબતોને મુખ્ય પ્રવાહમાં લાવવા અંગે વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.સરકારની નીતિઓ અને કાર્યક્રમો એ મહિલાઓના સશક્તિકરણ માટેની રાષ્ટ્રીય નીતિ દ્વારા મૂકવામાં આવેલ બૃહદ દ્રષ્ટિકોણના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય એ મહિલા અને બાળકોને લગતા અનેક કાયદાઓનું સંરક્ષક પણ છે. દહેજ પ્રતિબંધ કાયદો, બાળવિવાહ પ્રતિબંધ કાયદો, કામના સ્થળે મહિલાઓના જાતિય શોષણ (અટકાયત, પ્રતિબંધ અને નિરાકરણ) કાયદો, અને જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) સુધારા કાયદો ૨૦૧૧ એ આમાંના મુખ્ય કાયદાઓ છે.

મહિલાઓ માટેનું રાષ્ટ્રીય કમિશન અને બાળકોના અધિકારની રક્ષા કરવા માટેના રાષ્ટ્રીય કમીશનની સ્થાપના એ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની છત્રછાયામાં કરવામાં આવી છે જેનો ઉદ્દેશ્ય અનુક્રમે મહિલાઓના અધિકારની રક્ષા અને બાળકોના અધિકારોની

રક્ષા કરવાનો છે. મહિલાઓ ઉપરના રાષ્ટ્રીય કમીશને દિલ્હીમાં જાગૃતિ ફેલાવવા માટે "હિંસામુક્ત ઘર – એક સ્ત્રીનો અધિકાર" નામનું કેમ્પેઈન ચલાવ્યું હતું. જાતિય અપરાધોથી બાળકોનું રક્ષણ કાયદો ૨૦૧૨ એ કાયદાના વ્યાપક હિસ્સા તરીકે ૧૪મી નવેમ્બર ૨૦૧૨ના રોજ અમલમાં આવ્યો હતો કે જે ૧૮ વર્ષથી નીચેની ઉંમરના તમામ બાળકોને જાતિયહુમલા અને જાતીય શોષણ જેવા અપરાધો સામે રક્ષણ પૂરું પાડે છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા અમલમાં મુકવામાં આવેલ ફ્લેગશીપ યોજનાઓમાં અમ્બ્રેલા આઈસીડીએસ, બેટી બચાવો બેટી પઢાઓ જેવી મહિલા સશક્તિકરણની યોજનાઓ, અને મહિલા અને બાળ વિકાસના ક્ષેત્રમાં ગ્રાન્ટ ઇન એઇડની યોજનાઓની એક શ્રેણીનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમ્બ્રેલા આઈસીડીએસમાં ૬ ગૌણ ઘટકોનો સમાવેશ થાય છે કે જે આંગણવાડી સેવા યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના, પોષણ અભિયાન, કિશોર બાળકીઓ માટેની યોજના અને બાળ સંરક્ષણ યોજના છે. આઈસીડીએસ છ વર્ષથી નીચેની વયના બાળકોને તેમજ ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓની પોષણ અને આરોગ્યને લગતી અવસ્થાને સુધારવા અને સાથે સાથે મૃત્યુદર અને રોગિષ્ઠ અવસ્થા તથા કુપોષણને ઘટાડવા માટે કાર્યરત છે. બેટી બચાવો બેટી પઢાઓ યોજના એ બાળકીઓના જન્મને વધાવવા અને તેના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય જાતિ આધારિત લિંગ પસંદગીને દુર કરવાનો અને બાળકીના અસ્તિત્વની ખાતરી અને રક્ષણ પૂરું પાડવાનો તેમજ બાળકીઓના શિક્ષણ અને તેમની ભાગીદારીની ખાતરી આપવાનો છે. આ યોજના એક વર્ષમાં ૨ પોઈન્ટ સાથે પસંદ કરાયેલ જાતિદરની દ્રષ્ટીએ ગંભીર જીલ્લાઓમાં જન્મ સમયના જાતિ દરમાં સુધારો કરવા માંગે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ માર્ચ ૮, ૨૦૧૮ના રોજ પ્રધાનમંત્રીએ રાજસ્થાનમાં ઝુન્ઝુનું ખાતેથી રાષ્ટ્રીય પોષણ મિશન અને બેટી બચાવો બેટી પઢાઓના સમગ્ર દેશમાં વિસ્તૃતીકરણને ખુલ્લું મૂક્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે જાતિના આધારે ભેદભાવ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી ઉઠતો અને દીકરાઓની માફક જ દીકરીઓને પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા ઉપર ભાર મુક્યો હતો. દીકરી એ બોજ નથી એ વાત ઉપર ભાર મુક્ત પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે દીકરીઓ અનેક ક્ષેત્રમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરીને દેશની માટે ગર્વ અને ગૌરવ લાવી રહી છે.



**ઉપસંહાર**

ભારતના સામાજિક સમાવેશિતાના કાર્યક્રમો એ વ્યાપક છે અને તેમના અમલીકરણની પૂરતા સંસાધનોની ફાળવણી સાથે અનેક સ્વતંત્ર મંત્રાલયો દ્વારા દેખરેખ રખાઈ રહી છે. તે માટે માત્ર કાયદાકીય જોગવાઈઓ જ નથી કરવામાં આવી પરંતુ નબળા વર્ગ માટે ભારતીય બંધારણ દ્વારા તેમના અધિકારોની રક્ષા કરવા માટે સ્વાયત્ત રાષ્ટ્રીય કમિશનોની પણ સ્થાપના કરવામાં આવી છે. તો ટોચના નાણાકીય અને વિકાસ નિગમના માધ્યમથી અમલમાં મુકવામાં આવેલ સરકારની નીતિઓ અંતર્ગત આર્થિક સશક્તિકરણના કાર્યક્રમો પણ આવેલા છે. રાષ્ટ્રીય નીતિઓનું વ્યાપક અમલીકરણ એ ભારતને તેની નબળી વસ્તીને મોટા પાયે સશક્ત બનાવવામાં સહાય કરશે.

**લેખક ૧૯૮૯ની બેચના આઈએએસ ઓફિસર અને હાલમાં બોર્ડ ઓફ રેવન્યૂ ફોર રાજસ્થાનના ચેરમેન અને રાજસ્થાન ટેક્સ બોર્ડના ચેરમેન તરીકે નિમાયા છે. તે ડેપ્યુટી ડિરેક્ટર (એડમિનીસ્ટ્રેશન), AIIMS નવી દિલ્હી ખાતે કામ કરી ચૂક્યા છે અને રાજસ્થાન સરકારના સેક્રેટરી ફેમિલી વેલફેર અને NRHMના મિશન ડિરેક્ટર છે.**

**E-mail**
**vsrinivas@nic.in**

# ઉત્તર-પૂર્વને મુખ્ય પ્રવાહમાં લાવવાની જહેમત

એસ.જે. ચીરૂ



શુક્લ સમિતિએ સ્પષ્ટપણે ધ્યાન દોર્યું હતું કે આ વિસ્તાર ચાર પ્રકારની ઊણપ અનુભવે છે, જેમાંની મુખ્ય બાબત માળખાકિય સુવિધાઓનો અભાવ છે, આ ઉપરાંત સાધનોનો અભાવ અને અત્યંત મહત્વની બાબત એ છે કે બંને દિશામાં સમજનો અભાવ પ્રવર્તતો હોવાના કારણે બાકીનો દેશમાં આવી સમજમાં ઉમેરો થાય છે. આવી સ્થિતિ આપણી પાસે બુધ્ધિગમ્ય સ્પષ્ટતા માંગી લે છે.

આપણે ઉત્તર પૂર્વને મુખ્ય પ્રવાહમાં કેવી રીતે લાવી શકીએ? ભારતના ઉત્તર પૂર્વ વિસ્તાર અંગે આવો સવાલ વારંવાર કરવામાં આવે છે. નીતિ ઘડનાર સમુદાય, કાયદાનો અમલ કરનાર અધિકારીઓ, પત્રકારો, વિદ્વાનો અને મિત્રો, તમામ લોકો આવો સવાલ કરે છે. આ સવાલ આપણુ આ વિસ્તાર અંગેના ઘણા પૂર્વ નિર્ધારિત વલણો અને ઘણા નિંદાત્મક સૂચિતાર્થો તરફ આપણું ધ્યાન દોરે છે. આ સવાલ મને આકુળ વ્યાકુળ કરે છે અને મને મુખ્ય પ્રવાહને સમજવા માટેનો પડકાર ફેંકે છે.

ભારત તેની વિવિધ કલાઓ, સંસ્કૃતિ માનવ જાતિઓ, ભાષાઓ, ધર્મો વગેરેના બનેલા એક કેલિડોસ્કોપ જેવું છે. એ અર્થમાં વ્યક્તિ આત્મવિશ્વાસથી દલિલ કરી શકે કે ઉત્તર- પૂર્વ એ દેશનો આંતરિક હિસ્સો છે. તેને દક્ષિણ ભારત અથવા સૌરાષ્ટ્ર અથવા પંજાબ કે ઓરિસ્સાથી વિશેષ મુખ્ય પ્રવાહમાં લાવવાની જરૂર નથી. આમ છતાં આ પ્રદેશનું મુખ્ય પ્રવાહ સાથે એકીકરણ કરવાની (પરસ્પર સાથે જોડવાની) જરૂર છે એવી એક પ્રચલિત છાપ છે, જે આપણને આ બાબત તપાસી જવા તરફ ઈશારો કરે છે.

**મુખ્ય પ્રવાહ અંગે એક દ્રષ્ટિકોણ**

ભારતને મુખ્ય પ્રવાહમાં જોડતી બાબત શું છે અને શા માટે ઉત્તર-પૂર્વના પ્રદેશને અવારનવાર આ મુખ્ય પ્રવાહથી દૂર રહ્યો હોવાનું માનવામાં આવે છે? બંધારણમાં એક રાષ્ટ્ર તરીકે ભારતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં રાજકીય સિધ્ધાંતોનું, શાસનના માળખાનું, સરકારની અને નાગરિકોની સત્તા અને ફરજોનું તથા આપણે આપણું શાસન કેવી રીતે કરવું અને એ દ્વારા કેવી રીતે પ્રગતિ હાંસલ કરવી તે અંગે આલેખન કરવામાં આવ્યું છે. તે નાગરિકોના ધ્યેયો અને મહત્વાકાંક્ષાઓની પરિભાષામાં રાજકીય એકીકરણ (integration), આર્થિક-સામાજીક વિકાસ અને નાગરિકો માટે દર્શાવેલી સ્વતંત્રતા અને ફરજોનું આલેખન કરે છે. આ અર્થમાં મુખ્ય પ્રવાહમાં ભળવાના અભિગમ બાબતે કોઈ પ્રદેશ કે રાજ્યએ આ આદર્શોને હાંસલ કરવા માટે કેટલા સ્તર સુધી આ બાબતો અપનાવી છે તે જોવાનું રહેશે.

આ રીતે વ્યાખ્યા બાંધ્યા પછી આપણે સલામત રીતે માની લઈએ છીએ કે દેશનું દરેક રાજ્ય અથવા પ્રદેશ એ ભારતનો મુખ્ય પ્રવાહ છે અને તેના પ્રમાણમાં તફાવત જોવા મળે છે. દા.ત. ઉત્તર પૂર્વ વિસ્તાર કે જ્યાં દેશના અન્ય વિસ્તારો કરતાં બહેતર સાક્ષરતા છે તે પાસાની દ્રષ્ટિએ તેને મુખ્ય પ્રવાહમાં ગણી

શકાય, જ્યારે તેની તુલના માર્ગો અને રેલવે કનેક્ટીવિટી, વિજળી, ઔદ્યોગિક વિકાસ વગેરેની નબળી પરિસ્થિતિ સંદર્ભે કરવામાં આવે છે ત્યારે ઉત્તર- પૂર્વ ભારતના લોકોને સામાજીક અને રાજકીય સંદર્ભમાં બાકીના દેશથી અલગ પડી ગયેલા ગણવામાં આવે છે. હકિકતમાં આ વિદ્રોહની સ્થિતિની અસર તમામને થઈ છે, પરંતુ આ ધારણાને કોઈ રાજ્ય દ્વારા વ્યક્ત કરવામાં આવતી નથી. આમ છતાં, ઉત્તર-પૂર્વના મોટાભાગના લોકો દેશના ઉત્સુક અને ગૌરવપૂર્ણ નાગરિકો છે અને આ ગૌરવનો અસ્વીકાર કરવામાં આવે ત્યારે અને તેનાથી અળગા પડી જવાની ભાવના ઉભી થવાની ભીતિ રહે છે.

ઉત્તર -પૂર્વ વિસ્તારમાંથી ભારતમાં વિવિધ સ્થળોએ મોટા પ્રમાણમાં થઈ રહેલુ સ્થળાંતર અને જે રીતે આ વિસ્તારના લોકો જે સ્થળોએ સ્થળાંતર કરી રહ્યા છે તે એક કેસ સ્ટડીનો અને વિચારવા જેવો વિષય છે.

## સ્થળાંતરની સ્થિતિ

છેલ્લા ત્રણ દાયકામાં ઉત્તર-પૂર્વમાંથી ભારતના વિવિધ પ્રદેશોમાં મોટા ભાગે ઉચ્ચ અભ્યાસ અને નોકરીની તકોની શોધમાં નોંધપાત્ર પ્રમાણમાં સ્થળાંતર થયું છે. આને કારણે અનેક મુદ્દાઓ ઉભા થયા છે અને બંને દિશામાં વિચાર કરવા માટે પ્રેરે તેવા આ મુદ્દાઓ છે.

૧૯૮૦ના દાયકા સુધી મુખ્યત્વે વિદ્યાર્થીઓ દિલ્હી જેવા મોટા શહેરોમાં ઉચ્ચ અભ્યાસ માટે સ્થળાંતર કરતા હતા. પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી આ વિદ્યાર્થીઓ પાછા ફરીને પોતાના પ્રદેશમાં સ્થિર થતા હતા. સમય જતાં આ સ્થળાંતરની પ્રકૃતિમાં ફેરફાર આવ્યો અને નોકરી શોધતા ઘણાં લોકોએ બહેતર તકોની શોધ માટે દેશમાં કોઈપણ સ્થળે કામ કરવાની તૈયારી સાથે સ્થળાંતર કરવા માંડ્યું. માહિતી ટેકનોલોજીની ક્રાંતિનો આરંભ થયો તે સમયની આસપાસ આ સ્થિતિમાં અસાધારણ વધારો થયો. માહિતી ટેકનોલોજીને આધારે ચાલતા એકમો જેવા કે- કોલ સેન્ટર્સ વગેરેમાં અંગ્રેજી બોલતા કર્મચારીઓની માંગ ઉભી થઈ અને તેમને ઉત્તર-પૂર્વમાંથી આવતા યુવાન લોકો માનવ બળ તરીકે ખૂબ જ ઉપયોગી લાગ્યા અને તે આ વિકાસ કેન્દ્રોમાં સ્થિર થવા લાગ્યા. નોકરીઓના બજારમાં આવી તકો ઉભી થવાને કારણે એક અનુવર્તી અસર ઉભી થઈ, જેને પરિણામે ઘણાં યુવાન લોકોએ સ્થળાંતર કરવાનું પસંદ કર્યું. તેમને એર હોસ્ટેસીસ, ફ્રન્ટ ડેસ્ક આસિસ્ટન્ટ, સેલ્સ પર્સન તથા સ્પાન તેમજ હોટલો વગેરે સ્થળોએ નોકરીઓ મળવા લાગી. ત્યાં સુધીમાં તો દિલ્હી, બેંગ્લોર, પૂના, ચેન્નાઈ, કોલકતા અને મુંબઈ જેવા મોટા શહેરો ઉપરાંત નાના શહેરો અને નગરોમાં પણ સ્થળાંતર થઈ રહ્યું હતું. આમાંના કેટલાક લોકોએ નાની સંખ્યામાં દક્ષિણ ભારતના બાંધકામના સ્થળો, ચાના બગીચાઓ અને પ્લાન્ટેશન એસ્ટેટમાં પણ નોકરીઓ કરવા માંડી હતી.

## સ્થળાંતરના પરિબળો

દેશનું આટલુ મોટુ વિપુલ કદ હોવાના કારણે ઉત્તર-પૂર્વમાંથી સ્થળાંતર કરીને આવતા લોકોની સંખ્યા પ્રમાણની દ્રષ્ટિએ નોંધપાત્ર ગણી શકાય નહી, પરંતુ જે ગતિ અને જે વ્યાપથી આ વિસ્તારોમાં ધકેલાવાનાં અને આકર્ષણનાં (Push and pull factros) પરિબળો કામ કરી રહ્યા હતા તે આ સ્થિતિ માટે જવાબદાર હતા.

શુક્લ સમિતિએ સ્પષ્ટપણે ધ્યાન દોર્યું હતું કે આ વિસ્તાર ચાર પ્રકારની ઊણપ અનુભવે છે, જેમાંની મુખ્ય બાબત માળખાકિય સુવિધાઓનો અભાવ છે, આ ઉપરાંત સાધનોનો અભાવ અને અત્યંત મહત્વની બાબત એ છે કે બંને દિશામાં સમજનો અભાવ પ્રવર્તતો હોવાના કારણે બાકીનો દેશમાં આવી સમજમાં ઉમેરો થાય છે. આવી સ્થિતિ આપણી પાસે બુધ્ધિગમ્ય સ્પષ્ટતા માંગી લે છે.

અભાવના પ્રથમ ત્રણ પરિબળો એવું વાતાવરણ ઉભુ કરે છે, તેને કારણે આ વિસ્તારના આર્થિક- સામાજીક તાણાંવાણાંમાં સ્થળાંતર માટેનું આકર્ષણ ઉભુ થાય છે. આકર્ષણનું મુખ્ય પરિબળ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સુવિધાઓનો અભાવ છે, જે માતા-પિતા તેમના બાળકોને બહેતર શૈક્ષણિક તકો માટે સ્થળાંતર તરફ પ્રેરે છે. આ ઉપરાંત આ વિસ્તારમાં બળવાની જે સ્થિતિ પ્રવર્તે છે તે તથા સામાજીક રાજકિય અજંપાને કારણે વિસ્તારમાં શાંતિને ખલેલ પહોંચી છે અને વાતાવરણ દૂષિત થયું છે.

બીજી તરફ, જે લોકો ઉચ્ચ શિક્ષણ માટે સ્થળાંતર કરવા માંગતા હોય તેમના માટે દિલ્હી અને કોલકત્તા જેવા શહેરો અગ્ર પસંદગી ધરાવે છે. મોટાભાગના મહત્વાકાંક્ષી લોકો સરકારી નોકરીયાત, બેંકર, વકિલ અને સ્કોલર થવાની ઈચ્છાથી વિદ્યાર્થી તરીકે આ વિસ્તારોમાં સ્થળાંતર કરતા હોય છે.

## સ્થળાંતર કરનારનું જીવન

જે રીતે વિદ્યાર્થીઓ અને નોકરી શોધનારની સંખ્યા ઝડપભેર વધી રહી છે તેને કારણે તે કોલેજના સંકુલોમાં, કોલ સેન્ટર્સમાં, મોલ, સ્ટાર હોટલ્સ, સ્પા અને નિવાસના સ્થળોએ વધુ દ્રશ્યમાન બની રહ્યા છે. આમ છતાં આ સ્થિતિ માટે ઘણી મોટી કિંમત ચૂકવવી પડે છે, કારણ કે યુવાન વિદ્યાર્થી માટે મોટા શહેરમાં એડજેસ્ટ થવું તે ઘણી મુશ્કેલ

બાબત હોય છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ નાના ગામડાંઓ અને શહેરોમાંથી આવે છે અને ત્યાં તેમના સમુદાયનો મોટો લગાવ હોય છે. ઓચિંતા જ આ વિદ્યાર્થીઓ તદ્દન અલગ પ્રકારના વાતાવરણ અને જીવનશૈલી વચ્ચે આવી પડે છે. આવી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા અને પોતાના જેવા લોકો સાથે ગોઠવાવા માટે તે પોતે લઘુમતિ તરીકે સંગઠીત બને છે. તેમનો અલગ શારીરિક દેખાવ અને સામાજીક બાબતો તેમને અન્ય લોકોથી નોંખા પાડીને દયાજનક સ્થિતિમાં મૂકે છે અને તેમનો સામાજીક પ્રોફાઈલ તેમને ભેદભાવની સ્થિતિમાં મૂકે છે. વધુને વધુ પ્રમાણમાં શોષણ, સતામણી, બળાત્કાર, જાતિય હુમલાનો ભોગ બને છે અને દિલ્હી તથા બેંગ્લોર જેવા શહેરોમાં ખૂનના કિસ્સાઓ પણ બનવા માંડ્યા છે. ઉત્તર- પૂર્વ વિસ્તારમાંથી માનવ તસ્કરી પણ ભારે ચિંતાનો વિષય બન્યો છે. સમય જતાં સેતુ બંધાવાને બદલે સમજનો અભાવ વધુ વ્યાપક બન્યો છે.

**સ્થળાંતર કરનાર લોકોની દયાજનક સ્થિતિમાં સુરક્ષા પૂરી પાડવી**

સપ્ટેમ્બર ૨૦૧૪માં દિલ્હીમાં અરૂણાચલ પ્રદેશની ૧૯ વર્ષની નીડો તાનિયાનું ખૂનને કારણે તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાએ ભારત સરકાર અને રાજ્ય સરકારોને આ પરિસ્થિતિની ગંભીરતા પારખવા માટે મજબૂર કર્યા હતા. ભારત સરકારે ઉત્તર-પૂર્વમાંથી આવતા અને દેશના વિવિધ ભાગોમાં અને ખાસ કરીને મોટા શહેરોમાં વસતા લોકોની ચિંતાઓના સંદર્ભમાં સરકારને યોગ્ય ઉપાયાત્મક પગલાં સૂચવવા માટે બેઝ બરૂઆ કમિટિની રચના કરવામાં આવી હતી. ઘણાં નિરીક્ષકોનું એવુ અવલોકન છે કે નીડોની બાબતમાં તથા આ પ્રકારે સહન કરતા અન્ય લોકો તરફ સરકારનું ધ્યાન ઘણું મોડું ખેંચાયુ હતું. સરકારે આ મુદ્દાની વિગતવાર જાણકારી માટે સમિતિની રચના કરી હતી અને આ સમિતિએ જેની ખૂબ જ જરૂર હતી તે અંગે ભલામણો કરી હતી. આ માટે દેશના ઘણાં શહેરોમાં વેલફેર કમિટિઓની રચના કરવામાં આવી હતી. આ સમિતિની ભલામણોને આધારે એક ચેનલ કામ કરતી થઈ હતી, જે સંયુક્તપણે ઉત્તર-પૂર્વમાંથી સ્થળાંતર કરીને આવેલા લોકો અંગે સ્થાનિક ઓથોરિટીનું ધ્યાન દોરે છે. આ ભલામણોનું સંપૂર્ણ અમલીકરણ ઉત્તર-પૂર્વમાંથી આવતા લોકોએ જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે નિવારવા માટે દૂરગામી કદમ બની રહેશે. સલામતી માટેની આવી વ્યવસ્થાને કારણે સ્થળાંતર કરીને આવતા લોકો સાથેના ગુનાઓ સંપૂર્ણપણે બંધ થઈ જશે તેવું નહી બને, પરંતુ કાયદાનો ભંગ કરતા લોકોને ઠીક ઠીક પ્રમાણમાં રોકી શકશે.

નજીકના ભવિષ્યમાં ઉત્તર- પૂર્વમાંથી સ્થળાંતર ચાલુ રહેવાની અપેક્ષા છે. બેઝબરૂઆ કમિટિના અહેવાલનો અમલ કરવાથી અને પરસ્પરનું સન્માન જળવાય તે રીતે સલામત, સામાજીક વાતાવરણ પૂરૂ પાડવાથી ભવિષ્યની પેઢીઓમાં સમજ ઉભી કરવા માટેની ભૂમિકા રચાશે.

બીજી બાબત એ છે કે આ કારણે આંતરિક મુદ્દાઓ અંગે પણ ધ્યાન ખેંચાયું છે અને બંને તરફ સમજનો જે અભાવ પ્રવર્તે છે તે ઘટાડવા માટે જરૂરી પ્રયાસો થયા છે. લોકોના જૂથો સાથે હળવા-મળવાથી તથા પરસ્પર ચર્ચાથી અંતર ઓછું કરી શકાશે, પરંતુ આવા પ્રયાસો સલામતીની પૂરતી વ્યવસ્થા સાથે હાથ ધરાવા જોઈએ. સલામતી અંગેની આવી બાબતોને અતિશય પ્રમાણમાં લાગુ કરવા માટે પણ સચેત રહેવાની જરૂર છે, કારણ કે માત્ર કાયદાનો અમલ કરનારી એજન્સીઓ પ્રવર્તમાન તિરાડને પૂરી શકશે નહી. જે મુદ્દાઓ ઉદ્દભવે છે તે કાયદો અને વ્યવસ્થાની સમસ્યા બને તે પહેલાં જ તેને હલ કરવા જોઈએ. આ કારણથી જ સામાજીક સંગઠનોની અને બંને પક્ષે પરિવર્તન લાવવા ઈચ્છતા લોકોની સામેલગિરી આવશ્યક બની રહે છે. સરકારી મશીનરી અને કાયદાનો અમલ કરતી સંસ્થાઓ આ પ્રક્રિયામાં સુવિધાઓ ઉભી કરી શકે તેમ છે. અત્યાર સુધી આ કડી ખૂબ જ નબળી રહી છે. ઉદ્દેશ એવો હોવો જોઈએ કે સમાજમાં વ્યાપકપણે સ્થળાંતર કરીને આવતા લોકો સામેની કોઈપણ પ્રકારની ભેદભાવની લાગણીને દૂર કરી શકાય.

**આગળનો માર્ગ**

અંદાજે છેલ્લા ૨૫ વર્ષમાં ભારતના અર્થતંત્રનો અભૂતપૂર્વ વિકાસ થયો છે અને ભારત એક આર્થિક સુપર પાવર તરીકે ઉભરી આવ્યું છે. વધતી જતી આર્થિક તકોને કારણે સમગ્ર દેશમાંથી લોકોને વિકાસગાથાનો હિસ્સો બનવા માટેનું આકર્ષણ ચાલુ રહેશે. આ પરિસ્થિતિમાં ઉત્તર પૂર્વ ભારતમાંથી યુવાનોનું ભારતના અન્ય ભાગોમાં સ્થળાંતર થાય તે સારી નિશાની છે અને તે આ પ્રદેશના પણ હિતમાં છે.

આમ છતાં, સ્થળાંતરની આ સ્થિતિનો ચિંતાજનક ભાગ એ છે કે લોકો સારા શિક્ષણ માટેની માળખાગત સુવિધાઓનો અભાવ, ડગમગતી જાહેર આરોગ્ય વ્યવસ્થા, રાજ્યમાં સાધનોની તંગી, આર્થિક તકોમાં સ્થિરતા, બળવાની પરિસ્થિતિ, ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ વહિવટ વગેરે બાબતો આ વિસ્તારના વિકાસને રૂંધતા હોવા જેવા નકારાત્મક પરિબળોને કારણે સ્થળાંતર કરી રહ્યા છે. મોટા ભાગના યુવાનો

ઉત્કૃષ્ટ શિક્ષણ મેળવવા માટેની સારી શૈક્ષણિક સગવડના અભાવે ઉચ્ચ અભ્યાસની ખેવનાથી જ સ્થળાંતર કરી રહ્યા હોવાની બાબત કઠે છે, કારણ કે શિલોંગ જેવા સ્થળો કે જે આ વિસ્તારના શૈક્ષણિક મથકો ગણાતા હતા તેમનું સ્થાન દિલ્હી, ચેન્નાઈ, પૂના, કોલકતા અને મુંબઈએ છીનવી લીધું છે. આ શહેરોમાં રહેવાનો ખર્ચ ઘણો ઉંચો હોવાના કારણે શિક્ષણ મોંઘુ બની રહ્યું છે. પ્રવાસન, માહિતી ટેકનોલોજી આધારિત સર્વિસીસ, ફૂડ પ્રોસેસીગ, હોસ્પિટાલિટી અને હેલ્થ કેર જેવા ક્ષેત્રોમાં નોકરીઓના અભાવને કારણે આ વિસ્તારમાંથી બ્રેઈન ડ્રેઈન થઈ રહ્યું છે. સ્થળાંતરની આ વિચિત્ર તરાહ આકર્ષણ અને ખેંચાણ બાબતની અસમતુલા દર્શાવે છે અને આ વિસ્તારના અવિકસીતપણાને કારણે તકો પ્રાપ્ત કરવા બાબતે કેટલો મોટો ખર્ચ ભોગવવો પડે છે તે દર્શાવે છે.

ભારત સરકાર દ્વારા ઉત્તર- પૂર્વ ક્ષેત્રના વિકાસ માટેનો વિભાગ અને નોર્થ-ઈસ્ટર્ન કાઉન્સિલની રચના ઉત્તર- પૂર્વના વિકાસના મુદ્દાને હલ કરવા માટેનો એક નક્કર પ્રયાસ બની રહેશે. આ વિસ્તારમાં માર્ગો અને રેલવે સુવિધાઓમાં સુધારા, આંતરિક જળ માર્ગો અને એર કનેક્ટીવિટી તથા કોમ્યુનિકેશન નેટવર્ક જેવી માળખાગત સુવિધાઓ સુધારવા માટેનો સરકારનો પ્રયાસ એ માઈક્રો, નાના અને મધ્યમ કદના એકમોને પ્રોત્સાહન માટેનું એક આવકાર્ય પગલું છે. સરકારની Look East ગ્રોથ એન્જીન પૂરૂ પાડીને આ વિસ્તારનું વિકાસ દ્વારા પરિવર્તન કરવાની ક્ષમતા ધરાવે છે. તેનાથી દેશના અન્ય ભાગમાંથી વેપારનો પ્રવાહ ચાલુ થવાની સાથે સાથે ગ્રોથ સેન્ટર્સ ઉભા થશે.

વિવિધ પ્રકારની પહેલ હાથ ધરીને ઉત્તર- પૂર્વ ભારત તરફ નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવાની સરકારની નીતિની સફળતાનો આધાર આ યોજનાના યોગ્ય અમલીકરણ ઉપર આધારિત રહેશે.

પ્રધાન મંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો "તમામ પ્રદેશોનો વિકાસ થશે ત્યારે ભારતનો વિકાસ થશે. ઉત્તર-પૂર્વનો વિસ્તાર વિકસી શકે નહી તે માટે મને કોઈ કારણ જણાતું નથી." આ આશાવાદને આ વિસ્તારના લોકોએ આવકારીને ઉત્તર- પૂર્વની અત્યાર સુધી જે અવગણના થઈ હતી, તે પછી વિકાસના યુગનું સ્વાગત કરવું જોઈએ.

કદાચ સવાલ એ છે કે "આપણે કઈ રીતે ઉત્તર-પૂર્વને મુખ્ય પ્રવાહમા લાવી શકીએ?" તે સવાલ હવે બીબાઢાળ થઈ ગયો છે.

**લેખક તામિલનાડુ સરકારના એગ્રીકલ્ચર, માર્કેટીંગ અને એગ્રી-બિઝનેસના કમિશ્નર છે.**

**E-mail**

**sjchiru@gmail.com**

**અમારું નવું સરનામું**

**એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.**
**ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.**

**Our New Address**

A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.
Phone : 079-2658 8669, 2658 1450.

**આગામી આકર્ષણ**

**જૂન-૨૦૧૮**

**ભારત પ્રગતિના પંથે**

**"INDIA ON THE MOVE"**

# માતા, નવજાત અને શિશુ સ્વાસ્થ્ય માટે ભાગીદારી

પાર્ટનરશીપ ફોર મેટરનલ, ન્યૂબોર્ન એન્ડ ચાઈલ્ડ હેલ્થ(પીએમએનસીએચ) અર્થાત્ માતા, નવજાત અને શિશુ સ્વાસ્થ્ય માટે ભાગીદારી એ ૭૭ દેશોમાં ૧૦૦૦થી વધુ સંગઠનોનું જોડાણ છે. આ બહુ-ક્ષેત્રીય ભાગીદારીનું વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નેજા હેઠળ સંચાલન કરવામાં આવે છે અને તેનું વડુમથક સ્વિટ્ઝર્લેન્ડના જીનેવા ખાતે ઉભું કરવામાં આવ્યું છે. આ ભાગીદારી માતા, નવજાત અને શિશુ તેમજ કિશોરોના સ્વાસ્થ્યમાં સુધારો કરવા માટે તેમના સહયોગી સંગઠનોના હેતુઓ, વ્યૂહરચનાઓ અને સ્ત્રોતો એકરૂપ કરવા અને તે બાબતોમાં હસ્તક્ષેપ કરવા માટે સંમતિ આપવાનું એક મંચ પૂરું પાડે છે.

પીએમએનસીએચ તેમના સભ્યો સાથે પ્રજનનક્ષમ, માતા, નવજાત અને શિશુ સ્વાસ્થ્ય (આરએમએનસીએચ) સમુદાયો સાથે તમામ ૧૦ ક્ષેત્રોમાં કામ કરે છે. આ દસ ક્ષેત્રોમાં – ૧. ભાગીદાર દેશો; ૨. દાતા અને સંગઠનો; ૩. આંતર-સરકારી સંગઠનો; ૪.- બિન-સરકારી સંગઠનો; ૫. શૈક્ષણિક, રિસર્ચ અને તાલિમ સંસ્થાઓ; ૬. કિશોરીઓ અને યુવા; ૭. સ્વાસ્થ્ય સંભાળ પ્રોફેશનલ એસોસિએશનો; ૮. ખાનગી ક્ષેત્રના ભાગીદારો; ૯. યુએન એજન્સીઓ અને ૧૦. વૈશ્વિક ફાઈનાન્સિંગ મિકેનિઝમ્સનો સમાવેશ થાય છે.

આ ભાગીદારીની રચના વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી હતી, જેમાં ત્રણ સંગઠનોના ૮૦ સભ્યો એકબીજા સાથે સંકળાયા હતા. તેમાં મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ (એમડીજી) જેમાં ખાસ કરીને પાંચ વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુદર અને પ્રસૂતિ દરમિયાન મહિલાઓના મૃત્યુદરમાં ઘટાડો કરવા માટેના ખાસ એમડીજી ૪ અને ૫ લક્ષ્યો હાંસલ કરવામાં મદદ મળી રહે તે માટે મજબૂત લાઈનદોરી અને સર્વસંમતિના આદેશ સાથે, સલામત માતૃત્વ અને નવજાતનું સ્વાસ્થ્ય, સ્વસ્થ નવજાત ભાગીદારી અને બાળ અનુજીવન (ચાઈલ્ડ સર્વાઈવલ) ભાગીદારીનો સમાવેશ થાય છે. આ ભાગીદારીમાં મુખ્યત્વે મહિલાઓ અને કિશોરીઓની જાતીય અને પ્રજનનક્ષમ સ્વાસ્થ્ય જરૂરિયાતો, ગર્ભાવસ્થામાં સંભાળ, સલામત પ્રસૂતી, નવજાતનું પ્રથમ સપ્તાહ અને નવજાતના પ્રારંભિક વર્ષોમાં સંખ્યાબંધ વૈવિધ્યસભર સારવારોના અખંડ પ્રવાહ આપવાના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવામા આવ્યું છે.

### વિઝન અને મિશન

જ્યાં દરેક મહિલા, બાળક અને કિશોરીને દરેક ગોઠવણમાં તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીના અધિકારોની ખબર પડે, તેમની પાસે સામાજિક અને આર્થિક તકો હોય અને સમૃદ્ધ તેમજ ટકાઉ સમાજનું ઘડતર કરવામાં સંપૂર્ણપણે તેઓ ભાગ લેવા માટે સમર્થ હોય એવી દુનિયાની રચના કરવી.

આ ભાગીદારીનું મૂળ મિશન બહુ-ભાગીદારો વાળું એક મંચ તૈયાર કરી તમામ ભાગીદારોની તેમાં સહભાગિતા, એકરૂપતા અને જવાબદારી વધારવાનું છે, જેથી મહિલાઓ, બાળકો અને કિશોરીઓના સ્વાસ્થ્ય માટે વૈશ્વિક વ્યૂહરચનાના સફળ અમલીકરણમાં મદદ મળી શકે અને તેના ભાગીદારો એકલા રહીને આ દિશામાં જે કંઈપણ કરી શકે તેની તુલનાએ સાથે મળીને કંઈક વધુ હાંસલ કરી શકે.

આ ભાગીદારી પાસે કોઈપણ જગ્યાએ મહિલાઓ, નવજાતો, બાળકો અને કિશોરીઓના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં સુધારો લાવવાની દિશામાં જવાબદાર બહુ-ભાગીદારી પ્રવૃત્તિઓમાં સહભાગિતા, એકરૂપતા અને તેને જાળવી રાખવા માટે મહત્વપૂર્ણ આદેશ છે. આ ભાગીદારીમાં તેમની પાયાની મજબૂતીઓ –એકરૂપતા, વિશ્લેષણ, સમર્થન અને જવાબદારી (એલાઈન્મેન્ટ, એનાલિસિસ, એડવોકેસી અને એકાઉન્ટિબલિટી) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ ચાર 'એ' એવરી વૂમન એવરી ચાઈલ્ડ મૂવમેન્ટમાં યોગદાન આપવા અને તમામ ભાગીદારોને વર્ષ ૨૦૩૦ સુધીમાં પોતાના લક્ષ્યો પર પ્રાથમિકરૂપે ધ્યાન કેન્દ્રિત કરીને વૈશ્વિક વ્યૂહરચનાના સંખ્યાબંધ લક્ષ્યોની સંપૂર્ણ રેન્જ હાંસલ કરવા માટે પૂરતો સહકાર આપવા માટે છે. આ લક્ષ્યોમાં – ૧. વૈશ્વિક માતૃ મૃત્યુદર ઘટાડીને ૭૦ સુધી લાવવો અથવા

પ્રત્યેક ૧,૦૦,૦૦૦ જીવિત જન્મએ મૃત્યુની સંખ્યા ઘટાડવી [SDG3.1], ૨. દરેક દેશમાં નવજાતના મૃત્યુની સંખ્યા ઘટાડીને ૧૨ સુધી લાવવી અથવા પ્રત્યેક ૧,૦૦૦ જીવિત મૃત્યુની સંખ્યા ઘટાડવી [SDG3.2], ૩. દરેક દેશમાં પાંચ વર્ષથી નાના બાળકોના મૃત્યુની સંખ્યા ઘટાડીને ૨૫ કરવી અથવા પ્રત્યેક ૧,૦૦૦ જીવિત જન્મએ મૃત્યુની સંખ્યા ઘટાડવી [SDG3.2] અને ૪. જાતીય અને પ્રજનનક્ષમ સ્વાસ્થ્ય માટે સર્વવ્યાપી પહોંચ ઉભી કરવી અને પ્રજનન અંગેના અધિકારો સૌના સુધી પહોંચાડવા [SDG3.7/5.6]; ૫. કુટુંબ નિયોજનની કમસેકમ ૭૫ ટકા માંગ અદ્યતન ગર્ભનિરોધકો સાથે પૂરી થાય તે સુનિશ્ચિત કરવું.

**ભાગીદારોની ફોરમ**

ભાગીદારોની ફોરમ પીએમએનસીએચ – 'ધ પાર્ટનરશીપ'નું વિશેષ નિર્ણયાક સંગઠન છે જે તમામ ક્ષેત્રો અને સભ્યો દ્વારા બનેલું છે અને દર બે વર્ષે યોજાતી વૈશ્વિક માતા, નવજાત અને શિશુ સ્વાસ્થ્ય કોન્ફરન્સમાં તેની પણ મિટિંગ યોજવામાં આવે છે.

આ ફોરમની મિટિંગ આ સમગ્ર મિશનની કટીબદ્ધતાઓ અને 'ધ પાર્ટનરશીપ' (ભાગીદારી)ના હેતુઓમાં સુધારા માટે નિયમિતધોરણે એક વૈશ્વિક મંચ પૂરો પાડે છે, જેથી વૈશ્વિક ધોરણે ઉચ્ચ સ્તરીય સમર્થન મળી શકે અને 'ધ પાર્ટનરશીપ'ની વ્યૂહરચના તેમજ પ્રાથમિકતાઓ અંગે વ્યાપક સર્વસંમતિ હાંસલ કરી શકાય.

ભાગીદારોની ફોરમમાં દરેક ક્ષેત્રીય ગ્રૂપમાંથી પ્રતિનિધીઓ આવીને બોર્ડની કામગીરીઓમાં ભાગ લે છે; તેઓ તમામ સભ્યોની ભાગીદારીની કટીબદ્ધતાઓ અને હેતુઓને વધુ મજબૂત બનાવે છે અને તેમાં વધારો કરે છે તેમજ ઉચ્ચ સ્તરીય રાજકીય કટીબદ્ધતા પણ જાળવીને તેને આગળ ધપાવે છે. તેઓ માહિતી અને અનુભવોનો સક્રિયપણે આદાનપ્રદાન દ્વારા યોજનાઓ અને પ્રવૃત્તિઓને વધુ સુદ્રઢ બનાવે છે. તે કોઈપણ વિશેષ તકો અને અવરોધો પર પણ પ્રકાશ પાડે છે જેથી બોર્ડના ધ્યાનમાં પણ તે વાત આવી શકે. અત્યાર સુધીમાં ત્રણ વખત ભાગીદારોની ફોરમનું આયોજન કરવામાં આવ્યું છે : ૨૦૦૮માં તાન્ઝાનિયામાં, ૨૦૧૦માં ભારતમાં અને ૨૦૧૪માં દક્ષિણ આફ્રિકામાં.

વર્તમાન સમયમાં, આ બોર્ડના ચેરપર્સન તરીકે શ્રીમતિ ગ્રેસા મેકેલ આરૂઢ છે. આફ્રિકા પ્રોગ્રેસ પેનલ અને સંયુક્ત રાષ્ટ્ર સચિવ-જનરલના મિલેનિયમ ડેવલપમેન્ટ લક્ષ્ય સમર્થન ગ્રૂપમાં તેમના યોગદાનની વ્યાપક ધોરણે પ્રશંસા કરવામાં આવી છે. આ બોર્ડમાં સહ-ચેરપર્સન તરીકે ભારત સરકારના શ્રી સી.કે. મિશ્રા અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડૉ. ફ્લેવિઆ બસ્ટ્રીઓ આરૂઢ છે.

**તાજેતરની પ્રવૃત્તિઓ -**

૧૩૮મી આંતર-સંસદીય યુનિયન (આઈપીયુ) ધારાસભાનું આયોજન તા ૨૫ થી ૨૮ માર્ચ ૨૦૧૮ દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડના જીનેવા ખાતે કરવામાં આવ્યું હતું. પીએમએનસીએચ દ્વારા આઈપીયુ અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)ના સહયોગથી, 'એન્શ્યોરિંગ એકાઉન્ટિબલિટી એન્ડ ઓવરસાઈટ ફોર એડલસેન્ટ હેલ્થ' (કિશોરીઓના સ્વાસ્થ્ય માટે જવાબદારી સુનિશ્ચિત કરવી અને તેના તેના પર દેખરેખ) સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

'માતા, નવજાત અને શિશુ સ્વાસ્થ્ય (પીએમએનસીએચ)'ના પ્રતિનિધીમંડળમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી. નડ્ડા અને ચિલીના ભૂતપૂર્વ પ્રમુખ અને પીએમએનસીએચના આગામી બોર્ડ ચેર ડૉ. મિશેલ બેચલેટનો સમાવેશ થાય છે જેમણે ૧૧ એપ્રિલ ૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. આ સમયે વડાપ્રધાને પીએમએનસીએચ ફોરમમાં કાયમી સ્થાન માટે હર્ષભેર સંમતિ દર્શાવી હતી અને ફોરમનો લોગો પણ અપનાવ્યો હતો.

આગામી ભાગીદારોની ફોરમનું આયોજન ૧૨ અને ૧૩ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે કરવામાં આવશે. વૈશ્વિક વિકાસ કેલેન્ડરમાં એક મહત્વની ઘટના તરીકે, ભાગીદારોની ફોરમ એવરી વૂમન એવરી ચાઈલ્ડ ગ્લોબલ સ્ટ્રેટેજી ફોર વૂમન્સ, બાળકો અને કિશોરીઓનું સ્વાસ્થ્ય (૨૦૧૬-૨030) અને ૨૦૩૦મા ટકાઉક્ષમ વિકાસ લક્ષ્યોના વ્યાપક અમલીકરણ અને તેને સિદ્ધ કરવા માટે દેશમાં ગતિવિધી વધુ તેજ થાય તે દિશામાં પ્રયાસ કરશે.

પ્રગતિની દિશામાં એક મહત્વના વર્ષ તરીકે ૨૦૧૮ને ગણાવીને, ભાગીદારોની ફોરમ મહિલા, બાળકો અને કિશોરીઓ માટે સહિયારા આર્થિક લક્ષ્યોમાં બહુ-ભાગીદારોની સહાય માટે અને વૈશ્વિક આર્થિક સુવિધા (જીએફએફ) અર્થાત્ ગ્લોબલ ફાઈનાન્સિંગ ફેસિલિટીને પરિપૂર્ણ કરવાની હાકલ વધુ અસરકારક બનાવવાની દિશામાં કામ કરશે. ભાગીદારોની ફોરમ ૨૦૧૭ સ્વતંત્ર જવાબદારી પેનલ (આઈએપી) અર્થાત્ ૨૦૧૭ ઈન્ડિપેન્ડેન્ટ એકાઉન્ટિબલિટી પેનલ દ્વારા નવી પ્રકાશિત ભલામણો સાથે વધુ તાલમેલ બેસાડવા અને વર્ષ ૨૦૨૦ ઈડબ્લ્યુઈસી ભાગીદારોના ફ્રેમવર્ક અંતર્ગત કરાયેલી પ્રગતિની સંયુક્ત સમીક્ષા માટે સહિયારો મંચ આપવાની દિશામાં પણ કામ કરશે.

*Now available*

# INDIA 2018




A Comprehensive Digest for Government of India's policies, programmes and achievements

**Also available as eBook on amazon.in, play.google.com**

**PUBLICATIONS DIVISION**
**Ministry of Information & Broadcasting**
**Government of India**

Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi-110003

For placing order online
please visit: www.bharatkosh.gov.in
website: www.publicationsdivision.nic.in
or please contact:
Phone: 011-24367453, 24367260, 24365609,
e-mail: pdjucir@gmail.com, businesswng@gmail.com

Please visit our Book Gallery at Soochna Bhawan

@ DPD_India
www.facebook.com/publicationsdivision
www.facebook.com/yojanaJournal

પ્રકાશન તા. ૨૬ એપ્રિલ, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ મે, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), May 2018** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની,
ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની
બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ,
થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.

## નીચેના પુસ્તકો ૫૦ થી ૯૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.

**Regional Office :** Yojana Office, Publications Division, Ministry of Information & Broadcasting, Government of India, A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.

**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**

Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.